दैनिक
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 28 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 February 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૩ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



PURE VEG JAIN

# JAPAN

Perfect balance of culture, nature & city life

10 NIGHTS 11 DAYS

TOKYO, HAKONE NAGOYA, KYOTO, KOBE, HIROSHIMA, OSAKA



Cherry Blossom



Alpine Route Tour

World famous Tateyama Kurobe Alpine Route

11 NIGHTS 12 DAYS

TOKYO, HAKONE, NAGOYA, KYOTO, OSAKA,HIROSHIMA KOBE, NAGANO, TATEYAMA, TOYAMA

HAPPY TO ANNOUNCE WE HAVE CROSSED 500 BOOKINGS FOR 2026 TOURS!!
MORE TO COME.. HURRY BEFORE ALL TOURS ARE SOLDOUT!!

## ચેરી બ્લોસમ ટુર અને એલ્પાઇન ટુર ની ખાસ વિશેષતાઓ જે ફોરમ સાથેજ સંભવ

ચેરી બ્લોસમની મોહક ઋતુમાં જાપાનની સંસ્કૃતિ, પ્રકૃતિ અને આધુનિક શહેરોની અદભૂત અનુભૂતિ સાથે બરફની દિવાલો, પર્વતોની ભવ્યતા અને વિશ્વપ્રસિદ્ધ એલ્પાઇન રૂટનો અનોખો અનુભવ

- વર્લ્ડ ક્લાસ એર લાઇન્સ માં મુસાફરી
- સ્ટાર્ટ થી એન્ડ મહારાજ દ્વારા સ્વાદિષ્ટ ભોજન - lunch & dinner
- Todaiji Temple અને Nara Deer Park
- PAID CHERRY BLOSSOM SPOTS ની મુલાકાત
- Hakone રોપવે સાથે Lake આશી ક્રુઝ
- Osaka Aquarium - જાપાન પૂરતું નહીં, વિશ્વના સૌથી વિશાળ એકવેરિયમ
- KOBE EARTHQUAKE MUSEUM
- 2 બુલેટ ટ્રેન ની મુસાફરી - ફક્ત ફોરમ સાથેજ સંભવ
- કિમોનો ડ્રેસિંગ નો અનુભવ - ફક્ત ફોરમ સાથે
- 3 બુલેટ ટ્રેન ની મુસાફરી - Alpine Route
- એલ્પાઇન રુટ ની ટુર માં Snow Monkey ટુર
- Tokyo Sky Tree (450m) Top Level
- TIPS, VISA, INSURANCE
- ઓસાકા CASTLE (from inside)
- MT FUJI - લેવલ 5

- Umeda Sky Tower
- બામ્બુ Forest
- શિંજુકુ ગાર્ડન
- Imperial Palace
- આસાકુસા ટેમ્પલ
- સુમિદા રિવર ક્રુઝ
- 3D Team Labs - ના કે ખાલી ટિમ લેબ્સ
- શિરાકાવા-ગો Village
- Matcha Tea Making






16 CONFIRM DEPARTURES
MAR : 19,21,23,24,25,26,31
APR : 2,5,8,11,16,20,28 | MAY : 10,22

DINESH 8591728602 | BHAKTI 9321236935 | JAY 9167008678 | DHRUV 8169369686
HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000
WWW.FORAMWORLDWIDE.COM I INFO@FORAMWORLDWIDE.COM I FOLLOW US ON

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 28 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 February 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૩ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રૂપિયો મજબૂત થયોઃ શૅરબજારમાં ફરી તેજી

## ક્રૂડ તેલના ભાવ તૂટતાં ડૉલર સામે ૪૪ પૈસાનો ઉછાળો, સેન્સેક્સ ૯૪૩.૫૨ પૉઈન્ટ વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં ૪.૪૬ ટકા આસપાસ કડાકો બોલાઈ જતાં તેની સકારાત્મક અસર સ્થાનિક ફોરેક્સ માર્કેટ પર તેમ જ ઈક્વિટી માર્કેટ પર પણ જોવા મળી હતી. જેમાં ડૉલર સામે રૂપિયો ૪૪ પૈસા ઊંચકાઈને ૯૧.૪૯ના મથાળે રહ્યો હતો. જોકે, ઈક્વિટી માર્કેટમાં ક્રૂડતેલના વાયદામાં ઘટાડા ઉપરાંત નાણાં પ્રધાને રજૂ કરેલા નાણાકીય વર્ષ ૨૦૨૭ના અંદાજપત્રની રજૂઆતમાં એફ ઍન્ડ ઓ સેગ્મેન્ટમાં સિક્યોરીટી ટ્રાન્ઝેક્શન ટૅક્સમાં વધારો જાહેર કરતાં બૅન્ચમાર્કમાં કડાકા બોલાઈ ગયા બાદ આજે ઘટ્યા મથાળેથી ખાસ કરીને ઑઈલ અને ગૅસ, બૅન્કિંગ અને ઑટો ક્ષેત્રના શૅરોમાં વૅલ્યૂ બાઈંગ નીકળતા બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના બંધ સામે ૧.૧૭ ટકા અથવા તો ૯૪૩.૫૨ પૉઈન્ટ વધીને ૮૧,૬૬૬.૪૬ની સપાટીએ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૧.૦૬ ટકા અથવા તો ૨૬૨.૯૫ પૉઈન્ટ વધીને ૨૫,૦૮૮.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૧.૯૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૧.૯૫ના મથાળે ખૂલ્યા બાદ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૪.૪૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૬.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને ઉપરમાં ૯૧.૪૫ સુધી મજબૂત થયા બાદ સત્રના અંતે આગલા બંધ સામે ૪૪ પૈસાના સુધારા સાથે ૯૧.૪૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ક્રૂડતેલના વાયદામાં ઘટાડા ઉપરાંત ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ બજારમાં હસ્તક્ષેપ કરતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે રૂ. ૫૮૮.૩૪ કરોડની અને આજે રૂ. ૧૮૩૨.૪૬ કરોડની ઈક્વિટીમાં ચોખ્ખી

(જુઓ પાનું ૨) ▸▸

## મમતા મુખ્ય ચૂંટણી કમિશનરને મળ્યાં

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી વિરોધ દર્શાવવા કાળી શાલ પહેરીને મતદારયાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)થી અસરગ્રસ્ત કુટુંબો અને પક્ષના નેતાઓ સાથે ચૂંટણી પંચના મુખ્ય કમિશનર જ્ઞાનેશ કુમારને મળ્યાં હતાં. ગયા અઠવાડિયે જ્ઞાનેશે મમતાને સોમવારે મળવાનો સમય આપ્યો હતો. મમતા ચૂંટણી નજીક છે એવા બંગાળમાં સરને અટકાવવાની માગણી કરી રહ્યાં છે.

મમતા રવિવારે દિલ્હી પહોંચી ગયાં હતાં. તેમની સાથે તૃણમૂલ કૉંગ્રેસના સંસદસભ્ય અભિષેક બેનરજી અને કલ્યાણ બેનરજી હતા. કલ્યાણ બેનરજી ઍડવોકેટ છે. દિવસની શરૂઆતમાં પત્રકારો સાથે વાતચીત કરતાં મમતાએ આક્ષેપ કર્યો હતો કે બંગાળના લોકો તેમની સમસ્યા જણાવવા દિલ્હી આવ્યા છે, પરંતુ તેમને ધમકી અપાઈ રહી છે. (એજન્સી)

## વિકાસદર સાતથી આઠ ટકા રાખવા પ્રયાસ કરાશેઃ નાણાં પ્રધાન

નવી દિલ્હીઃ સાતથી આઠ ટકાનો ટકાઉ અને લાંબાગાળાનો વિકાસદર રાખવાની સરકારની ટોચની પ્રાથમિકતા હશે કેમ કે તેને કારણે દેશના તમામ નાગરિકોને લાભ થશે અને વધુ રોજગારનું નિર્માણ થશે, એમ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સોમવારે કહ્યું હતું.

કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કર્યા બાદ દેશના વિવિધ પ્રદેશમાંથી આવેલા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે જો આર્થિક વિકાસદર સારો હશે તો તેનાં ફળ તમામ નાગરિકો સુધી પહોંચશે. આ કારણે જ વિકાસદર અમારી પ્રાથમિકતા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે એ સ્તરે લાંબો સમય ટકી રહેવા આપણે

(જુઓ પાનું ૨) ▸▸

ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના

## મહારાષ્ટ્ર સરકાર, મુંબઈ મહાપાલિકા પાસે જવાબ માગતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ મૂળભૂત રીતે પાર્ક, ગાર્ડન અને પ્લે ગ્રાઉન્ડ માટે આરક્ષિત રાખેલા પ્લોટ પર ઝૂંપટપટ્ટીવાસીઓનાં પુનર્વસનની યોજનાને પરવાનગી આપતા બૉમ્બે હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી અરજીને મામલે સુપ્રીમ કોર્ટે સોમવારે મહારાષ્ટ્ર સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન ઑફ ગ્રેટર મુંબઈ (એમસીજીએમ) સહિત અન્યો પાસે જવાબ માગ્યા હતા.

ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના અંગેના નિયમોની યોગ્યતાને માન્ય કરતાં બૉમ્બે હાઈ કોર્ટે ૧૯ જૂન ૨૦૨૫ના આપેલા સીમાચિહ્નરૂપ ચુકાદામાં આશ્રિતોના બંધારણીય અધિકારને સુરક્ષા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ડેવલપમેન્ટ કંટ્રોલ ઍન્ડ પ્રમોશન રેગ્યુલેશન (ડીસીપીઆર) ૨૦૩૪ની કલમ ૧૭ (૩) (ડી) (૨)ની યોગ્યતાને સુપ્રીમ કોર્ટે માન્ય રાખી હતી.

આરક્ષિત પ્લોટનો અમુક હિસ્સો જાહેરજનતા માટે અનામત રાખવામાં આવે તેવા સંજોગોમાં આ નિયમ મૂળભૂત રીતે પાર્ક, ગાર્ડન અને પ્લે ગ્રાઉન્ડ માટે આરક્ષિત

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાત સહિત ૧૨ રાજ્યને ધર્માંતર-વિરોધી કાયદા માટે નોટિસ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ, અરુણાચલ પ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડ, હરિયાણા, મધ્ય પ્રદેશ, કર્ણાટક અને હિમાચલ પ્રદેશને ધર્માંતરવિરોધી કાયદા બદલ નોટિસ મોકલાવી છે. નેશનલ કાઉન્સિલ ઑફ ચર્ચીસ ઈન ઈન્ડિયા (એનસીસીઆઈ) ધર્માંતરવિરોધી કાયદાની કાયદેસરતાને પડકારતી જનહિત અરજી કરી હતી. આ અરજી પર સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને બાર રાજ્યોનો જવાબ માગ્યો છે. કાઉન્સિલનાં વકીલ એડવોકેટ મીનાક્ષી અરોરાએ રાજ્યના આ કાયદાના અમલ પર મનાહુકમ આપવાની દાદ ચાહી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ

(જુઓ પાનું ૨) ▸▸

## સુરતમાંથી પાંચ જણ સાયબર કૌભાંડમાં પકડાયા

ભુવનેશ્વરઃ ઑનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ કેસમાં કથિત સંડોવણી બદલ ગુજરાતના સુરતની પાંચ અને પંજાબના લુધિયાણાની એક વ્યક્તિ સહિત છ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીઓએ સોમવારે કહ્યું હતું.

કેસને મામલે ઓડિશા પોલીસની ગુના શાખાએ આંધ્ર પ્રદેશની વ્યક્તિની ધરપકડ કરી હોવાનું જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે ધરપકડ કરાયેલી વ્યક્તિને ૩૯ વર્ષના વેદગીરી શ્રીનિવાસ રાવ તરીકે ઓળખી કાઢવામાં આવી હતી. શ્રીનિવાસ આંધ્ર

(જુઓ પાનું ૨) ▸▸

## ચીનની કહેવાતી ઘૂસણખોરીને મુદ્દે લોકસભામાં ધાંધલધમાલ

નવી દિલ્હીઃ સંસદના ચાલુ બજેટ સત્રનો ચોથા દિવસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ડોકલામમાં ચાર ચીની ટેન્ક ભારતીય ક્ષેત્રમાં લગભગ ૧૦૦ મીટર ઘૂસી ગઈ હતી.

એ વખતે રાજનાથ સિંહ ઊભા થઈ ગયા હતા અને એમણે મુદ્દાસર વાત ન કરવા બદલ રાહુલનો વિરોધ કર્યો ત્યાર બાદ લોકસભામાં જોરદાર કોલાહલ શરૂ થયો હતો.

ડોકલામ પર પૂર્વ આર્મી ચીફ નરવણેના પુસ્તકનો ઉલ્લેખ કરીને સ્પીકરે રાહુલ ગાંધીને

(જુઓ પાનું ૨) ▸▸

## નર્મદાના બરગી બંધમાં ભંગાણ

જબલપુરઃ નર્મદાના બરગી બંધના જમણા તટની નહેરમાં ભંગાણ પડતાં મધ્ય પ્રદેશના જબલપુર જિલ્લાનાં ખેતરોમાં પૂર આવી ગયું છે, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે નર્મદા નદી પર બાંધવામાં આવેલા બરગી બંધના તટની જમણી નહેરમાં ભઅંગાણ પડ્યું છે. અધિકારીઓએ કહ્યું હતું કે કોઈ જાનહાનિ થઈ નથી.

સરકારે ચાર મહિના પહેલાં બરગી બંધને સંપૂર્ણ સલામત જાહેર કર્યો હતો. સરકારની જાહેરાત પહેલાં એક વીડિયો વાઈરલ થયો હતો જેમાં ગળતર જોવા મળ્યું હતું અને

(જુઓ પાનું ૨) ▸▸

## કાશ્મીરમાં ભૂકંપ

જમ્મુઃ કાશ્મીરની ધરા સોમવારે વહેલી સવારે ભૂકંપના આચંકાથી ધ્રૂજી ઊઠી હતી. કાશ્મીરમાં સોમવારે સવારે ૫-૩૫ વાગ્યે આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૬ નોંધવામાં આવી હતી. ભારત અને પાકિસ્તાનના કેટલાક વિસ્તારોમાં ભૂકંપની ધણધણાટી અનુભવાઇ હોવાના અહેવાલ છે.

આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉત્તર કાશ્મીરના બારામુલ્લામાં જમીનથી ૧૦ કિ.મી. નીચે નોંધવામાં આવ્યું હતું. ગાત્રો થીજવતી ઠંડીમાં ઘરોમાં સૂઇ રહેલા લોકો ભૂકંપ આવતા બહાર દોડી આવ્યા હતા. જો કે ભૂકંપના કારણે કોઇ જાનહાનિ થયાના અહેવાલ નથી.

## મહારાષ્ટ્ર સહિત ૧૦ રાજ્યમાં ૩૫ સ્થળે સીબીઆઈના દરોડા

નવી દિલ્હીઃ સાયબર ગુના પર બહુરાષ્ટ્રીય તવાઈ આવી ત્યાર બાદ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ મહારાષ્ટ્ર સહિત દસ રાજ્યના ૩૫ સ્થળે દેશવ્યાપી દરોડા પાડીને કથિત સાયબર ગુનેગારની ધરપકડ કરી હતી. સીબીઆઈએ ઑપરેશનનું નામ સાયસ્ટ્રાઈક રાખ્યું હતું અને અમેરિકા, યુનાઈટેડ કિંગડમ, કુવૈત, આયર્લેન્ડને સિંગાપોરની કાયદાકીય એજન્સીઓ સાથે સંકલન કરીને ઑપરેશન શરૂ કર્યું હતું. સીબીઆઈના અધિકારીઓએ દિલ્હી, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ,

(જુઓ પાનું ૨) ▸▸

## શેખ હસીનાને દસ વર્ષની જેલ

ઢાકા : બાંગ્લાદેશની અદાલતે બે અલગ ભ્રષ્ટાચાર કેસમાં પદભ્રષ્ટ કરાયેલાં વડાં પ્રધાન શેખ હસીનાને દસ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ કેસ સરકારી હાઉસિંગ પ્રોજેક્ટમાં જમીનની ફાળવણીમાં ગેરરીતિના હતા.

ઢાકાની ખાસ અદાલતના જજે રાજધાનીની સીમાએ આવેલા પૂર્વાંચલના ન્યૂ ટાઉન પ્રોજેક્ટમાં હસીનાની ભત્રીજી અને યુનાઈટેડ કિંગડમના મજૂર પક્ષનાં સંસદસભ્ય તથા બ્રિટનના ભૂતપૂર્વ પ્રધાન તુલિપ સિદ્દીક સહિત

(જુઓ પાનું ૨) ▸▸


## દલાઈ લામાને ગ્રેમી અવૉર્ડ મળતા ચીન ગુસ્સે થયું

નવી દિલ્હીઃ દલાઈ લામાને ગ્રેમી અવૉર્ડ અપાતાં ચીન ગુસ્સે ભરાયું હતું અને કહ્યું હતું કે ચીન આનો મક્કમપણે વિરોધ કરે છે.

તિબેટના આ આધ્યાત્મિક નેતા તેમને મળેલી ઓળખનો ઉપયોગ ચીનવિરોધી પ્રવૃત્તિઓ કરવા માટે કરે છે, એમ ચીને કહ્યું હતું.

તેમના સ્પોકન વર્ડ આલ્બમ, મેડિટેશન્સઃ ધ રિફ્લેક્શન ઑફ હીઝ હોલીનેસને શ્રેષ્ઠ ઓડિયો બુક, નેરેશન અને સ્ટોરીટેલિંગ રેકોર્ડિંગ શ્રેણીમાં રવિવારે લૉસ ઍન્જલસમાં યોજાયેલા ૬૮મા

(જુઓ પાનું ૨) ▸▸




હિમાચ્છાદિત પ્રદેશઃ નવેસરથી હિમવર્ષા બાદ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગનું કેદારનાથ ધામ, ચમોલી જિલ્લાનું બદરીનાથ મંદિર.(પીટીઆઈ)

## પાકિસ્તાનના ૨૦૦ સૈનિક માર્યા હોવાનો બલૂચ ક્રાંતિકારીઓનો દાવો

લાહોરઃ બલૂચ ક્રાંતિકારીઓએ પાકિસ્તાનના ૨૦૦ સૈનિક માર્યા હોવાનો દાવો કર્યો હતો. ૪૮ કલાકથી વધુ સમયથી ઓપરેશન હેરોફ ફેઝ ૨ ચાલી રહ્યું છે. બલોચ લિબરેશન આર્મી (બીએલએ) બલુચિસ્તાનની સાથે શાલ અને નોશકી સહિત અનેક જિલ્લાઓમાં નિયંત્રણ જાળવી રાખવાનો દાવો કરી રહી છે.

બલોચ લિબરેશન આર્મી (બીએલએ) ના પ્રવક્તા જીયાંદ બલોચ દ્વારા ૧ ફેબ્રુઆરીના રોજ જારી કરાયેલા નિવેદન અનુસાર, ક્રાંતિકારીઓ અનેક વિસ્તારોમાં સ્થાન જાળવી

(જુઓ પાનું ૨) ▸▸

## ચીન ડર્યુંઃ ગ્વાદર બંદરની બધી કામગીરી સ્થગિત કરી

ગ્વાદરઃ ચીને પાકિસ્તાનના વ્યૂહાત્મક બંદર શહેર ગ્વાદરમાં તમામ ભૂમિ કામગીરી અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે અને તેના તમામ કર્મચારીઓને પાછા ખેંચી લીધા છે. આ પાકિસ્તાન માટે એક મોટો ફટકો છે, કારણ કે ચીને બલૂચિસ્તાનમાં અબજો ડૉલરનું રોકાણ કર્યું છે, જેનો બલૂચ બળવાખોરો વિરોધ કરી રહ્યા છે. બલૂચ દ્વારા આ હુમલો

(જુઓ પાનું ૨) ▸▸

## આઈએસઆઈ હેડક્વાર્ટર ફૂંકી મરાયું

બલૂચિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી અને પાકિસ્તાની સેના વચ્ચેનો સંઘર્ષ અત્યારસુધીના સૌથી હિંસક વળાંક પર પહોંચી ગયો છે.

બલૂચ લિબરેશન આર્મીની મજીદ બ્રિગેડે આ વખતે મહિલા ફિદાયીનોને અગ્રિમ હરોળમાં ઉતારીને પોતાની રણનીતિમાં મોટો ફેરફાર કર્યો છે. આસિફા મેંગલ અને હવા બલૂચ જેવી મહિલા લડાયકોના આત્મઘાતી હુમલાઓએ માત્ર પાકિસ્તાની સેના અને આઇએસઆઇને ભારે નુકસાન પહોંચાડ્યું નથી, પરંતુ આ સંઘર્ષને એક નવા અને વધુ ઘાતક વળાંક પર લાવી દીધો છે. આ હુમલાઓ બલૂચિસ્તાનનાં વ્યૂહાત્મક ઠેકાણાં અને ગુપ્તચર મુખ્યાલયો પર કેન્દ્રિત છે. ૨૩ વર્ષીય

(જુઓ પાનું ૨) ▸▸

## એઆઈમાં ગુજરાતની સ્થિતિ વધુ મજબૂત બનશે, બજેટમાં થઈ મોટી જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસ પહેલા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટસિટીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ કરાવ્યો હતો. એઆઈ ઈનોવેશન ચેલેન્જની શરૂઆત કરાવતા તેમણે કહ્યું હતું કે, રાજ્ય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ થિન્ક ટેન્ક તરીકે ઉભરી આવશે. કેન્દ્રીય બજેટમાં પણ એઆઈ, બિગ ટેક અને સેમીકન્ડકટર જેવા ન્યૂ એજ સેક્ટર પર ફોક્સ કરવામાં આવ્યું છે. સ્કિલ ડેવલપમેન્ટ અને સ્ટાર્ટઅપ્સ દ્વારા ભવિષ્યની નોકરીની તૈયારી કરવામાં આવી રહી છે. જેનો હેતુ ભારતને ટેકનોલોજી ઈનોવેશન અને હાઈ સ્કિલ મેન્યુફેક્ચરિંગનું ગ્લોબલ હબ બનાવવાનો છે. એઆઈની વધતી માગને લઈ અનેક કંપનીઓ ગુજરાતમાં આવી રહી છે અને બજેટની જાહેરાત બાદ હજુ કેટલીક કંપનીઓ અહીં આવશે, તેમ સૂત્રોનું કહેવાનું છે. બજેટ મુજબ યુનિવર્સિટીઓ અને ટેકનિકલ સંસ્થાઓમાં એઆઈ સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવામાં આવશે, જ્યાં ઉદ્યોગો અને શૈક્ષણિક જગત સાથે મળીને નવી ટેક્નોલોજી પર કામ કરશે. સરકારનું માનવું છે કે એઆઈ માત્ર ટેક સેક્ટર પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ ખેતીથી લઈને હેલ્થકેર અને ટ્રાન્સપોર્ટથી લઈને શાસન વ્યવસ્થા સુધીના દરેક ક્ષેત્રમાં પરિવર્તન લાવશે. યુવાનોને મશીન લર્નિંગ, ડેટા સાયન્સ, સાયબર સિક્યુરિટી અને ક્લાઉડ કમ્પ્યુટિંગ જેવી સ્કીલ્સથી સજ્જ કરવા એ સરકારની પ્રાથમિકતા છે.

## એલોપેથી પ્રેક્ટિસ કરતા આર્યુવેદિક ડૉકટરના કેસમાં કોર્ટે સરકારને નોટિસ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે એક આયુર્વેદિક ડોક્ટર વિરુદ્ધ એલોપેથિક દવાનો ઉપયોગ કરવા બદલ થયેલી અરજી મામલે રાજ્ય સરકાર અને સંબંધિત અધિકારીઓને નોટિસ ફટકારી હતી.

પોરબંદરના રહેવાસી ગુલામ નબી બુખારી દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં પોરબંદર જિલ્લાના રાણાવાવ શહેરમાં પ્રજ્ઞેશ કાનાણી નામના આયુર્વેદિક ડોક્ટર એલોપેથીની પ્રેક્ટિસ કરી રહ્યા હતા, જોકે તેમની પાસે બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (બીએએમએસ)માં ડિગ્રી છે અને નિયમો અનુસાર તેઓ એલોપથીની પ્રેક્ટિસ કરી શકે નહીં, તેમ જણાવવામાં આવ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

અરજદારે પોતાના વકીલો દ્વારા રજૂઆત કરી હતી કે તેમણે નેશનલ કમિશન ફોર ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિનને કાનાણી દ્વારા એલોપથીની પ્રેક્ટિસ કરવા અને એલોપથિક દવાઓ લખવા અંગે ફરિયાદ કરી હતી. પ્રાથમિક સારવાર માટે કેટલીક એલોપથિક દવાઓ લખવાની પરવાનગી છે, પરંતુ કાનાણીએ શેડ્યૂલ-એચ દવાઓ સહિત ભારે દવાઓ લખી હતી, એમ વકીલોએ રજૂઆત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કમિશને ઓક્ટોબર ૨૦૨૫ માં અરજદારની ફરિયાદ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસિન પાસે મોકલી હતી, જે આવી ફરિયાદો પર કાર્યવાહી કરવાની સત્તા ધરાવે છે.

જોકે, બોર્ડે આ સંદર્ભમાં કોઈ કાર્યવાહી કરી ન હતી. આના કારણે અરજદારે હાઇ કોર્ટનો સંપર્ક સાધ્યો હતો અને સંબંધિત અધિકારીઓને કાયદા અનુસાર જરૂરી કાર્યવાહી કરવા નિર્દેશ આપવાની માંગ કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારી વકીલે રજૂઆત કરી હતી કે અરજદારે એક આયુર્વેદિક વ્યવસાયી સામે કાર્યવાહી કરવાને બદલે જાહેર હિતની અરજી દાખલ કરવી જોઈએ, કારણ કે તે પોતે આનો ભોગ બન્યો નથી અથવા પોતાના માટે રાહત માગતો નથી.

આ મામલે કોર્ટે જણાવ્યું હતું કે હાલની રિટ પિટિશન દ્વારા, અરજદાર અધિકારીઓને કાયદા અનુસાર જરૂરી કાર્યવાહી કરવા માટે યોગ્ય નિર્દેશ આપવાની વિનંતી કરે છે. હાઇ કોર્ટે રાજ્ય સરકાર, આરોગ્ય કમિશનર, રાષ્ટ્રીય ભારતીય દવા આયોગ, ગુજરાત આયુર્વેદિક અને યુનાની દવા બોર્ડ, જિલ્લા આરોગ્ય અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, ગુજરાત મેડિકલ કાઉન્સિલ અને આયુર્વેદિક ડૉક્ટરને નોટિસ ફટકારી હતી.

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુનેત્રાની શપથવિધિ, હંગામા હૈ ક્યું...

**અજિત** પવારના નિધન પછી ભાજપ એનસીપીને નાયબ મુખ્ય મંત્રીપદ આપશે કે નહીં એ સવાલ પુછાવા માંડેલો. આ સવાલનો જવાબ મેળવવા બહુ રાહ ના જોવી પડી ને ભાજપે અજિતદાદાના નિધનના ચાર જ દિવસમાં તેમનાં વિધવા સુનેત્રા પવારને નાયબ મુખ્યમંત્રીપદે બેસાડી દીધાં. અજિતદાદાના નિધન પછી તરત જ એનસીપીમાં સુનેત્રાને નાયબ મુખ્ય મંત્રી બનાવવાની માગ શરૂ થઈ ગયેલી.

ભાજપે આ માગણીને સ્વીકારીને અજિતદાદાના નિધનના બે દિવસ પછી જ સુનેત્રા પવારને નાયબ મુખ્ય મંત્રી બનાવવાની તૈયારીનો મેસેજ એનસીપીની નેતાગીરીને પહોંચાડી દીધેલો. એનસીપીની નેતાગીરીએ મોડું કર્યા વિના બીજા જ દિવસે સવારે સુનેત્રાને વિધાનસભા પક્ષનાં નેતા ચૂંટ્યાં ને સાંજ સુધીમાં તો શપથવિધિ પણ પતાવી દેવાઈ. મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ સુનેત્રાને સ્ટેટ એક્સાઈઝ ડ્યૂટી, સ્પોર્ટ્સ અને યુથ વેલફેર, લઘુમતીઓનો વિકાસ અને ઔકફ મંત્રાલય સોંપીને ઔપચારિકતા પતાવી દીધી.

અજિત પવાર પાસે નાણાં મંત્રાલય પણ હતું. સુનેત્રાને નાણાં મંત્રાલય અપાયું નથી પણ તેનાથી ફરક પડતો નથી. સુનેત્રા રાજ્યસભાનાં સભ્ય છે પણ તેમાં તેમની રાજકીય કુનેહ કે અનુભવનો કોઈ ફાળો નથી. અજિતદાદાનાં પત્ની હોવાથી તેમને રાજ્યસભાનું સભ્યપદ મળેલું, બાકી સુનેત્રા તો લોકસભાની ચૂંટણીમાં તેમના નણંદ સુપ્રિયા સૂલે સામે હારી ગયેલાં. બારામતી અજિત પવારનો ગઢ ગણાય છે પણ સુનેત્રા ત્યાં પણ જીતી ના શક્યાં તેના પરથી સ્પષ્ટ છે કે, સુનેત્રા પાસે જનાધાર નથી ને કોઈ રાજકીય મૂડી પણ નથી. અત્યારે પણ સુનેત્રાને નાયબ મુખ્ય મંત્રીપદ અજિતદાદાનાં વિધવા હોવાના નાતે જ મળ્યું છે તેથી સુનેત્રા માટે તો વકરો એટલો નફો જ છે.

જો કે જે હોય તે પણ સુનેત્રાએ મહારાષ્ટ્રનાં પહેલાં મહિલા નાયબ મુખ્ય મંત્રી બનીને ઈતિહાસ રચી દીધો છે એ વાસ્તવિકતા છે. કમનસીબે કેટલાંક લોકોને આ વાત પચી નથી તેથી સુનેત્રાની ટીકા કરી રહ્યાં છે. પતિના મોતને હજુ ચાર દિવસ પણ થયા નથી ત્યાં નાયબ મુખ્ય મંત્રીપદના શપથ લઈને સુનેત્રાએ સત્તાલાલસા બતાવી છે એવી ટીકાઓ થઈ રહી છે. કેટલાંકને વળી હિંદુ સંસ્કૃતિની યાદ આવી ગઈ છે. હિંદુ સંસ્કૃતિમાં મોતના મહિના લગી શોક હોય તેથી સુનેત્રાએ શપથ લેવાથી દૂર રહેવું જોઈએ એવું જ્ઞાન પિરસાઈ રહ્યું છે.

સોશ્યલ મીડિયા નવરાં લોકોનો અડ્ડો છે ને ત્યાં ગમે તે લખી નાખો કોઈ પૂછવાવાળું નથી હોતું તેથી એવી ટીકાઓ થાય તેની નવાઈ નથી. આ નવરી બજારમાંથી મોટા ભાગના અબૂધ ને અજ્ઞાની છે તેથી પણ કૉંગ્રેસના નેતા ઉદિત રાજ પણ આ હઈસો હઈસોમાં જોડાઈ ગયા છે. ઉદિત રાજે પણ જ્ઞાન આપ્યું છે કે, પરિવારમાં કોઈ મૃત્યુ પામે પછી ૧૨-૧૩ દિવસ સુધી શોક પળાય છે તેથી કંઈ કરવામાં આવતું નથી. સામાન્ય લોકો તો આખું વર્ષ તહેવારો પણ ઉજવતા નથી પણ રાજકારણમાં બધી ધાર્મિક વિધિઓ અને પરંપરાઓને કોરાણે મૂકી દેવાય છે. સુનેત્રાએ પણ ૧૩ દિવસ રાહ ના જોઈ અને નાયબ મુખ્ય મંત્રીપદે શપથ ગ્રહણ કરી લીધા.

ઉદિત રાજના બકવાસ સામે ભાજપના નેતા કૂદી પડ્યા છે. ભાજપે ઉદિત રાજના નિવેદનને વલ્ચર પોલિટિક્સ એટલે કે ગિધ રાજકારણ ગણાવ્યું છે. મડદા પર ગીધ ચકરાવા મારવા માંડે એ રીતે કૉંગ્રેસના નેતા અજિત પવારના મોતનો રાજકીય ફાયદો લેવા માટે ચકરાવા મારી રહ્યા છે એવું કહીને ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ આક્ષેપ કર્યો છે કે, આ માત્ર પવાર પરિવારનું નહીં પણ આખા મહારાષ્ટ્રનું અપમાન છે, મૃતક અજિતદાદાના આત્માનું પણ અપમાન છે. ભાજપે ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા પછી રાજીવ ગાંધીએ તરત વડાપ્રધાનપદે શપથ લઈ લીધા હતા તેની યાદ અપાવીને કૉંગ્રેસને દેશની માફી માગવા પણ કહ્યું છે.

આપણે ત્યાં હમણાંથી હિંદુ સંસ્કૃતિને નામે ચરી ખાવાની ફેશન ચાલે છે. ઉદિત રાજે વહેતા પાણીમાં હાથ ધોવા માટે ભારતીય સંસ્કૃતિની વાત માંડી કે પછી પહેલાં ભાજપના જ સાંસદ હતા તેથી ભાજપના નેતાઓની જેમ અચાનક તેમનો ભારતીય સંસ્કૃતિપ્રેમ જાગૃત થઈ ગયો એ આપણને ખબર નથી પણ ઉદિત રાજની વાત બકવાસ છે તેમાં મીનમેખ નથી. હિંદુત્વ એક જીવનશૈલી છે ને તેમાં કોઈ જડ ધાર્મિક નિયમો નથી. હિંદુઓનો કોઈ ચોક્કસ ધર્મગ્રંથ પણ નથી તેથી મૃત્યુ પછી કેટલા દિવસ શોક પાળવો ને શું કરવું તેના કોઈ ચોક્કસ નિયમો નથી. જે નિયમો છે એ પરંપરાના ભાગરૂપે છે, હિંદુત્વના ભાગરૂપે નથી.

આ નિયમો પણ અલગ અલગ છે. બહુમતી હિંદુઓ મૃત્યુ પછી મૃતદેહનો અગ્નિસંસ્કાર કરે છે પણ હિંદુઓમાં કેટલાક સમુદાય મૃતદેહને દફન પણ કરે છે. દરેક સમુદાયની પોતાની પરંપરા હોય ને તેનું પાલન કરવાનો તેમને અધિકાર છે. આ પરંપરામાં અલગ અલગ દિવસો લગી શોક પળાય છે પણ ૧૩ દિવસ શોક પાળવો કે મહિનો શોક પાળવો કે બાર મહિના શોક પાળવો તેના કોઈ નિયમ નથી. દરેક વ્યક્તિ કે પરિવાર પોતાની રીતે નિર્ણય લે છે.

સુનેત્રાએ પોતે પણ પોતાને ઠીક લાગ્યો એ નિર્ણય લીધો ને આ દેશનું બંધારણ તેમને એ અધિકાર આપે છે તેથી સુનેત્રાએ કશું ખોટું કર્યું નથી ને તેમની ટીકા કરવાનો કોઈને અધિકાર નથી. આમ પણ શોક વ્યક્તિગત બાબત છે ને શોક હોય તો માણસ બધું પડતું મૂકીને બેસી જાય એવું પણ નથી. આપણને લોકોની વ્યક્તિગત બાબતોની ચૂંથ કરવામાં મજા આવે છે. બલ્કે વિકૃત આનંદ આવે છે ને કેટલાંક લોકો એ આનંદ લઈ રહ્યાં છે પણ તેના કારણે સુનેત્રા ખોટાં સાબિત થતાં નથી.

સુનેત્રાની જેમ ભૂતકાળમાં ઘણાં લોકોએ શપથ લીધા જ છે. સુનેત્રાએ તો પતિના મોતના ચાર દિવસ પછી શપથ લીધા, બાકી રાજીવ ગાંધીએ તો એક દિવસ પણ રાહ નહોતી જોઈ. ભાજપે આ વાત કરી છે ને એ સો ટકા સાચી છે. ઈન્દિરા ગાંધી ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ સવારે પોતાના બે અંગરક્ષકો સતવંતસિંહ અને બિયંતસિંહની ગોળીથી મરી ગયાં તેના કલાકો પછી એ જ દિવસે રાજીવ ગાંધીની વડા પ્રધાનપદે શપથ વિધિ થઈ ગઈ હતી. બીજાં પણ ઘણાં ઉદાહરણ આપી શકાય પણ મૂળ મુદ્દો જ બકવાસ છે ત્યાં ઉદાહરણો આપીને તેમને મહત્ત્વ શું કરવા આપવું? સુનેત્રાને રાજકીય અનુભવ નથી કે કદી વહીવટ કર્યો નથી એ સાચું પણ કઈ વ્યક્તિ ક્યારે ચમકારો બતાવી જાય એ ખબર નહીં. સુનેત્રા પણ પતિના પડછાયામાં પોતાનું હીર ના બતાવી શક્યાં હોય પણ હવે તક મળી છે ત્યારે સમાજનું ભલું કરી શકે એવું બને. આપણી શુભેચ્છાઓ તેમની સાથે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, મંગળવાર, તા. ૩-૨-૨૦૨૬,

- ભારતીય દિનાંક ૧૪, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૬મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર મઘા રાત્રે ક. ૨૨-૧૦ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૯ (તા. ૪)
- ઓટઃ રાત્રે ક. ૧૯-૦૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ- દ્વિતીયા. બુધ કુંભમાં રાત્રે ક. ૨૧-૫૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, પિતૃપૂજા, વડનું પૂજન, મંગળ-કેતુ પૂજન, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, મુંડન કરાવવું નહીં, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, બી વાવવું, નિત્ય થતાં ઘર-ખેતર જમીન-મકાનના લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી ગણેશજીનું પૂજન, સૂર્ય-મંગળ ગ્રહદેવતાનું પૂજન.
- આચમનઃચંદ્ર-રાહુ પ્રતિયુતિ અવ્યવહારુંપણું જણાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ (તા. ૪)
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-મકર/કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ઉત્તરાખંડમાં દુકાનના નામને લઈને સાંપ્રદાયિક તણાવઃ ત્રણ કેસ દાખલ

કોટદ્વારઃ ઉત્તરાખંડના કોટદ્વારમાં એક ચોક્કસ સમુદાયના વ્યક્તિ દ્વારા તેની દુકાનનું નામ 'બાબા' રાખવા મુદ્દે સાંપ્રદાયિક તણાવ ફાટી નીકળ્યો હતો. બજરંગ દળે દુકાનના નામનો વિરોધ કર્યા બાદ વકરેલા વિવાદના સંદર્ભમાં પોલીસે ત્રણ કેસ નોંધ્યા છે. આ જાણકારી અધિકારીઓએ રવિવારે આપી હતી.

આ વિવાદની શરૂઆત કોટદ્વારમાં મોહમ્મદ શોએબની દુકાન 'બાબા ડ્રેસ'ના નામ સામે બજરંગ દળના કાર્યકરોએ વાંધો ઉઠાવ્યો ત્યારે થઇ હતી. પોલીસે જણાવ્યું કે તેઓએ આરોપ લગાવ્યો કે આ નામ કોટદ્વારના પ્રખ્યાત હનુમાન મંદિર 'સિદ્ધબલી બાબા'ના નામનો ભ્રમ પેદા કરી શકે છે. તેમજ દુકાનના માલિકને નામ બદલવાની માગ કરી હતી.આશરે અઢી મહિના પહેલા બજરંગ દળના કાર્યકરોએ શોએબ પર નામ બદલવા માટે દબાણ કર્યું હતું. પરંતુ શોએબે તેમને ખાતરી આપી હતી કે તે દુકાન બીજી જગ્યાએ લઇ ગયા પછી નામ બદલશે. જો કે ૧૦-૧૫ દિવસ પહેલા શોએબે તેની દુકાન નવી જગ્યાએ ખસેડી હતી, પરંતુ દુકાનના નામને લઇને ફરી વિરોધ શરૂ થયો હતો.પોલીસે જણાવ્યું કે ૨૮ જાન્યુઆરીના રોજ બજરંગ દળના કાર્યકરો દુકાનની બહાર એકઠા થયા અને શોએબ અને તેના મિત્ર દીપક કુમાર નામના જીમ માલિક સાથે ઝઘડો કર્યો હતો. આ દરમિયાન ચાંદે કથિત રીતે પોતાને મોહમ્મદ દીપક તરીકે ઓળખાવ્યો અને પ્રદર્શનકારીઓને ત્યાંથી જતા રહેવા દબાણ કર્યું હતું.

પરંતુ ૩૧ જાન્યુઆરીના રોજ પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે ગૌરક્ષા દળના પ્રમુખ નરેશ ઉનિયાલની આગેવાની હેઠળ બજરંગ દળના કાર્યકરો વિરોધ ચાલુ રાખવા માટે દુકાને પહોંચ્યા હતા. પ્રદર્શનકારીઓ શોએબ અને તેના સાથીઓ સાથે ઝઘડી પડ્યા હતા. જેના કારણે વિસ્તારમાં તણાવ સર્જાયો હતો.

પહેલા પાનાનું ચાલુ

### ચીનની કહેવાતી

મુદ્દાસર બોલવાનું સૂચન કર્યું કરવાનું કહ્યું હતું.

રાહુલ ગાંધીએ નરવણેના એક પુસ્તકનો ઉલ્લેખ કર્યો હતો, જેના પર લોકસભામાં હંગામો થયો. રાજનાથ સિંહે કહ્યું કે જે પુસ્તક પ્રકાશિત નથી થયું તેનો ઉલ્લેખ કેમ કરવામાં આવી રહ્યો છે. રાજનાથ સિંહે કહ્યું, રાહુલ ગાંધી સદનને ગુમરાહ ન કરે છે.

રાહુલ ગાંધીએ ડોકલામ અને ચીની ઘૂસણખોરી પર પોતાનું નિવેદન શરૂ કરતાં જ રાજનાથ સિંહે તથ્યોની સત્યતા પર પ્રશ્ન ઉઠાવ્યો ત્યારે રાહુલે કહ્યું કે સરકાર પુસ્તકના પ્રકાશનને અટકાવી રહી છે.

રાહુલે કહ્યું, ''મને બોલવાનો સમય આપવા બદલ આભાર. આ આર્મી ચીફ નરવણેના સંસ્મરણો છે. તમે બધા, હું જે વાંચી રહ્યો છું તે ધ્યાનથી સાંભળો તેનાથી ખબર પડશે કે કોણ દેશભક્ત છે અને કોણ નથી.'' આ પછી, હોબાળો શરૂ થયો હતો.

બાદમાં રાહુલ ગાંધીએ એક મેગેઝિનના લેખને ક્વૉટ કરવાની વાત કહી, તેના પર પણ ટ્રેઝરી બેન્ચ દ્વારા હંગામો થયો.

રાજનાથે વાંધો ઉઠાવતા કહ્યું કે તેમને આમ કરવાની મંજૂરી ન આપવી જોઈએ.

રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર બોલતી વખતે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભૂતપૂર્વ સેના પ્રમુખ જનરલ એમ એમ નરવણેના અપ્રકાશિત સંસ્મરણોમાંથી ટાંકવાનો પ્રયાસ કર્યો ત્યારે લોકસભામાં ભારે હોબાળો મચી ગયો.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને ભાજપના અન્ય સભ્યોએ ગાંધી પર ગૃહને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવતા સખત વાંધો ઉઠાવ્યો અને સામગ્રીની પ્રામાણિકતા અને પ્રકાશનની સ્થિતિ પર પ્રશ્ન ઉઠાવ્યો.

સ્પીકર ઓમ બિરલાએ વારંવાર કહ્યું કે અપ્રકાશિત પુસ્તકો અથવા અસંબંધિત દસ્તાવેજો ટાંકી શકાતા નથી, પરંતુ ગાંધીએ આગ્રહ કર્યો કે દસ્તાવેજ પ્રમાણિત છે અને બાદમાં કહ્યું કે તેઓ એક મેગેઝિન લેખનો ઉલ્લેખ કરી રહ્યા છે, જેને પણ મંજૂરી આપવામાં આવી ન હતી.

આ મડાગાંઠ વારંવાર વિક્ષેપો તરફ દોરી ગઈ, સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજીજુએ ચેતવણી આપી હતી કે સ્પીકરના ચુકાદાઓને અવગણવાથી ખરાબ ઉદાહરણ સ્થાપિત થાય છે અને સભ્ય સામે કાર્યવાહી થઈ શકે છે.

સરકારે પોતાના વલણનો બચાવ કર્યો હતો અને ચીન પર ભૂતકાળના કૉંગ્રેસ નેતૃત્વની ટીકા કરી હતી.

સમાજવાદી પાર્ટી અને ટીએમસી સહિત કેટલાક વિપક્ષી નેતાઓએ ગાંધીને ટેકો આપ્યો હતો અને વિનંતી કરી હતી કે તેમને બોલવાની મંજૂરી આપવામાં આવે.

બંને પક્ષોમાંથી કોઈએ પણ નરમ વલણ દાખવ્યું નહીં, તેથી સ્પીકરે દિવસ દરમિયાન બે વાર ગૃહને મુલતવી રાખ્યું.

ગૃહ ફરી શરૂ થયા પછી પણ, ભારત-ચીન સરહદનો મુદ્દો ઉઠાવવાના ગાંધીના પ્રયાસનો ફરીથી ટ્રેઝરી બેન્ચ તરફથી જોરદાર વિરોધ થયો, જેના કારણે મડાગાંઠ લંબાઈ અને કાર્યવાહી વધુ મુલતવી રાખવામાં આવી.

### મહારાષ્ટ્ર સહિત

ઉત્તરાખંડ, તેલંગણા અને પશ્ચિમ બંગાળ એમ દસ રાજ્યોના ૩૫ ઠેકાણે દરોડા પાડ્યા હતા.

આ દરોડા દ્વારા અમેરિકા, યુનાઈટેડ કિંગડમ, કુવૈત, આયર્લેન્ડ અને ભારતના લોકોને લક્ષ્ય બનાવતી ભારતમાંનું સાયબરક્રાઈમ નેટવર્ક તોડી પડાયું હતું.

સીબીઆઈએ એક નિવેદનમાં કહ્યું હતું કે દરોડા દરમિયાન સીબીઆઈએ સાયબર ઈનેબ્લડ ફાઈનાન્સિયલ ક્રાઈમ નેટવર્ક શોધી કાઢ્યું હતું, જે અમેરિકના નાગરિકોને લક્ષ્ય બનાવતું હતું. ઈલેક્ટ્રોનિક ડિવાઈસ જેવા કે લેપટોપ, મોબાઈલ ફોન, કોમ્પ્યુટર હાર્ડ ડિસ્ક જપ્ત કરાયાં હતાં. આમાં ગુનાના સચોટ પુરાવા છે. ચાવીરૂપ ઑપરેટરની તત્કાળ ધરપકડ કરવામાં આવી હતી.

સીબીઆઈએ નવી દિલ્હી, ગાઝિયાબાદ અને કર્ણાટકથી સાયબરના બળે ચાલતી ફાયનાન્સાસ ક્રાઈ નેટવર્ક તોડી પાડ્યું હતું. એ નેટવર્ક કુવૈતના ઈ-વિઝા અને કુવૈતની આગેવાન કંપનીઓમાં નિમણૂક કરવાનો દાવો કરતું હતું. આના બદલામાં ભારતીય નાગરિકો પાસે નાણાં પડાવતું હતું. (એજન્સી)

### રૂપિયો

વેચવાલી રહી હોવાના નિર્દેશો અને આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૯ ટકા વધીને ૯૭.૦૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

એકંદરે બજારમાં બજેટલક્ષી ચંચળતાનો અંત આવવાની સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદા સહિત કૉમૉડિટીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું એક વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે તાજેતરમાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો થયા બાદ સંભવત રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેતાં રૂપિયાને ટેકો મળ્યો હતો.

વધુમાં આજે સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં ખાસ કરીને પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૭.૬૧ ટકાનો, અદાણી પોર્ટસમાં ૪.૭૬ ટકાનો, બીઈએલમાં ૩.૩૩ ટકાનો, રિલાયન્સમાં ૩.૨૮ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૯૭ ટકાનો, લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૨.૮૬ ટકાનો, ઈન્ડિગોમાં ૨.૧૩ ટકાનો અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૨.૦૫ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે તેની સામે એક્સિસ બૅન્કમાં બે ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૮૫ ટકાનો, ટીસીએસમાં ૦.૫૨ ટકાનો, ટ્રેન્ટમાં ૦.૪૭ ટકાનો અને ટાઈટનમાં ૦.૨૭ ટકાનો ઘટાડો આવ્યો હતો.

### વિકાસદર

સાતથી આઠ ટકાનો વિકાસદર જાળવી રાખવો જરૂરી છે.

આર્થિક વિકાસદરને કારણે નવા રોજગારનું નિર્માણ થશે, વધુ લોકોને કામ મળશે અને ઉત્પાદનમાં પણ વધારો થશે, એમ તેમણે કહ્યું હતું.

દેશમાં ઘણી પ્રગતિ થઈ હોવા છતાં હજુ ઘણુ કરવાની જરૂર છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે છેલ્લાં બજેટથી અત્યાર સુધીમાં સરકારે ઑરેન્જ ઈકોનોમી (અનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ સેક્ટ) માટે સાતત્યપૂર્ણ નીતિ, ભંડોળ અને ટેકો જાળવી રાખ્યા છે.

વૈશ્વિક અચોક્કસતાને કારણે સોનાના ભાવમાં પ્રવાહિતા જોવા મળી રહી છે જે બાબત રોકાણકારોને કોઈપણ ચલણ પર ભરોસો ન રહ્યો હોવાનું દર્શાવે છે, એમ સીતારમણે કહ્યું હતું.

સંસદીય સમિતિએ અગાઉ જ અહેવાલ સુપરત કરી દીધો હોવાને કારણે સરકાર નવ માર્ચથી શરૂ થતા બજેટ સત્રના બીજા તબક્કામાં ઈન્સોલ્વન્સી ઍન્ડ બૅન્કરપ્સી કોડ-આઈબીસી (અમેન્ડમેન્ટ) બિલ રજૂ કરવાનો ઈરાદો ધરાવે છે, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૬માં અમલી બનેલા આઈબીસી ઍક્ટમાં આ સાતમો સુધારો હશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### નર્મદાના

સુરક્ષાની ચિંતા ઊભી થઈ હતી. સગદા-ઝપની ગામમાં પાણી ખેતરમાં ઘૂસી જતા ભયનું મોજું ફેલાયું હતુ. જિલ્લા વહીવટીતંત્રે કિનારાની જમણી નહેર દ્વારા પાણી છોડવાનું બંધ કર્યું હતું. તેના ગેટ સાવચેતીનાં પગલાં તરીકે બંધ કરવામાં આવ્યા હતા.

સ્થાનિક ખેડૂતો અને ગ્રામવાસીઓએ વારંવાર નહેરની કંગાળ સ્થિતિની ફરિયાદ કરી હતી. જોકે અધિકારીએ આની ઉપેક્ષા કરી હતી. આને લીધે બંધમાં ભંગાણ પડ્યું હતું. રવિવારે બંધમાં પડેલા ભંગાણથી કોઈ જાનહાનિ થઈ નથી.

જબલપુરના કલેક્ટર રાઘવેન્દ્ર સિંહે કહ્યું હતું કે પાણી ખેતરમાંથી બે કલાકમાં બહાર કઢાશે. પાકને થયેલા નુકસાનનો સર્વે કરાશે. નુકસાન લઘુતમ છે. બંધનું સમારકામ યુદ્ધના ધોરણે ચાલુ છે. આ નહેર જૂની છે અને એના સમારકામની મંજૂરી બે મહિના પહેલાં અપાઈ હતી. નહેર રાજ્યના વિંધ્ય રિજનના રેવા જિલ્લા સુધી જાય છે. (એજન્સી)

### ચીન ડર્યું

દાયકાઓમાં સૌથી ખતરનાક અને વિનાશક હતો.

ગ્વાદરમાં તૈનાત તમામ ચીની ભૂમિ કર્મચારીઓને ખાસ ફ્લાઇટ્સ દ્વારા ખાલી કરાવવામાં આવ્યા છે, જેનાથી આ ક્ષેત્રમાં ચીની આગેવાની હેઠળની સ્થળ પરની પ્રવૃત્તિ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. ચીને પહેલાથી જ તેની હાજરી થોડા ઇજનેરો અને ટેકનિશિયન સુધી ઘટાડી દીધી હતી, ત્યારે તેણે હવે તમામ ભૂમિ કામગીરી સ્થગિત કરી દીધી છે.

ટોચનાં સુરક્ષા સૂત્રોએ અહેવાલની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે ચીની નાગરિકો હવે ગ્વાદરમાં હાજર રહેશે નહીં અને તમામ પ્રોજેક્ટ્સ સ્થગિત કરી દેવામાં આવ્યા છે.

ઇસ્લામાબાદમાં ચીની દૂતાવાસના એક વરિષ્ઠ સૂત્રએ જણાવ્યું હતું કે, ''આ એક સાવચેતીભર્યું અને કામચલાઉ પગલું છે. બલૂચિસ્તાનમાં, ખાસ કરીને ગ્વાદરમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી રહી છે.''

જોકે , પાકિસ્તાની સહાયક સ્ટાફ ચીની ભંડોળ પૂરું પાડવામાં આવેલા પ્રોજેક્ટ્સ સંબંધિત ગ્રાઉન્ડ-લેવલ કાર્ય ચાલુ રાખશે, જ્યારે ચીની ટીમો દૂરથી પરિસ્થિતિનું નિરીક્ષણ કરશે.

### સુરતમાંથી

પ્રદેશના ગન્ટુર જિલ્લાનો વતની છે.

ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓના જણાવ્યા અનુસાર સાયબર ગુનેગારોએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ મારફતે ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને તેમની કંપની મારફતે ટ્રેડ કરવા તેને મનાવી લીધો હતો. કૌભાંડનો ભોગ બનેલા ફરિયાદીએ ૨૩ મે થી ૨૪ જૂન ૨૦૨૪ દરમિયાન સાયબર ગૅન્ગના સભ્યોની સૂચના મુજબ જુદા જુદા બૅન્ક ખાતામાં ૬.૧૬ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ફરિયાદીએ જ્યારે રૂપિયા પાછા કાઢવાની વાત કરી ત્યારે બનાવટી કંપનીના કસ્ટમર કૅરમાંથી બાકીની રકમમના ૨૦ ટકા ભરવા જણાવ્યું હતું. જેને પગલે ફરિયાદીએ રૂ. ૮૯ લાખ જમા કરાવ્યા હોવા છતાં કંપનીએ એક કે અન્ય કારણસર ભંડોળ છૂટું કરવાનું નકારી કાઢ્યું હતું. અજાણ્યા કૌભાંડીઓનાં સુનિયોજિત કાવતરાંનો ભોગ બન્યો હોવાનું સમજાયા બાદ ઘટનાનો ભોગ બનેલી વ્યક્તિએ સાયબર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કર્યો હતો જેને પગલે સાત જણની ધરપકડ કરવામાં આવી હતી. કૌભાંડને મામલે વધુ તપાસ ચાલી રહી હોવાનું પોલીસે કહ્યું હતું. (એજન્સી)

### મહારાષ્ટ્ર સરકાર

રાખેલા પ્લોટ પર ઝૂંપડપટ્ટીવાસીઓનાં પુનર્વસનની યોજનાના અમલને પરવાનગી આપે છે. કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરનારાઓ વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ શ્યામ દિવાનની રજૂઆતને ધ્યાન પર લઈને મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે રાજ્ય સરકાર, સ્લમ રિહેબિલેશન ઑથોરિટી અને એમસીજીએમને નોટિસ પાઠવી હતી. (એજન્સી)

### પાકિસ્તાનના

રહ્યા છે અને લશ્કરી અને વહીવટી કર્મચારીઓને ભગાડી રહ્યા છે. આ હુમલાઓમાં ગોળીબાર અને આત્મઘાતી બોમ્બ વિસ્ફોટનો સમાવેશ થતો હતો, જે એક ડઝનથી વધુ સ્થળોએ થયાના અહેવાલ છે.બીએલએએ પાકિસ્તાની સૈનિકોમાં નોંધપાત્ર જાનહાનિ અને લશ્કરી માળખાને નુકસાનની જાણ કરવા સાથે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્થાનિક સહયોગ અને સાવધાની રાખવાની વિનંતી કરતી વખતે તેમનું અભિયાન ચાલુ છે. બીએલએના પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે ડેપ્યુટી કમિશનર નોશ્કી મુહમ્મદ હુસૈન હજારા અને સહાયક કમિશનર મારિયા શામુ, જેમની અગાઉ બીએલએના ક્રાંતિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી, તેમને માનવતાવાદી ધોરણે મુક્ત કરવામાં આવ્યા છે.

બીએલએ એ પુનરોચ્ચાર કર્યો હતો કે જો તેઓ તેના ક્રાંતિકારીઓનો પ્રતિકાર ન કરે તો તે પોલીસ, સૈન્ય અથવા સ્થાનિક નાગરિક વહીવટને સીધા વિરોધી માનતું નથી.

જોકે, બલોચે ચેતવણી આપી હતી કે જે કર્મચારીઓ પાકિસ્તાની સુરક્ષા દળોનો સાથ આપશે અથવા બીએલએ કામગીરીને અવરોધવાનો પ્રયાસ કરશે તેમને વિરોધી ગણવામાં આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાની દળો ક્વેટાના ભાગો સહિત ઘણા વિસ્તારોમાં નિયંત્રણ પાછું મેળવવામાં નિષ્ફળ રહ્યા છે.

### આઈએસઆઈ

આસિફા મેંગલ મજીદ બ્રિગેડની ત્રીજી મહિલા ફિદાયીન છે, જેણે ૩૧ જાન્યુઆરીના રોજ નુશકી સ્થિત આઇએસઆઇ મુખ્યાલયને પોતાનું નિશાન બનાવ્યું. ૨૦૦૨માં જન્મેલી આસિફા ઓક્ટોબર ૨૦૨૩માં બીએલએમાં જોડાઈ હતી. તેણે વિસ્ફોટક ભરેલી ગાડી દ્વારા આ ઉચ્ચ-સુરક્ષાવાળા સૈન્ય ઠેકાણાને ધ્વસ્ત કરવાનું કામ કર્યું. સંગઠન અનુસાર, આસિફાએ ફિદાયીન બનવાનો નિર્ણય જાન્યુઆરી ૨૦૨૪માં જ લઈ લીધો હતો, જેના પછી તેને આ જટિલ અને ઘાતક મિશન માટે વિશેષ તાલીમ આપવામાં આવી.તે તેના ૨૧મા જન્મદિવસ પર બીએલએની મજીદ બ્રિગેડમાં જોડાઈ હતી. મજીદ બ્રિગેડ આત્મઘાતી વિંગ છે. બીજી મહિલા હુમલાખોરનું નામ હજુ સામે આવ્યું નથી, જોકે કેટલીક મીડિયા રિપોર્ટ્સમાં તેને હવા બલૂચ ઉર્ફે 'દ્રોશમ' તરીકે ઓળખાવવામાં આવી રહી છે. હવા બલૂચનો એક વીડિયો વાઇરલ થયો છે. વીડિયોમાં તે બંદૂક પકડીને હસતી જોવા મળી રહી છે અને તેના સાથીઓ સાથે વાત કરી રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે તે તેના સાથીઓને કહે છે, 'પાકિસ્તાની સરકાર ફક્ત અમારી દબાયેલી-કચડાયેલી માતાઓ-બહેનો પર પોતાની તાકાત બતાવે છે, તેઓ અમારો સીધો સામનો કરી શકતા નથી. બલૂચ રાષ્ટ્રને હવે જાગવું પડશે.' પાકિસ્તાનના રક્ષા પ્રધાન ખ્વાજા આસિફે પણ પુષ્ટિ કરી છે કે આ હુમલાઓમાં મહિલા હુમલાખોરો સામેલ હતી. તાજેતરનાં વર્ષોમાં બલૂચિસ્તાનમાં આ સૌથી ઘાતક હિંસા છે, જ્યાં હુમલાખોરોએ સામાન્ય લોકોના વેશમાં શાળાઓ, હોસ્પિટલો અને બજારોમાં ઘૂસીને ગોળીબાર કર્યો હતો.

### શેખ હસીનાને

બીજાને રહેણાંક પ્લોટ આપવામાં પોતાની વગ વાપરવા બદલ ૭૯ વર્ષની હસીનાને દસ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી હતી. ચુકાદો બપોરના સાડાબાર વાગ્યે આપવામાં આવ્યો હતો. ચુકાદો વાંચવામાં આવ્યો ત્યારે ૧૬ આરોપીમાંથી ફક્ત એક આરોપી સિનિયર અધિકારી ખુર્શીદ આલમ અદાલતમાં હાજર હતા.

### દલાઈ લામાને

વાર્ષિક ગ્રેમી અવૉર્ડ સમારોહમાં દલાઈ લામાને પ્રથમ ગ્રેમી અવૉર્ડ આવ્યો હતો. ચીનના વિદેશ ખાતાના પ્રવક્તા લીન જિઆને ચીન દ્વારા કરવામાં આવેલા આક્ષેપોનો પુનરોચ્ચા કરતા ભારપૂર્વક કહ્યું હતું કે ૯૦ વર્ષના આધ્યાત્મિક નેતા દલાઈ લામા ધર્મને નામે અલગતાવાદી પ્રવૃત્તિ કરી રહ્યા છે. દલાઈ લામા શુદ્ધ ધાર્મિક વ્યક્તિ નથી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દલાઈ લામા ધર્મના નામે ચીનવિરોધી અલગતાવાદી પ્રવૃત્તિ કરી રહ્યા હોવાને કારણે રાજકીય દેશવટો ભોગવી રહ્યા છે. અવૉર્ડનો ચીનવિરોધી પ્રવૃત્તિ માટે સાધન તરીકે ઉપયોગ કરવાનો ચીન મક્કમપણે વિરોધ કરે છે, એમ તેમણે કહ્યું હતું. વર્ષ ૧૯૫૯માં તિબેટ છોડ્યા બાદથી દલાઈ લામા દેશવટો ભોગવી રહ્યા છે અને ધરમશાલામાં રહી રહ્યા છે. તિબેટને સ્વતંત્રતા અપાવવા સાતત્યપૂર્ણ રીતે અહિંસક ઝુંબેશ ચલાવવા બદલ ૧૯૮૯માં દલાઈ લામાને નોબેલ શાંતિ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

### ગુજરાત સહિત

જોયમાલા બાગચીએ એનસીસીઆઈની રજૂઆતની નોંધ લઈને કેન્દ્ર સરકાર અને ૧૨ રાજ્ય સરકારને ચાર અઠવાડિયામાં જવાબ આપવા જણાવ્યું હતું. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું હતું કે ત્રણ જજની બેન્ચ જૂની અને નવી અરજીઓને સાંભળશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે રાજ્યના કાયદા સામેની આવી જ અરજી થઈ છે. અમારો જવાબ તૈયાર છે અને તરત જ નોંધાવવામાં આવશે. (એજન્સી)

# સૌરાષ્ટ્રમાં જૂનાગઢ કોર્ટ અને રાજકોટ કલેક્ટર કચેરીને ઉડાવી દેવાની ધમકીથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી સરકારી ઈમારતો, કોર્ટ અને ખાનગી શાળાઓને ઉડાવી દેવાની ધમકીઓ મળી રહી છે. સોમવારે ફરી એકવાર સરકારી કચેરીને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો હતો. જૂનાગઢની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટ તેમજ રાજકોટ કલેકટર કચેરીને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ દોડતી થઈ ગઈ હતી. જૂનાગઢની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટ તેમજ રાજકોટ કલેકટર કચેરીના ઓફિશિયલ ઈ-મેલ આઈડી પર મેલ મળ્યો હતો કે ૨:૧૦ વાગ્યે ત્રણ બૉમ્બ કોર્ટમાં ફૂટશે.

મળતી વિગતો અનુસાર, જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટ અને રાજકોટ કલેકટર કચેરીને બૉમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતા સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ છે. સૌરાષ્ટ્રના મહત્ત્વના શહેરોની બે મોટી સરકારી કચેરીને નિશાન બનાવી ધમકીભર્યા સંદેશા મળતા રાજ્યભરમાં ચકચાર મચી ગઈ હતી. જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટને બોમ્બની ધમકી મળતા જ કોર્ટની કાર્યવાહી તાત્કાલિક સ્થગિત કરી દેવામાં આવી હતી. બૉમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમોએ કોર્ટ સંકુલમાં પહોંચી સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગના પગલે કોર્ટમાં વકીલો અને અરજદારો માટે પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો હતો અને પોલીસની જુદી જુદી ટીમો તપાસમાં જોડાઈ હતી. તપાસ એજન્સીઓ આ ધમકી કોના દ્વારા ક્યાંથી આપવામાં તે દિશામાં તપાસ હાથ ધરી છે. જો કે બીજી તરફ રાજકોટ કલેકટર કચેરીને પણ ઇમેલ કરીને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. બૉમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જો કે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૧૧ એપ્રિલના રોજ પણ જિલ્લા કલેક્ટર કચેરીને બૉમ્બથી ઉડાવી દેવા ધમકી મળી હતી. ■

# સરકારી અધિકારીઓ સામે સીધી ફરિયાદ નહીં કરી શકો, ગૃહ વિભાગનો નવો પરિપત્ર જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ફરજ બજાવતા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની તરફેણમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. હવે કોઈપણ સામાન્ય નાગરિક સરકારી અધિકારી વિરુદ્ધ સીધી રીતે એફઆઈઆર નોંધાવી શકશે નહીં. કોઈપણ ગુનાની નોંધણી પહેલાં ફરજિયાત પ્રાથમિક ચકાસણી કરવાની રહેશે. આ નિર્ણયને વહીવટી તંત્ર માટે એક પ્રકારની 'રક્ષણાત્મક ઢાલ' તરીકે જોવામાં આવી રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં જોવા મળ્યું છે કે વહીવટી નિર્ણયો, જમીન-મકાનના વિવાદો, લાઈસન્સ પ્રક્રિયા અથવા અંગત અદાવતના કારણે સરકારી અધિકારીઓ સામે ખોટી ફરિયાદો કરવામાં આવે છે. ઘણીવાર માત્ર ફરિયાદના આધારે જ એફઆઈઆર નોંધાતી હોવાના કારણે પ્રામાણિક અધિકારીઓને લાંબી તપાસ, બદનામી અને માનસિક દબાણનો સામનો કરવો પડતો હતો. ગૃહ વિભાગે આ સ્થિતિને ગંભીર ગણાવીને નવો પરિપત્ર જારી કર્યો હતો.

નવા નિયમ મુજબ, જો કોઈ પોલીસ સ્ટેશનમાં સરકારી અધિકારી કે કર્મચારી વિરુદ્ધ ફરિયાદ આવે, તો તરત ગુનો નોંધવામાં નહીં આવે. પહેલા ફરિયાદની સત્યતા અને પરિસ્થિતિની પ્રાથમિક તપાસ કરવામાં આવશે. ખાસ કરીને ભ્રષ્ટાચાર, સત્તાના દુરૂપયોગ અથવા ગંભીર આક્ષેપોના કેસમાં, તપાસ શરૂ કરતા પહેલાં સંબંધિત વિભાગના વડા અથવા સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત રહેશે. આ પરિપત્રમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ખોટી ઓળખ, નનામી અરજી અથવા પુરાવા વગર કરવામાં આવેલી ફરિયાદોને હવે સીધી રીતે રદ કરવામાં આવશે. આ સાથે જ પ્રાથમિક તપાસ માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે, જેથી ફરિયાદ વર્ષો સુધી લટકતી ન રહે અને નિર્દોષ અધિકારીઓને બિનજરૂરી તપાસનો સામનો ન કરવો પડે. વહીવટી ક્ષેત્રે આ નિર્ણયને હકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે. અધિકારીઓ હવે ડર અને દબાણ વગર નીતિવિષયક નિર્ણયો લઈ શકશે, જેના કારણે સરકારની યોજનાઓના અમલમાં ઝડપ આવશે. વહીવટી સૂત્રોનું માનવું છે કે આ નિર્ણયથી 'ડિસિઝન પેરાલિસિસ'ની સ્થિતિ ઘટશે, જેમાં અધિકારીઓ ફરિયાદના ભયથી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેતા અટકતા હતા.

જોકે, સરકાર તરફથી એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ નિયમનો અર્થ એવો નથી કે ભ્રષ્ટ અધિકારીઓને બચાવવામાં આવશે. જો કોઈ અધિકારી સામે પ્રાથમિક તપાસમાં આક્ષેપો સાચા સાબિત થશે, તો તેની સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

# સુરત પોલીસે આંતરરાજ્ય ઘરફોડ ચોરી કરતી રીઢા ગુનેગારોની ગૅંગ ઝડપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના અડાજણ વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીની ઘટનાઓનો ભેદ ઉકેલવામાં સુરત ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી હતી. ટૅકનોલૉજીનો દુરુપયોગ કરી પોલીસને થાપ આપતી મહારાષ્ટ્રની ખતરનાક ગૅંગના બે સાગરીતની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓ પાસેથી રોકડ અને કિંમતી ઘડિયાળો સહિત લાખોનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસે મુંબઈ અને મહારાષ્ટ્રના રહેવાસી એવા બે રીઢા આરોપીની ધરપકડ કરી હતી. સલીમ ઉર્ફે સાહીલ શેખ આ આરોપી અત્યંત ખતરનાક માનવામાં આવે છે, જેના વિરુદ્ધ માત્ર કર્ણાટકમાં જ ૪૦ જેટલા ઘરફોડ ચોરીના ગુના નોંધાયેલા છે. સરફરાજ શેખ આ ગૅંગનો સક્રિય સભ્ય છે. આ ગૅંગ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોમાં પણ સક્રિય હતી અને અનેક ગુનાઓને અંજામ આપી ચૂકી છે. બંને આરોપીઓ સાથે ત્રીજો સાગરીત બિલાલ મંડલ પણ સંડોવાયેલો હતો, જેને પકડવાની તજવીજ ચાલુ છે. આ ત્રણેય આરોપી અગાઉ જેલમાં એકબીજાના સંપર્કમાં આવ્યા હતા અને ત્યાંથી જ આ ટોળકી બનાવી હતી. ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓ પાસેથી ચોરીમાં વપરાયેલી ફોર વ્હિલર ગાડી, ૨૮ કિંમતી કાંડા ઘડિયાળ, રોકડ રકમ સહિત કુલ ૪.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સુરત પોલીસ આ ટોળકીના અન્ય સભ્યો અને તેમણે રાજ્યમાં અન્ય કઈ કઈ જગ્યાએ ચોરી કરી છે તે દિશામાં સઘન પૂછપરછ કરી રહી છે. ■

# ગુજરાતમાં આઠ જિલ્લામાં વરસાદની આગાહી, ચારમાં યલો અલર્ટની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનમાં વધઘટ જોવા મળી રહી છે. બીજી ફેબ્રુઆરીના રોજ સવારથી ગુજરાતના કેટલાક વિસ્તારોના હવામાનમાં પલટો આવ્યો હતો.

આ સાથે જ કેટલાક વિસ્તારોમાં વરસાદ પણ પડ્યો હતો. હવામાન વિભાગે ગુજરાતના આઠ જિલ્લામાં વરસાદ પડવાની આગાહી કરી હતી. જો કે બીજી બાજુ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય તેમ પણ જણાવ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યમાં ભેજ અને પવનની દિશાને કારણે ઠંડી ઓછી થઈ છે. આ સાથે જ તેમણે કમોસમી વરસાદની આગાહી કરતા જણાવ્યું હતું કે, વડોદરા, ભરૂચ, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં હળવો વરસાદ થવાની શક્યતા છે, જ્યારે અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગરમાં તો યલો અલર્ટ જાહેર કરવામાં આવી હતી. ત્રીજીથી આઠમી જાન્યુઆરીમાં ગુજરાતનું હવામાન શુષ્ક રહેશે. આ તારીખોમાં ક્યાંય પણ વરસાદની આગાહી આપી નથી. ■

# સુરતમાં નબીરાએ બેફામ લક્ઝરી કાર ચલાવી પાંચ વાહનના ફૂરચા બોલાવી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પોશ ગણાતા મગદલ્લા-ડુમસ વિસ્તારમાં આવેલા એરપોર્ટ રોડ પર અવધ ઉથોપિયા નજીક ૧ ફેબ્રુઆરીએ મોડીરાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. માલેતુજાર પરિવારના યુવક એવા વિરલ દેસાઈએ એક સાથે પાંચ વાહનને અડફેટે લીધા હતા. વિરલ દેસાઈએ પોતાની પૂરપાટ ઝડપે જતી લક્ઝરી કાર પરથી કાબૂ ગુમાવતાં રસ્તા પર ઊભેલાં વાહનોના ફુરચા બોલાવી દીધા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કારની ઝડપ એટલી પ્રચંડ હતી કે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ બેકાબૂ કારે રોડ પર પાર્ક કરેલી ત્રણ કારને જોરદાર ટક્કર મારી હતી, સાથે બે મોપેડને પણ ઉડાવ્યા હતા. સદ્નસીબે આ અકસ્માત મોડીરાત્રે સર્જાયો હોવાથી અને વાહનો પાર્ક કરેલા હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત સર્જનાર યુવકની ઓળખ વિરલ દેસાઈ તરીકે થઈ છે, જે પોતે પણ આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયો છે, જેથી તેને ખાનગી હૉસ્પિટલમાં ખસેડીને સારવાર કરવામાં આવી રહી છે. જોકે ઘટનાના થોડા જ સમયમાં મામલો થાળે પાડવા અને નબીરાને બચાવવા માટે પ્રયાસો શરૂ થઈ ગયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. અકસ્માત બાદ એવી વાત વહેતી કરવામાં આવી હતી કે ચાલક યુવકને ચાલુ ગાડીએ 'ખેંચ' આવી હતી, જેના કારણે અકસ્માત થયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોનો કબજો લઈ આગળની તપાસ હાથ ધરી છે. શું ચાલક નશાની હાલતમાં હતો? શું ખરેખર તબીબી કારણોસર અકસ્માત થયો કે પછી ઓવરસ્પીડિંગ જવાબદાર છે? આ તમામ પાસાં પર તપાસ ચાલી રહી છે. ■

# ગાંધીનગરના દહેગામની સ્કૂલમાં વિદ્યાર્થિનીને લાફો મારનાર શિક્ષિકાને ત્રણ વર્ષની જેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર જિલ્લાના દહેગામની એક સ્કૂલમાં શિસ્તના નામે માનવતા ભૂલેલી શિક્ષિકા સામે કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું. હોમવર્ક ન કરવા જેવી સામાન્ય બાબતે ૧૪ વર્ષની દીકરીને બેરહેમીથી માર મારી કાનનો પડદો ફાડી નાખનાર વિજ્ઞાનના શિક્ષિકાને ગાંધીનગર કોર્ટે ત્રણ વર્ષ અને ત્રણ મહિનાની જેલની સજા ફટકારી અન્ય સ્કૂલો અને શિક્ષકો માટે એક દાખલો બેસાડ્યો હતો.

આ કેસની વિગતો મુજબ, ગાંધીનગરની દહેગામ તાલુકાના લેકવાડા ગામના રમેશભાઈની ૧૪ વર્ષીય દીકરી એન. સોલંકી કન્યા વિદ્યાલયમાં ધોરણ ૯માં અભ્યાસ કરતી હતી. ૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સ્કૂલમાં વિજ્ઞાનના પિરિયડ દરમિયાન શિક્ષિકા પારૂલબેન પટેલે હોમવર્ક વિશે પૂછપરછ કરી હતી. જોકે બાળકીએ હોમવર્ક નથી કર્યું તેમ કહેતા જ શિક્ષિકા ઉશ્કેરાઈ ગયા હતા. આ વાતે આરોપી શિક્ષિકાએ બાળકીને ડાબા કાન પર જોરદાર લાફો ઝીંકી દીધો હતો, જેથી બાળકી દર્દથી કણસતી હતી અને કાન પર હાથ રાખ્યો હતો.

આમ છતાં શિક્ષિકાનો ગુસ્સો શાંત થયો નહોતો અને તેમણે બાળકીનો હાથ હટાવી બીજો લાફો મારીને વર્ગખંડની બહાર ઊભા રહેવાની સજા આપી હતી.

ત્યારે વિજ્ઞાનના બે પિરિયડ સુધી બાળકી રઝળપાટ કરતી રહી હતી. બાળકી અસહ્ય પીડા સાથે બે પિરિયડ સુધી ક્લાસની બહાર ઊભી રહેવાથી બેભાન જેવી થઈ ગઈ હતી. આ દરમિયાન સ્કૂલના આચાર્ય ત્યાંથી પસાર થયા હતા. ત્યારે બાળકીએ પિતાને ફોન કરવા વિનંતી કરી હોવા છતાં આચાર્યએ કોઈ ધ્યાન આપ્યું નહીં અને તેને પીડાતી હાલતમાં છોડી દીધી હતી.

સ્કૂલ છૂટ્યા બાદ જ્યારે પિતા તેને હૉસ્પિટલ લઈ ગયા ત્યારે નિદાન થયું હતું કે, મારને કારણે બાળકીના કાનના પડદામાં કાણું પડી ગયું છે. આ ઘટનાને પગલે વિદ્યાર્થિનીના પિતાએ હિંમત દાખવી દહેગામ પોલીસ સ્ટેશનમાં જુવેનાઈલ ઍક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. આ કેસ ગાંધીનગરના ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ચાલ્યો હતો, જેમાં સરકારી વકીલની દલીલો અને તબીબી પુરાવાઓને ગ્રાહ્ય રાખીને કોર્ટે નોંધ્યું હતું કે, શિક્ષકનું કાર્ય બાળકોનું ઘડતર કરવાનું છે, તેમને શારીરિક અપંગતા તરફ ધકેલવાનું નહીં. કોર્ટે આરોપી શિક્ષિકા પારૂલબેન રજનીકાંત પટેલને (રહે. આણંદ) દોષિત ઠેરવી ત્રણ વર્ષની કેદ અને ૨૫ હજારનો દંડ ભોગવવાનો હુકમ કર્યો હતો. ■

# કૅનેડાના પીઆર વિઝાના બહાને અમદાવાદના બે મિત્ર સાથે ૩૧ લાખ રૂપિયાની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ શહેરોમાં વિદેશમાં નોકરી અને પીઆર વિઝાની લાલચ આપી લોકો સાથે ઠગાઈના બનાવો સતત વધી રહ્યા છે. અમદાવાદના બે મિત્રને કૅનેડા પીઆર વિઝા આપવાનું કહીને ઠગ દંપતીએ ૩૧ લાખનો ચૂનો લગાવ્યો હતો. વિઝાના નામે પ્રોસેસ શરૂ કરી હતી, જેમાં શરૂઆતમાં જ કુલ રકમના ૩૦ ટકા આપવાનું કહીને બંને મિત્ર પાસેથી ૩૧ લાખ લઈ લીધા લીધા હતા. જોકે બાદમાં દંપતી ગાયબ થઈ ગયું હતું, જેથી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ કેસ અંગે મળતી વિગતો મુજબ, નિકોલમાં રહેતા સંદીપ પટેલ ફાર્મા કંપનીમાં ટેકનિશિયન તરીકે નોકરી કરે છે. સંદીપભાઈને કૅનેડા જવાનું હોવાથી તેમના મિત્ર કેતન પટેલના રેફરન્સથી સોલામાં આવેલી દ્વિશા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. ફેબ્રુઆરી, ૨૦૨૩માં કન્સલ્ટન્સીની ઑફિસ ગયા ત્યારે ત્યાં રુચિતા બાબુ અને હાર્દવ બાબુ મળ્યા હતા. સંદીપભાઈ અને તેમના પત્ની તથા દીકરીના કૅનેડા પીઆર વિઝા કરી આપવાનું કહીને બંનેએ ૫૮ લાખ થશે, તેવું જણાવ્યું હતું. સંદીપભાઈએ વિશ્વાસ કરીને પ્રોસેસ શરૂ કરાવી હતી.

પ્રોસેસ શરૂ કરી ત્યારે જ એડવાન્સ પેટે ૩૦ ટકા આપવાનું કહ્યું હતું, જેથી સંદીપભાઈએ ટુકડે-ટુકડે ૧૬ લાખ રૂપિયા આપ્યા હતા. પૈસા આપ્યા બાદ સંદીપભાઈએ જ્યારે સંપર્ક કર્યો ત્યારે બંનેનો સંપર્ક થતો જ નહતો. સંદીપભાઈ સોલા ખાતેની કન્સલ્ટન્સીની ઑફિસ ગયા હતા, ત્યારે ઑફિસ પણ બંધ હતી. સંદીપભાઈને જાણ થઈ હતી કે બંને કૅનેડા જતા રહ્યા છે. દંપતીએ સંદીપભાઈ પાસેથી ૧૬ લાખ અને તેમના મિત્ર પાસેથી વિઝા આપવાના બહાને ૧૫ લાખ લીધા હતા. આમ કુલ ૩૧ લાખની છેતરપિંડી મામલે સંદીપભાઈ રુચિતા અને હાર્દવ વિરુદ્ધ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# રાજકોટમાં વંદે ભારત ટ્રેનની અડફેટે ૩ યુવકો આવ્યા, બેનાં મોતઃ એકની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનની હડફેટે ત્રણ વ્યક્તિઓ આવી ગયા હતા. ભક્તિનગર અને રિબડા રેલવે સ્ટેશન વચ્ચે આવેલા માલધારી ફાટક નજીક આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અન્ય એકને ગંભીર ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે રેલવે તંત્ર અને સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયાં હતાં. આ ત્રણેય પરપ્રાંતીય યુવાનો ટ્રેન આવતી હોય તેવી રીલ અને સેલ્ફી લેવામાં વ્યસ્ત હતા ત્યારે જ આ દુર્ઘટના સર્જાઈ હતી. સમગ્ર મામલે રેલવે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ૨ ફેબ્રુઆરી બપોરના સમયે વંદે ભારત ટ્રેન પોતાના નિર્ધારિત રૂટ પર પસાર થઈ રહી હતી. ત્યારે અચાનક ૩ વ્યક્તિઓ ટ્રેનની અડફેટે આવી ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રેનને તાત્કાલિક ઊભી રાખવાની ફરજ પડી હતી. સ્થાનિકો દ્વારા આ અંગેની જાણ કરવામાં આવતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ■

# રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં ડિમોલિશન કાર્યવાહી પર હાઈ કોર્ટનો વચગાળાનો સ્ટે, રહીશોને હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં ડિમોલિશન કાર્યવાહી પર હાઈ કોર્ટે ત્રણ મહિનાનો વચગાળાનો સ્ટે આપ્યો હતો. હાઈ કોર્ટના આ નિર્ણયથી ૧૩૫૮ પરિવારોને મોટી રાહત મળી હતી. હાઈ કોર્ટે જીઆરટીને અપીલ પર ત્રણ મહિનામાં નિર્ણય લેવા અને અરજદારોના પુનર્વસન માટે વિચારણા કરવા નિર્દેશ આપ્યો હતો. રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્રની નોટિસને પડકારતી હાઈ કોર્ટમાં પિટિશન કરાઈ હતી. જેની સુનાવણી હાઈ કોર્ટમાં થઈ હતી અને કોર્ટે વચગાળાનો સ્ટે આપ્યો હતો. હાઈ કોર્ટે જીઆરટીને અપીલ પર નિર્ણય કરવા આદેશ આપ્યો હતો. જીઆરટીને અપીલ પર ૩ મહિનામાં નિર્ણય કરવા હાઈ કોર્ટનો આદેશ આપ્યો હતો. અરજદારોને રિહેબિલિટેશન માટે પણ કન્સીડર કરવા નિર્દેશ આપ્યો હતો. અરજદારોએ ડિમોલેશનની નોટિસને હાઈ કોર્ટ સાથે જીઆરટીમાં પડકાર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા જંગલેશ્વર સહિત આસપાસની ૭ જેટલી સોસાયટીના ૧૩૫૮ પરિવારોને ડિમોલિશન માટેની ફાઇનલ નોટિસ આપવામાં આવી હતી. અસરગ્રસ્તોએ તાજેતરમાં મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ દોડી જઈને ઉગ્ર રજૂઆતો કરી હતી. રૂ. ૪૦૦ કરોડની કિંમતની અંદાજે ૧.૦૫ લાખ ચો. મીટર જગ્યા ખાલી કરવાની નોટિસ મળતાં અનેક પરિવારો ચિંતામાં મુકાઈ ગયા હતા. હાઈ કોર્ટના આદેશ બાદ જંગલેશ્વર વિસ્તારમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. સરકાર વિસ્તારને રેગ્યુલાઈઝ કરે તેવી માગ સ્થાનિકોએ કરી હતી. ■

# વલસાડમાં ૫૪ લાખની નિર્માણાધીન પાણીની ટાંકીનો સ્લેબ તૂટ્યો, ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે તંત્ર સામે રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડના કલ્યાણબાગ વિસ્તારમાં ચાલી રહેલા વિકાસલક્ષી કામકાજ વચ્ચે એક ગંભીર બેદરકારી બહાર આવી હતી. અહીં અંદાજે ૫૪ લાખ રૂપિયાના ખર્ચે બની રહેલી પાણીની ટાંકીનું સ્ટ્રક્ચર ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગયો હતો. ટાંકીનો સ્લેબ અને સેન્ટિંગનો મોટો ભાગ અચાનક તૂટી પડતા બાંધકામની ગુણવત્તા સામે આંગળીઓ ચીંધાઈ રહી છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી, પરંતુ સ્થાનિક લોકોમાં ભય અને તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને પગલે વલસાડના રાજકારણ ગરમાયું હતું. કૉંગ્રેસ અગ્રણી મિત દેસાઈએ આક્ષેપ કર્યો હતો કે આ ટાંકીનું નિર્માણ 'જયશક્તિ સુપર કન્સ્ટ્રક્શન' નામની કંપની કરી રહી છે. આ એ જ કંપની છે જેણે અગાઉ સુરતના તારકેશ્વરમાં ૨૧ કરોડ રૂપિયાની પાણીની ટાંકી બનાવી હતી, આ ટાંકી પણ ધરાશાયી થઈ હતી. વિપક્ષે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે સુરતમાં જેનો રેકોર્ડ ખરાબ રહ્યો છે તેવી કંપનીને બ્લેકલિસ્ટ કરવાના બદલે વલસાડમાં ફરીથી કામગીરી કેમ સોંપવામાં આવી? શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે? બીજી તરફ, વલસાડના પ્રાંત અધિકારી વિમલ પટેલે આ મામલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ટાંકીનું કામ લગભગ પૂર્ણતાના આરે છે અને પ્રાથમિક દ્રષ્ટિએ માત્ર સ્લેબના પતરા નીકળી ગયા હોય તેવું જણાય છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ ટેકનિકલ એક્સપર્ટ નથી, પરંતુ નગરપાલિકાના ઈજનેરો સાથે આ અંગે ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. જો તપાસમાં બાંધકામની ગુણવત્તામાં ખામી અથવા કોન્ટ્રાક્ટરની બેદરકારી જણાશે, તો કાયદેસરના કડક પગલાં લેવાની ખાતરી તેમણે આપી છે. ■

# અમદાવાદ મનપાએ ૧૪૦ બાંધકામ સાઈટ્સ પર ખાસ ડસ્ટ સેન્સર લગાવ્યા, પ્રદૂષણકારક સાઈટ્સને બે કરોડથી વધુનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં બાંધકામ પ્રવૃત્તિઓથી ઉડતી ધૂળ લાંબા સમયથી હવા પ્રદૂષણનો મુદ્દો ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) દ્વારા શહેરમાં બાંધકામ પ્રવૃત્તિઓથી ફેલાતા હવા પ્રદૂષણને અટકાવવા માટે કેટલાંક નિર્ણાયક પગલાં ભરવામાં આવી રહ્યાં છે. મનપાએ ૨૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તાર ધરાવતી ૧૪૦ બાંધકામ સાઇટ્સ પર ડસ્ટ સેન્સર, એર ક્વોલિટી ડિસ્પ્લે અને સીસીટીવી કેમેરા ફરજિયાત કર્યા છે. આ પહેલ ૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને શહેરની હવા ગુણવત્તા સુધારવા અને પર્યાવરણીય ધોરણો જાળવવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આ ઉપરાંત મિસ્ટ મશીનનો ઉપયોગ કરવો તથા ખોદકામ દરમિયાન નીકળતી માટીને અથવા રેતી સંપૂર્ણ રીતે હાંકવી, સાઇટની આજુબાજુ બેરીકેટ અને ગ્રીટનેટની વ્યવસ્થા કરવી, સાઇટની અંદર આવવા જતા માર્ગોને યોગ્ય રીતે પેવ કરવા અને એન્ટ્રી એક્ઝિટ પર ટાયર વોશર સિસ્ટમ લગાવવાની રહેશે. આ પૉલિસી અંતર્ગત અત્યાર સુધીમાં આશરે ૧૪૦ કન્સ્ટ્રક્શન સાઇટ્સ પર ડસ્ટ સેન્સર લગાવવામાં આવ્યા છે અને નિયમિત મોનિટરિંગ કરીને આવવામાં પ્રદૂષણનું પ્રમાણ ઓછું કરવામાં આવે છે. એટલું જ નહીં વિવિધ કન્સ્ટ્રક્શન સાઇટ પર ગ્રીન નેટ લગાવવાનું પ્રમાણ પણ વધ્યું છે જેથી પેનલ્ટી કલેક્શન લઘુતમ થયું છે. આ પોલીસી અંતર્ગત ૨૦૨૪-૨૫ દરમિયાન વિવિધ કન્સ્ટ્રક્શન સાઇટ પરથી રૂ. ૧.૭૧ કરોડ અને ૨૦૨૫-૨૬માં આજદિન સુધી રૂ. ૧.૧૬ કરોડની પેનલ્ટી વસૂલ કરવામાં આવી છે. ■

# જાન્યુઆરી ૨૦૨૬માં ગુજરાતની જીએસટીની આવક વાર્ષિક ૧૩ ટકા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યએ જાન્યુઆરી ૨૦૨૬માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ની આવકમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ગુજરાતનું રાજ્ય જીએસટી (એસજીએસટી) વસૂલાત વાર્ષિક ધોરણે ૧૩% વધીને રૂ. ૭,૭૪૨ કરોડ થઈ ગઈ છે, જે જાન્યુઆરી ૨૦૨૫ માં રૂ. ૬,૮૭૩ કરોડ હતી. પ્રી-સેટલમેન્ટ ધોરણે, રાજ્યએ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન એસજીએસટીમાં રૂ. ૪,૩૩૮ કરોડ એકઠા કર્યા હતા, જે ગયા વર્ષના સમાન મહિનામાં રૂ. ૪,૦૨૫ કરોડની તુલનામાં ૮% વધુ છે.

સમગ્ર ભારતમાં, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી સેટલમેન્ટ બાદ એસજીએસટી વસૂલાત ૬% વધીને રૂ. ૯૧,૭૩૧ કરોડ થઈ હતી, જે એક વર્ષ અગાઉ રૂ. ૮૬,૩૮૮ કરોડ હતી. સેટલમેન્ટ પહેલાની એસજીએસટી વસૂલાત પણ ૬% વધીને રૂ. ૪૭,૮૧૭ કરોડ થઈ હતી, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદ એરપોર્ટ પરથી ચાર મહિલા દોઢ કરોડની કિંમતનું સોનું સ્મગલ કરતાં ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રવિવારે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ) દ્વારા ચાર મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી, જેમાં લગભગ ૯૪૫.૫ ગ્રામ ૨૪ કેરેટ સોનાના દાગીના ભારતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ દાગીના પર રોડિયમ કોટેડ કરવામાં આવ્યું હતું જેથી તેનો દેખાવ ઢંકાઈ શકે. બજારમાં આ વસ્તુઓની કિંમત લગભગ ૧.૫૨ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. કસ્ટમ્સ ખાતાએ આપેલી માહિતી અનુસાર, જેદ્દાહથી અમદાવાદ આવતા મુસાફરોની વિગતવાર તપાસમાં સાત રોડિયમ પ્લેટેડ સોનાની ચેન અને સાત સોનાની બંગડીઓ મળી આવી હતી, જેમાં કુલ ૯૪૫.૫૭ ગ્રામ ઉચ્ચ શુદ્ધતા ધરાવતું સોનું હતું. અધિકારીઓ માને છે કે કોટિંગનો ઉપયોગ શોધ ટાળવા માટે કરવામાં આવ્યો હતો.

એજન્સીએ જણાવ્યું હતું કે સોનું કથિત રીતે મહિલાઓને તેમની સાથે મુસાફરી કરી રહેલા એક ટ્રાવેલ એજન્ટ દ્વારા સોંપવામાં આવ્યું હતું. મળી આવેલી વસ્તુઓ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ જપ્ત કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે. બીજા એક કેસમાં, કસ્ટમ અધિકારીઓએ શનિવારે એક વ્યક્તિને અટકાવ્યો હતો જેણે વિદેશથી પરત ફરતી વખતે તેના મોંમાં સોનું છુપાવ્યું હતું. અધિકારીઓએ ૧૦૮ ગ્રામ સોનું જપ્ત કર્યું, જેની કિંમત આશરે રૂ. ૧૭.૯૩ લાખ હોવાનું જાણવા મળ્યું હતું. ■

# કેન્દ્રીય બજેટમાં મહારાષ્ટ્ર રેલવે માટે ₹ ૨૩,૯૨૬ કરોડ ફાળવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરતા લાંબા ગાળાના વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ સેક્ટરમાં કુલ રૂપિયા ૫૩.૫ લાખ કરોડની જોગવાઈ કરી હતી, જેમાં રેલવેને ૨,૭૮,૦૩૦ કરોડની ફાળવણી કરી હતી. એની સાથે દેશમાં સાત હાઈ સ્પીડ રેલ કોરિડોરની જાહેરાત કરી હતી. આજે રેલવે મંત્રાલયે રાજ્યવાર ફાળવણીની જાહેરાત કરી હતી, જેમાં મહારાષ્ટ્ર રાજ્યમાં રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સુરક્ષા પ્રોજેક્ટ્સના વિકાસ માટે અંદાજે રૂ. ૨૩,૯૨૬ કરોડ ફાળવ્યા હોવાનું જણાવ્યું હતું.મુખ્ય પ્રોજેક્ટ્સ અને તેના પર ધ્યાન આપવામાં આવ્યું છે. નવા પ્રોજેક્ટ્સમાં ખાસ કરીને મહારાષ્ટ્રને બે નવા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ્સ માટે મંજૂરી મળી છે: મુંબઈ-પુણે અને પુણે-હૈદરાબાદ કોરિડોરનો સમાવેશ થાય છે. રેલવે મંત્રાલયે જણાવ્યું છે કે રાજ્યમાં ૧,૭૦,૦૫૮ કરોડના વિવિધ કામ પ્રગતિના પંથે છે, જેમાં નવી રેલવે લાઈન નાખવાની સાથે, સ્ટેશન ડેવલપમેન્ટ અને સેફ્ટી સંબંધિત કામગીરીનો સમાવેશ થાય છે.

અમૃત સ્ટેશન યોજના અન્વયે મહારાષ્ટ્રમાં ૧૩૨ સ્ટેશનની કાયાપલટ કરવામાં આવશે, જેમાં લગભગ ૫,૬૭૫ કરોડનું રોકાણ કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં અમૃત સ્ટેશનની યોજના અન્વયે કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે, જેમાં પહેલા ફેઝમાં ૧૭ સ્ટેશનના કામ પૂરા કરવામાં આવ્યા છે, જેમાં દેવલાલી, પરેલ, ધુળે, વડાલા રોડ, માટુંગાનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રમાં પ્રવાસીઓની સુવિધા માટે ખાસ કરીને પ્રીમિયમ ટ્રેનની ફાળવણી પણ વધારે કરવામાં આવી રહી છે, જેમાં હાલમાં ૧૨ વંદે ભારત ટ્રેન ઓપરેશનમાં છે, જ્યારે પાંચ જોડી અમૃત ભારત એક્સપ્રેસ પણ છે. રેલવે ટ્રેક નાખવાની સાથે ઈલેક્ટ્રિફિકેશનનું કામ પણ મોટા પાયે પાર પાડવામાં આવ્યું છે, જેમાં ૨૦૧૪થી અત્યાર સુધીમાં લગભગ ૨,૪૦૦ કિલોમીટરના ટ્રેકનું નિર્માણ કર્યું છે, જે મલયેશિયા નેટવર્ક કરતાં વધુ છે. ઉપરાંત, ૩,૭૪૪ કિલોમીટરમાં ઈલેક્ટ્રિફિકેશનનું કામકાજ સંપન્ન કર્યું છે. રાજ્યમાં ૧,૨૦૦થી વધુ ફ્લાયઓવર અને અન્ડરબ્રિજનું કામ પણ પૂરું કર્યું છે. ■

## સંસ્થા સમાચાર

### સન્માન સમારોહ

મુંબઈની શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા "SMJV Rising: 111 Years and Beyond-Learn, Earn and Return 'થીમ હેઠળ સન્માન સમારોહ અને ભવિષ્ય વિકાસ યોજનાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો, દાતાઓ અને આગેવાનો હાજર રહ્યાં હતાં. ૨૬ જાન્યુઆરીએ વિલેપાર્લેમાં આવેલા બાબુભાઈ જગજીવનદાસ હૉલમાં આયોજિત આ સેરેમનીમાં સેવા, સંસ્કાર અને એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# આજથી સીએસએમટી સ્ટેશન પર બ્લોક

## 'આ' પ્લેટફોર્મ ત્રણ મહિના સુધી બંધ રહેશે; ઘણી ટ્રેનો ફક્ત દાદર, થાણે સુધી જ દોડશે

મુંબઈ : બોરીવલી અને કાંદિવલી વચ્ચેનો એક મહિનાનો બ્લોક હમણાં જ પૂરો થયો હોવાથી પશ્ચિમ રેલવેના મુસાફરોએ હાશકારો અનુભવ્યો છે, ત્યાં હવે મધ્ય રેલવેના મુસાફરોનો લાંબી હાડમારી સહન કરવાનો વારો આવ્યો છે. કારણ કે આજથી (૧ ફેબ્રુઆરી) સીએસએમટી રેલવે સ્ટેશન પર ૮૫ દિવસનો બ્લોક લેવામાં આવશે, જેના કારણે ૧ ફેબ્રુઆરીથી ૨૬ એપ્રિલ સુધી મુસાફરોને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

**બ્લોકનું કારણ શું છે?**

ડિસેમ્બર ૨૦૨૨માં, મધ્ય રેલ્વેએ CSMT સ્ટેશનના પુનર્વિકાસ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી, જેનો કુલ ખર્ચ ૨,૪૫૦ કરોડ રૂપિયા થવાની ધારણા છે. આ પ્રોજેક્ટ હેઠળ સ્ટેશન પરના બે પ્લેટફોર્મનો પુનઃવિકાસ કરવામાં આવશે. તેથી, બંને પ્લેટફોર્મ આગામી ૮૫ દિવસ એટલે કે ત્રણ મહિના સુધી બંધ રહેશે. રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી પુનઃવિકાસનું કામ કરી રહી છે. મધ્ય રેલવેએ શુક્રવારે આ અંગે માહિતી આપી હતી.

**કયા પ્લેટફોર્મ બંધ રહેશે?**

આ બ્લોકને કારણે આજથી પ્લેટફોર્મ નંબર ૧૬ અને ૧૭ બંધ રહેશે. આ કારણે, આ બંને પ્લેટફોર્મ પર ઊભી રહેતી લાંબા અંતરની ટ્રેનો હવે બીજા સ્ટેશન પર ઊભી રહેશે. જોકે એવું કહેવાયું છે કે આનાથી લોકલ ટ્રેનના સમયપત્રક પર બહુ અસર નહીં પડે, પરંતુ કેટલીક લોકલ ટ્રેનો મોડી દોડશે. જોકે, મધ્ય રેલવેમાં અનિયમિતતાનો રેકોર્ડ જોતાં આ નિવેદન વિશ્વસનીય લાગતું નથી.

**કઈ એક્સપ્રેસ ટ્રેનોને અસર થશે?**

આ બ્લોકને કારણે, CSMT તરફ આવતી ઘણી લાંબા અંતરની ટ્રેનોને દાદર સુધી ટૂંકાવવામાં આવશે. દાદર સુધી ટૂંકાવવામાં આવનારી ટ્રેનોમાં અમરાવતી-સીએસએમટી એક્સપ્રેસ (૧૨૧૧૨), બલ્લારશાહ-સીએસએમટી નંદીગ્રામ એક્સપ્રેસ (૧૧૦૦૨), હાવડા-સીએસએમટી એક્સપ્રેસ (૧૨૮૧૦), ભુવનેશ્વર-CSMT કોણાર્ક એક્સપ્રેસ (૧૧૦૨૦), બિદર-CSMT એક્સપ્રેસ (૨૨૧૪૪) / લાતુર-CSMT એક્સપ્રેસ (૨૨૧૦૮) અને મડગાંવ-CSMT તેજસ એક્સપ્રેસ (૨૨૧૨૦)નો સમાવેશ થાય છે. તેમ જ , મેંગલૂરુ - સીએસએમટી એક્સપ્રેસ (૧૨૧૩૪) ફક્ત થાણે સુધી દોડશે.

મધ્ય રેલ્વેએ મુસાફરોને આની નોંધ લેવા વિનંતી કરી છે.

CSMT રેલવે સ્ટેશન પુનઃવિકાસ પ્રોજેક્ટ કુલ ૪૬૧,૫૩૪ ચોરસ મીટર વિસ્તારને આવરી લે છે. ■

# ચાકુ હુલાવી યુવકની હત્યા: બે પકડાયા

લાતુર: લાતુર જિલ્લામાં રસ્તા પર થયેલા વિવાદમાં ચાકુ હુલાવી ૨૪ વર્ષના યુવકની કથિત હત્યા કરવામાં આવતાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

ઈન્સ્પેક્ટર સંતોષ પાટીલે જણાવ્યું હતું કે ઘટના રવિવારની રાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોક ખાતે બની હતી. આરોપી અનિકેત ઉર્ફે ગણેશ ગાયકવાડ અને ભીમા સૂર્યવંશીએ બુદ્ધ નગરમાં રહેતા પ્રજ્વલ મસ્કે પર જીવલેણ હુમલો કર્યો હતો.

ગંભીર રીતે ઘવાયેલા મસ્કેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

ઘટના બની તે સમયે કૉંગ્રેસના વિધાનસભ્ય અમિત દેશમુખ ત્યાંથી પસાર થયા હતા. રૅલીમાંથી પાછા ફરી રહેલા દેશમુખની નજર સામે મસ્કે પર ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો.■

પાંચમાં પાનાનું ચાલુ

## સિદ્દીકી હત્યા

નિવાસસ્થાન પર ગોળીબાર કરવાના કેસમાં પોલીસે પુણેથી પાંચ શકમંદને પકડી પાડ્યા હતા, જેમાંથી ચારની સંડોવણીની ખાતરી થતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલાઓમાં સ્વપ્નિલ બંડુ સકટ (૨૩), કૉલેજ સ્ટુડન્ટ સમર્થ શિવશરણ પોમાજી (૧૯), સિદ્ધાર્થ દીપક યેનપુરે (૧૯) અને આદિત્ય જ્ઞાનેશ્વર ગાયકી (૧૯)નો સમાવેશ થાય છે. ચારેયને રવિવારની રાતે સ્પેશિયલ મૅજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર કરાયા હતા. કોર્ટે તેમને પાંચમી ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

આ કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાને સોંપવામાં આવી હતી. પુણેથી પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારનું ષડ્યંત્ર શુભમ લોણકરે ઘડ્યું હતું. તેણે જ કાવતરાને અંજામ આપવા માટે હસ્તકો મારફત જરૂરી સાધનો અને મદદ પૂરી પાડી હોવાનું કહેવાય છે.

ગોળીબાર બાદ શૂટર જે સ્કૂટર પર ફરાર થયો હતો તે પુણેના રહેવાસી પાસેથી ૩૦ હજાર રૂપિયામાં ખરીદવામાં આવી હતી. સ્કૂટરની કિંમત શુભમે પહોંચાડી હતી. એ સિવાય સ્કૂટરને મુંબઈ પહોંચાડવાની સુવિધા પણ શુભમે જ કરી હતી. શુભમ કુખ્યાત ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈનો સાગરીત હોવાનું પોલીસનું કહેવું છે.

ઉલ્લેખનીય છે કે બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના બાન્દ્રા સ્થિત ગૅલેક્સી એપાર્ટમેન્ટમાં આવેલા નિવાસસ્થાન બહાર બિશ્નોઈ ગૅન્ગના સભ્યોએ ગોળીબાર કર્યો હતો. પછી બાન્દ્રા પૂર્વમાં જ એનસીપીના નેતા બાબા સિદ્દીકીની ઑક્ટોબર, ૨૦૨૪માં ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. ભરરસ્તે સિદ્દીકીની હત્યાથી ખળભળાટ મચી ગયો હતો. એ હત્યાની જવાબદારી બિશ્નોઈ ગૅન્ગે સ્વીકારી હતી. પછીથી પોલીસે એ કેસમાં શુભમના ભાઈ પ્રવીણ લોણકર સહિત કેટલાક આરોપીની ધરપકડ કરી હતી. એ કેસમાં પોલીસ શુભમને શોધી રહી છે.

હવે રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારના કેસમાં પણ શુભમનું નામ સામે આવતાં પોલીસે તેને ફરાર આરોપી દર્શાવ્યો છે. ફાયરિંગ પછી શુભમ લોણકર આરઝૂ બિશ્નોઈના સોશ્યલ મીડિયા એકાઉન્ટ પરથી ફેસબુક પર એક પોસ્ટ મૂકવામાં આવી હતી, જેમાં શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારની જવાબદારી બિશ્નોઈ ગૅન્ગે સ્વીકારી હોવાનો ઉલ્લેખ હતો. વળી, આ પોસ્ટમાં બોલીવૂડ માટે ધમકી પણ આપવામાં આવી હતી.

પોલીસ ગોળીબાર કરનારા શૂટરના પણ સગડ મેળવી રહી છે. ગોળીબાર બાદ ફરાર શૂટર છેલ્લે વિલેપાર્લેના એક સીસીટીવી કૅમેરામાં ઝડપાયો હતો, પરંતુ પછી તે ક્યાં ગયો તેની કોઈ કડી હાથ લાગી નહોતી, એવો દાવો અધિકારીએ કર્યો હતો. જોકે સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર શૂટર જૂહુ ચર્ચ નજીક સ્કૂટર છોડીને રિક્ષામાં ચોપાટી ગયો હતો. ત્યાંથી સ્ટેશને પહોંચીને પછી કલ્યાણ ગયો હતો. કલ્યાણથી તે ટ્રેન પકડી પુણેની દિશામાં ગયો હોવાનું કહેવાય છે. ■

## આ ઘટનાને

તમામ શંકાઓ વિશે ભાજપના રાજ્યસભા સાંસદ અને વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમે સોમવારે પોતાનું મંતવ્ય રજૂ કરતા કહ્યું કે, આ ઘટનાને વિનાકારણ અલગ વળાંક આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

''અજિતના વિમાનમાં છ મુસાફરો હતા તે દર્શાવવા માટે એક પણ પુરાવો સામે આવ્યો નથી. ક્રેશ થયેલા વિમાનમાં એટલું બધું બળતણ હતું કે અંદરના મૃતદેહો કોલસાની જેમ બળી ગયા હતા. આપણે આ અકસ્માત કેસમાં શંકાઓ ઉભી કરીને આ ઘટનાને બિનજરૂરી રીતે અલગ વળાંક આપી રહ્યા છીએ. જો કોઈ કહે કે આ ઘટનામાં કાવતરું હતું, તો કાયદા મુજબ, કાવતરું સાબિત કરવા માટે પ્રથમ દૃષ્ટિએ પુરાવા જરૂરી છે. આજ સુધી આવા કોઇ પુરાવા મળ્યા નથી,'' ઉજ્જવલ નિકમે કહ્યું. ■

## અજિત પવારની

પણ જાણે જનમેદની ઊમટી હતી. સમર્થકો શોક વ્યક્ત કરવા ભેગા થયા હતા તો આ ભીડનો લાભ ઉઠાવવા કેટલાક ચોર બારામતી પહોંચ્યા હતા.

અંતિમયાત્રા જે માર્ગે પસાર થઈ હતી તે દરમિયાન અલગ અલગ ઠેકાણે ૧૫ જેટલા સમર્થકોની સોનાની ચેન અને રોકડ ચોરાઈ હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકરણે રણજિત જાધવે બારામતી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જાધવ સહિત વિશ્વજિત તુપે, અંકુશ દીઘે, પ્રશાંત સપકાળ સહિત અન્યો ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને ગયા હતા. પચીસથી ત્રીસ લાખ રૂપિયાની મતા ચોરાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

આ પ્રકરણે પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે ચોરોને ઓળખી કાઢ્યા હતા. પછી સર્ચ ઑપરેશન હાથ ધરી મળેલી માહિતીને આધારે સાત જણને તાબામાં લેવાયા હતા. અલગ અલગ સ્થળેથી આવેલા આ ચોરોની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. ■

## રાઉતે ભાજપના

કહેતા હતા કે તેમની પાસે ભાજપના કૌભાંડની ફાઇલ છે અને તેઓ આનો ખુલાસો કરશે. તેમણે ૧૫ જાન્યુઆરીએ આ વાત કહી હતી અને આગામી ૧૦ દિવસમાં તેમનું અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ રહસ્યમય છે,'' રાઉતે કહ્યું.

નાગરિક સંસ્થા ચૂંટણી પ્રચાર દરમિયાન, પવારે દાવો કર્યો હતો કે તેમની પાસે ૧૯૯૫ થી ૧૯૯૯ દરમિયાન રાજ્યમાં અવિભાજિત શિવસેના સાથે ભાજપ સત્તામાં હતો ત્યારે થયેલા ભ્રષ્ટાચારની ફાઇલ છે. જે દિવસથી અજિત પવારે ઘટસ્ફોટ કર્યો હતો કે તેમની પાસે ભાજપના કૌભાંડની ફાઇલ છે, તે દિવસથી જ મને શંકા હતી. આનો અર્થ એ છે કે અજિત દાદાએ ભાજપ સાથેના સંબંધો તોડવાનું નક્કી કરી લીધું હતું. હું સ્પષ્ટપણે જોઈ શકતો હતો કે અજિત દાદા ફરીથી શરદ પવાર સાથે જોડાવા માગતા હતા, એવો દાવો સંજય રાઉતે કર્યો હતો.

રાઉતના આરોપો અંગે પ્રતિક્રિયા આપતા ભાજપના એમએલસી ચિત્રા વાઘે કહ્યું હતું કે તેઓ અપ્રમાણિત દાવાઓ કરીને પોતાના હિત માટે કોઈના મૃત્યુનો ઉપયોગ કરી રહ્યા છે. ''જો અજિત પવાર પાસે ભાજપ વિરુદ્ધ કોઈ દસ્તાવેજો હતા, અને જો તે સળગાવવામાં આવ્યા નથી, તો તેને શોધી કાઢવા જોઈએ. રાઉત કોર્ટમાં જવા માટે સ્વતંત્ર છે. તેમણે કટાક્ષમાં ઉમેર્યું કે રાઉત આંતરરાષ્ટ્રીય અદાલતમાં પણ જઈ શકે છે, કારણ કે તેઓ એવી કોઈ પણ બાબતમાં વિશ્વાસ નથી રાખતા જે ભારતીય હોય. ■

## શેટ્ટીને ટાર્ગેટ

રજિસ્ટ્રેશન ટ્રાન્સફર કરાયું નહોતું. સ્કૂટરનું રજિસ્ટ્રેશન મૂળ માલિકના નામે જ હોવાથી પોલીસને જ્યારે જૂહુ ચર્ચ પાસેથી સ્કૂટર મળ્યું ત્યારે શંકાના ઘેરામાં સૌપ્રથમ સ્કૂટર માલિક આવ્યો હતો.

પોલીસે સ્કૂટરના માલિકને તાબામાં લઈ પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન તેણે આપેલી માહિતીની ખાતરી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે સ્કૂટરનો ઉપયોગ ગેરકાનૂની કામમાં થવાનો છે એની જાણકારી સ્કૂટર માલિકને નહોતી. આ ગોળીબારમાં તેની ભૂમિકા ન હોવાનું સ્પષ્ટ થયું હતું. આખરે નોટિસ બજાવી તેને હાલમાં છોડી દેવાયો હતો.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ફરાર આરોપી શુભમ લોણકરની સૂચનાથી બે આરોપી સ્કૂટરને મુંબઈ લઈ આવ્યા હતા અને શેટ્ટીના નિવાસસ્થાન પર ગોળીબાર કરનારા શૂટરને સોંપ્યું હતું. શૂટર એ સ્કૂટર લઈને જૂહુ પહોંચ્યો હતો. બે બિલ્ડિંગ પહેલાં જ સ્કૂટર પાર્ક કરીને તે શેટ્ટી ટાવર સામે ગયો હતો. ગોળીબાર પછી શૂટર ભાગતો સ્કૂટર પાસે આવ્યો હતો અને સ્કૂટર પર બેસી ફરાર થયો હતો. જોકે તુલિપ સ્ટાર હોટેલ નજીકના સિગ્નલ પાસે નાકાબંધી જોઈ ડરી ગયેલા શૂટરે ચર્ચ પાસે સ્કૂટર પાર્ક કરી દીધું હતું.શૂટરને પિસ્તોલ-કારતૂસ અને ગોળીબાર માટે નાણાં કોણે પૂરાં પાડ્યાં તેની માહિતી પોલીસ મેળવી રહી છે. એ સિવાય પકડાયેલા આરોપી બિશ્નોઈ ગૅન્ગ સાથે સંકળાયેલા છે કે કેમ તેની પણ વિગતો મેળવવામાં આવી રહી છે. ■

## સરપંચ બનવા

એકલો હતો. તેની સાથે પ્રાચી ન હોવાથી પત્નીએ પૂછપરછ કરી હતી. આરોપીએ તે સમયે ઉડાઉ જવાબ આપ્યા હતા.

બીજે દિવસે બાળકીનો મૃતદેહ કૅનાલમાંથી મળતાં તેલંગણામાં ચકચાર ફેલાઈ હતી. પોલીસ સીસીટીવી કૅમેરા ફૂટેજ અને અન્ય વિગતોને આધારે પાંડુરંગ સુધી પહોંચી હતી. પાંડુરંગે કૅનાલમાં ધક્કો મારી પુત્રીને પતાવી નાખી હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

પાંડુરંગની અટકાયત કરવામાં આવતાં જ ગામમાં વિવિધ ચર્ચાએ જોર પકડ્યું હતું. હત્યાનો હેતુ સ્પષ્ટ થઈ શક્યો નહોતો. આર્થિક તાણને કારણે તેણે આવું પગલું ભર્યું હોવાનું કહેવામાં આવતું હતું. જોકે મોટા ભાગના ગામવાસીઓમાં ચર્ચા હતી કે પાંડુરંગ ગ્રામપંચાયતની ચૂંટણી માટે તૈયારી કરતો હતો. સરપંચ પદના ઉમેદવાર તરીકે તે ચૂંટણી મેદાનમાં ઊતરવાનો હતો, પરંતુ ત્રણ સંતાન હોવાથી તે ચૂંટણી લડવા ગેરલાયક ઠરી શકે એ મુદ્દાને ધ્યાનમાં રાખી પાંડુરંગે ક્રૂર પગલું ભર્યું હોવાનું કહેવાય છે. ■

# હિન્દુ મરણ

**કપોળ**

ઓથાવાળા હાલ અંધેરી સ્વ. ગોકળદાસ વલ્લભદાસ પારેખના ધર્મપત્ની ગં. સ્વ. દમયંતી (જીતીબેન) (ઉં. વ. ૯૩) શનિવાર તા. ૩૧-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નીતીન, અજીતનાં માતુશ્રી. નયના, ઝરણાંનાં સાસુ. જીજ્ઞા નીલકંઠ ભુતા, વિરલ અને સંકેત-શ્રુતિનાં દાદી. ડુંગરવાળા સ્વ. હરિદાસ કરસનદાસ વોરાનાં દીકરી. સ્વ. જયશ્રીબેન હસમુખલાલ ગોરડિયાના મોટાબેન. પ્રિશા અને યુવાનનાં પરદાદી. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**વીશા સોરઠિયા વણિક**

બાલાગામવાળા હાલ વસઇ નિવાસી હીરાચંદ હરજીવન શાહના સુપુત્રઅમૃતલાલ હિરાચંદ શાહ (ઉં. વ. ૭૮) તે તા. ૩૧-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હંસાબેન (હીરાબેન) ના પતિ. હિતેશ તથા નેહલના પિતા. હિતેશકુમાર તેમ જ બંસરીન સસરા. સ્વ. કનુભાઇ, સ્વ. જયચંદભાઇ, સ્વ. નવીનચંદ્ર ભાઇ, બિપિનભાઇ, કિરીટભાઇ, સ્વ. જયંતભાઇ, સ્વ. મધુબેન, સ્વ. હસુમતી બેનના ભાઇ. તે ખાગેશ્રીવાળા સ્વ. પ્રભુદાસ નથુભાઇના જમાઇ. કુમનદાસ તુલસીદાસ શાહ તથા મુકુંદ વિઠ્ઠલદાસ શાહના વેવાઇ. લૌકિક પ્રથા બંધ છે. ઠે. ફ્લેટ નં.૨૦૪, વિશા સોરઠિયા નિવાસ, દીવાનમાં તળાવ, વસઇ (વેસ્ટ).

**વિશા મોઢ અડાલજા (ખંભાત)**

મુંબઇ નિવાસી દિપક ચોકસી (ઉં. વ. ૮૧) સ્વ. હીરાબેન શાંતિલાલ ચોકસીના પુત્ર તા. ૩૧-૧-૨૬ના દેવલોક પામ્યા છે. ચંદ્રિકાના પતિ. સુબોધ-બીનાના ભાઇ. કૌશિકભાઇના સાળા. ઉમંગ, સમરના કાકા. જીત, કેવલના મામા. સ્વ. હરીશ ઇશ્વરલાલ કાપડીયાના, સ્વ. કિરણ અરવિંદ દેસાઇ તથા હેમલતાના બનેવી. નીરવ, સુકેતુના ફૂઆ. સુજય તેજલના માસા. લૌકિક વ્યવહાર બંધ છે.

**નૌગામ ભાટિયા**

કમલેશ જયસિંહ સંપટ (ઉં. વ. ૫૪) તે કુમુદબેન જયસિંહ સંપટના સુપુત્ર. તે માયાના પતિ. તે રીટા (સોનુ) સંજય જાલાન, રૂપા કુનાલ ભાટિયા, કીર્તિ બ્રિજેશ વેદના ભાઇ. તે હીરાબેન હરિદાસ સંપટના પૌત્ર. તે પુષ્પાબેન, ડો. વિજય સંપટના ભત્રીજા. તા. ૨૯-૧-૨૬ના પુના મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લીલાવંતીબેન દેવચંદ સુંદરજી ઠક્કરના સુપુત્ર વિનોદભાઇ (ઉં.વ.૬૯) ગામ મુંદ્રા હાલે મુલુંડ તા. ૩૧-૧-૨૬ને શનિવારે રામશરણ પામેલ છે. તે સ્વ. સરલાબેનના પતિ. સ્વ. અમિત અને વૈભવના પિતાશ્રી. સ્વ. મોતીબેન શંકરલાલ નેણશી ભંગદે દનાણીના જમાઇ. સ્વ. નરેશભાઇ, રોહિત, જિતેન્દ્ર અને જયશ્રીબેન તુષારભાઇ પરબીયાના ભાઇ. તે ગં. સ્વ. નંદિતાબેન, રેણુકાબેન (શાંતાબેન)ના દિયર. મીનાબેનના જેઠ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૨-૨૬ મંગળવારના મુલુંડ (વેસ્ટ), કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર. આર. ટી. રોડ ખાતે રાખેલ છે. સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. સુશીલાબેન ગોકુલદાસ માણેક કચ્છ ગામ કોઠારા હાલ મુલુંડ વાળાના નાના પુત્ર ભરત (ઉં.વ.૬૦) તે બીના (લખી)ના પતિ. મોનીષ પાયલના પિતાશ્રી. નુપુર તથા વિષ્ણુના સસરા. સરલાબેન દિનેશકુમાર રુખાણા, પ્રવીણ, અશોકના ભાઇ. વિણાબેન તથા આશાબેનના દિયર. રીયાન સવ્યના દાદા. સ્વ. નેહા, ઝરણા, ભક્તિ, સુદીપ, રાજના કાકા. ધર્મેશ, એકતા જયેશ તન્ના, પુનિતના મામા. સ્વ. કાશીબેન રામદાસ ચંદેના નાના જમાઇ. તા. ૧-૨-૨૬ રવિવારના મુલુંડ મધ્યે રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૨-૨૬ મંગળવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. પરમેશ્વરી સેન્ટર, ૧લે માળે, નંદનવન ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટની સામે, મદન મોહન માલવીયા રોડ, અચીજા હૉટેલની પાસે, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. નરેન્દ્ર ટી. ઠક્કર તા. ૨-૨-૨૬ સોમવારના અવસાન પામેલ છે. તે તુલસીદાસ એમ. ઠક્કરના પુત્ર. પ્રાર્થનાસભા તા. ૪-૨-૨૬ને બુધવારના, ૪.૩૦ થી ૫.૦૦ વાગે રાખેલ છે. સ્થળ- આનંદ જૈન ભવન, ૨-૬,૩૭, સુખ રોડ, બોવેન યપલ્લી, સીકંદરાબાદ, તેલંગણા હર્ષાબેન ઠક્કરના પતિ. અમિત અને પ્રેમલના પિતા. સીમાના સસરા. સોનલ અને કનકના દાદાજી.

**મુંબઈ કચ્છી ભાવસાર સમાજ**

ગામ મોરજર કચ્છ નિવાસી હાલ બોરીવલી શ્રી કિશોરભાઈ મોહનલાલ ભાવસાર (ઉં. વ. ૭૦) તે ૧/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ગં. સ્વ નયનાબેનના પતિ. ચિંતન તથા ચેતનના પિતા. અ.સૌ. મેઘના તથા અ. સૌ. કાજલના સસરા. હર્ષદભાઈ, ભરતભાઈ, પ્રકાશભાઈ, નિમેષભાઈ, દીપાબેન નંદલાલભાઈ બરવાળીયાના ભાઈ. જય, નાઈશા. જીયાના દાદા. તેમની પ્રાર્થનાસભા ૩/૨/૨૬ મંગળવાર, ૫ થી ૭ કલાકે રઘુલીલા મોલ, ચોથે માળે, કાંદિવલી વેસ્ટ.

**દશા મોઢ માંડલિયા વણિક**

ભેરાઇવાળા શ્રી ધીરજલાલ ગોકળદાસ દોશી, (ઉં. વ. ૮૮) તા. ૩૧.૧.૨૬ને શનિવારના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઉષાબેનના પતિ. સ્વ. મગનભાઈ, સ્વ. જમનાદાસભાઈ, સ્વ. પરમાણંદભાઈ તથા ભુપેન્દ્રભાઈના ભાઈ. હિના હિતેશ વોરાના પિતાશ્રી. ભરત, વિજય, કેતનના કાકા. લંડનવાળા ભવાનજીભાઈ લાલજીભાઈ ગાંધીના જમાઈ. ધીર, કિશન, જાહ્નવી અને ક્રિપાના દાદા . પ્રાર્થનાસભા તથા લૌકિકની પ્રથા બંધ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. લીલાબેન અને સ્વ. નટવરલાલ કોદરલાલ મોદીના પુત્ર વસંતભાઈ (ઉં. વ. ૭૯) (હાલ બોરીવલી) તેમજ સ્વ. પૂર્ણિમાબેનના પતિ તથા સાસરીપક્ષે સ્વ. ચંદ્રકાંતાબેન અને સ્વ. બાબુલાલ મણિલાલ દેસાઈ (તેલવાલા)ના જમાઈ. તેમજ નિલ્પેશ, ચિરાગના પિતાશ્રી. અરૂણાબેન, શશીકાંતભાઈ, સ્વ. સતીશભાઈ, અજિતભાઈ, સ્વ. પરેશભાઈના ભાઈ. શુક્રવાર, તા. ૩૦/૧/૨૬ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા મંગળવાર, તા. ૩/૨/૨૦૨૬ના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦. ઠે. સનરાઈઝ પાર્ટી હોલ, એ-વીંગ, શ્રીજી મહલ, આનંદીબાઈ કાલે કોલેજની સામે, સાંઈ બાબા નગર, બોરીવલી (પશ્ચિમ), લૌકીક પ્રથા સદંતર બંધ રાખવામાં આવેલ છે.

**કપોળ**

લુણસાપુરવાળા જાફરાબાદ હાલ બેંગ્લોર ઈશ્વરદાસ જમનાદાસ ગોરડીયા (ઉં. વ. ૯૬) તે ૩૦/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. નિર્મળાબેનના પતિ. દિપક, સુરભી, જ્યોતિ, ઉષાના પિતા. નયના, હરેશ, નિરંજન, મુરારીના સસરા, શ્રુતિના દાદા. પાંચતલાવડાવાળા છોટાલાલ જમનાદાસ કાણકિયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા પ્રજાપતિ કુંભાર જ્ઞાતિ**

ગામ વેરાવળ હાલ નવી મુંબઈ વાશી વિશાલભાઈ પ્રવીણભાઈ ભરડવા, (ઉં. વ. ૩૨) તા. ૧-૨-૨૬, રવિવારના શ્રીરામશરણ પામ્યા છે, તેઓ જયાબેન તથા પ્રવીણભાઈ ભરડવાના પુત્ર. ગં.સ્વ. શાંતિબેન તથા સ્વ. જેઠાભાઇ નારણભાઈ ભરડવાના પૌત્ર. મયુરાબેન, સોનિયાબેન, ડિમ્પલબેન, યુગાન્તભાઈ, પરવભાઇ, વિધીબેન, ખુશીબેન, વિયતિબેન, ભાવેશભાઈ અને પ્રિયંકાબેનના ભાઈ. દીપ્તિબેન ભરડવાના દિયર અને યોગેશભાઈ જૈન(ઢાકડ)ના સાળા. સદ્ગતની પ્રાર્થના સભા (કસુંબો) મંગળવાર, તા.૦૩-૦૨-૨૬ ના સમય ૪:૦૦ થી ૬:૦૦ કલાકે સાનપાડા ખાતે રાખેલ છે. ઠે. શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ હોલ,પ્લોટ નંબર-૬, સેક્ટર-૨, ઓરિએન્ટલ કોલેજની સામે, સાનપાડા રેલવે સ્ટેશન ની પાસે, સાનપાડા, નવી મુંબઈ.

# પારસી મરણ

સરોશ અરદેશીર મેધોરા તે મરહુમો આલામાય અરદેશીર મેધોરાના દીકરા. તે ઝરીન ને દોલતના ભાઇ. તે ડૉ. ફ્રેની એ. રાઇમલવાલાના કઝીન સિસ્ટર. (ઉં. વ. ૭૨) રે. ઠે. એફ. એસ. પારેખ ધર્મશાળા, નં-૩૪, હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૨-૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે દેલહી અગિયારીમાં છેજી.

પરવીઝ અદી કાંગા ઓસતા અદીના ધનિયાની. તે મરહુમો પીલુ કૈયખશરુ તાતાના દીકરી. તે શાહરુખ ને રોહીનતન ના માતાજી. તે કેરમીનના સાસુજી. તે નોશીર, પોરસ ને મરહુમ જમશેદના બહેન. તે એરવદ નેવીલી, નતાશા, નાશાના બપઇજી. (ઉં.વ. ૮૬) રે. ઠે. ૮૦૮, આઇમાઇ મંઝીલ, ૧લે માળે, રૂમ. નં. ૪, ડો. આંબેડકર રોડ, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૨-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે નારીયલવાળા અગિયારીમાં છેજી.

આરમઇતી હોશંગ મેહતા તે હોશંગ ના ધન્યાની. તે મરહુમો ઓસતી દોલી એરવદ અરદેશીર રાવજી તે મરહુમ એરવદ અસપી આસતાદ ને જરુના બહેન. તે મરહુમો બાનુબઇ ફરેદુન મેહતાના વહુ. (ઉં. વ. ૯૯) રે. ઠે. એ-૮, પંચવટી સદન, વીટીસી, બોરીવલી (વે), ડિસ્ટ્રિક મુંબઇ, સબ અરબન સ્ટેટ, મુંબઇ-૪૦૦૦૯૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૨-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે અસલાજી અગિયારીમાં છેજી.

દારા સોરાબજી કોલાબેવાલા બાનુ દારા કોલાબાવાલાના ધણી. મ. પેરીનબાનુ તેમ જ સોરાબજી કોલાબાવાલાના દીકરા. તનાઝ અને કયોમર્ઝના પપ્પા. નવાઝ અને ચેસલીના સસરાજી. કુમી બખતાવર જીમી સાયરસ મ. રૂસી રોહીન્ટન રૂબીના ભાઇ. કલોઇ તેતના મમાવાજી. (ઉં. વ. ૮૪) રે. ઠે. બી-૫૦૨, વીન્ટેઝ પરલ, ૨૯ રોડ, ટી.પી.એસ-૩, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.

ફરોખ જાલ ધાભર તે મરહુમો દીનામાય જાલેજર ધાભરના દીકરા. તે રોશન, ફીરુઝા, રુબી, જમશેદના ભાઇ. તે વીસપી, સાઇરસ, હરશદા, હીરીશીકેશ તથા તનાઝના મામા. તે હુમીન, સનાયા, યાસનાના કાકા. તે અરનાવાઝના જેઠ. (ઉં. વ. ૬૩) રે. ઠે. તાતા બિલ્ડિંગ, ફ્લેટ નં.૧૧, ધનાબાઇ વાડી. દાદાભાઇ રોડ, પારસી કોલોની, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૬.

રોદા ફિરોઝ એન્જિનિયર તે મરહુમ ફિરોઝના ધન્યાની. તે મરહુમો આઇમાય જમશેદ મહાવાના દીકરી. તે રુઝબે ને રુકસાના ના માતાજી. તે મરહુમ દીલશાદના બહેન. તે રશના ફરહાદ ને મરહુમ ખુશરુના મમઇજી. તે બોમી ને તેહમતરના જમાઇ. (ઉં. વ. ૯૫) રે. ઠે. અઝીઝ બિલ્ડિંગ, ફ્લેટ નં.૧૬, ૧લે માળે, તારદેવ, મુંબઇ : ૪૦૦૦૩૪.

# જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

તણસા નિવાસી હાલ વિરાર સ્વ. પોપટલાલ ગીરધરલાલ વોરાના સુપુત્ર સ્વ. પ્રતાપરાયના ધર્મપત્ની અશ્વિનાબેન પ્રતાપરાય વોરા (ઉં. વ. ૭૦) તા. ૦૨.૦૨.૨૦૨૬ સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે નરેન્દ્રભાઈ, સ્વ. રજનીભાઈ, જિતેન્દ્રભાઈ તથા સ્વ. આશાબેન, મીતાબેનના ભાભી. જલ્પા, માનસી, અમીતકુમાર ગોપાણી, ભુમી જયકુમાર મહેતા, અવનીના માતુશ્રી. પિયરપક્ષે બુઢણાવાળા હાલ ભાવનગર સ્વ. શેઠશ્રી શાંતિલાલ ભગવાનદાસ શાહ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી-૬, યમુનાજી સોસાયટી, શ્રીપાલ કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપની પાછળ, જૈન દેરાસરની સામે, વિરાર (વેસ્ટ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

જોરાવરનગર નિવાસી હાલ નાલાસોપારા સ્વ. મંજુલાબેન અંબાલાલ રાજપાળ શાહના પુત્રવધૂ તથા સ્વ. બિપીનભાઈના ધર્મપત્ની ગં. સ્વ અરૂણાબેન શાહ (ઉં. વ. ૭૨) તે ૩૦/૧/૨૬ના અવસાન પામેલ છે. તે આકાશ તથા નીતુ શૈલેષ બગડિયા તથા ધરતી ચેતનકુમાર જૈનના માતુશ્રી. કાવ્ય તથા આયુષીના નાની. લીંબડી નીવાસી સ્વ. લીલાબેન હિંમતલાલ શાહ ના દીકરી સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ કાંદિવલી સ્વ. ગુણવંતીબેન અને સ્વ. ગુલાબચંદ તારાચંદ શાહના સુપુત્ર મધુસુદનભાઇ (ઉં. વ. ૭૯) તે જયોતિબેનના પતિ. જય તથા ફેનીલના પિતા. અદિતિ તથા મૈત્રીના સસરા. સ્વ. હેમેન્દ્રભાઇ, સ્વ. પદમાબેન, જયોત્સનાબેન તથા ઉષાબેનના ભાઇ. સ્વ. જેઠાલાલ દેવીદાસ શાહના જમાઇ. તા. ૧-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

બોટાદ નિવાસી હાલ ભાયંદર સ્વ. મનહરલાલ ગાંડાલાલ સલોતના પત્ની. ગં. સ્વ. હિરાબેન (ઉં.વ.૭૮) તે જીજ્ઞેશ, કમલેશ, મીલન, પારુલબેન તથા રક્ષાબેનના માતા. ભાવિકા, કૃપા, આરતીબેન, પંકજકુમાર, ધીમંત કુમારના સાસુ. સ્વ. પ્રેમચંદભાઇ, સ્વ. નંદલાલભાઇ, સ્વ. વાડીલાલભાઇ, સ્વ. કાંતિભાઇ તથા સ્વ. મહાસુખભાઇ, સ્વ. કાંતાબેન, સ્વ. લીલીબેન, સ્વ. મંગળાબેનના ભાભી. પિયર પક્ષે નાગરદાસ લલ્લુભાઇ દેસાઇના દીકરી. તા. ૧-૨-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લિંબડી નિવાસી હાલ કાંદિવલી મુંબઇ પ્રફુલભાઇ હરિલાલ ધારશી શાહ (ઉં. વ. ૮૬) તા. ૧-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિનોદીનીબેન પ્રફુલ્લભાઇ શાહના પતિ. સ્વ. સમીરભાઇ તથા રાજનભાઇના પિતાશ્રી. જસ્મીનાબેન તથા નીશાબેનના સસરા. સ્વ. પ્રવીણભાઇ, દિલીપભાઇ, હેમેન્દ્રભાઇ, શારદાબેન ગોસલીયા, સુધાબેન શાહ, હેમલતાબેન પરીખ, ઇન્દિરાબેન શાહના ભાઇ. કિંજલ ચિરાગ પારેખ, હેતા પાર્થ, સ્નેહના દાદા. શાંતીલાલ માધવજી શાહના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૨-૨૬ મંગળવારના સવારના ૧૦થી ૧૨. ઠે. લોટસ બેન્કવેટ, ૪થે માળે, રઘુલીલા મોલ, બોરસાપાડા રોડ, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મલાડ સ્વ. ગંભીરદાસ જાદવજી શાહના ધર્મપત્ની હસુમતીબેન (ઉં. વ. ૯૪) રવિવાર, તા. ૧/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કિરીટભાઈ, મુકેશભાઈ, જાગૃતિબેન મહેશકુમાર, દર્શનાબેન અનીલકુમારના માતુશ્રી. ભારતીબેન અને છાયાબેનના સાસુ. સ્વ. ભૂપતભાઈ સ્વ. શાન્તિભાઈ, વસંતભાઈ, સ્વ પ્રવિણભાઈના ભાભી. પીયરપક્ષે અનંતરાય અમરચંદ દોશી (મહુવા) ના દીકરી. તેમની પ્રાર્થનાસભા મંગળવાર, તા ૩/૨/૨૬ ને સવારે ૧૦ થી ૧૨ કલાકે રાખેલ છે. વર્ધમાન સ્થાનકવાસી હોલ, એસ.વી રોડ, કાન્દીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવીનાળના રસીક ગણશી પ્રેમજી વોરા (ઉં. વ. ૭૫) તા. ૩૦-૧-૨૬ના અવસાન પામ્યા છે. વેલબાઈ ગણશી પ્રેમજી વોરાના પુત્ર. પ્રભાવતીના પતિ. પ્રીતિ, જ્યોતિ, અમિતના પિતા. વીનોદ, કિર્તી, રમણીક, કસ્તુર, જસવંતીના ભાઈ. ભુજપુરના લક્ષ્મીબેન ધારશી ભારમલ દેઢિયા ના જમાઇ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે),. ટા. ૨ થી ૩:૩૦.

મોખાના ચંદ્રકાંત નાનજી ભેદા (ઉં. વ. ૭૬) તા. ૩૧-૧-૨૬ ના દેવલોક ગમન કરેલ છે. વિમળાબેન નાનજીના સુપુત્ર. વર્ષાબેન (વેલબાઈ)ના પતિ. પ્રીતી, ડો. હેમલના પિતા. સી.એ. ડો. વસંત ભેદા, ઉર્મિલા, છસરાના મંજુલા/જયાના ભાઈ. બેરાજા લાછબાઈ પાલણ મામણિયાના જમાઇ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ડો. હેમલ ભેદા, ૫૦૩, મિથિલા, નીલકંઠ કિંગડમ, વિદ્યાવિહાર (વે) મુંબઈ-૮૬.

ભોજાય હાલે સાંગલીના સુરેશ ગણશી ગાલા (ઉં. વ. ૬૫) તા. ૩૧/૧/૨૬ના ભુજ મધે અવસાન પામેલ છે. મમીબાઇ રવજીના પૌત્ર. ખેતબાઇ ગણશીના પુત્ર. મીનાબેનના પતિ. સમીર પુજાના પિતાશ્રી. સ્વ. આણંદજી, સ્વ. વલ્લભજી, સુંદરબેન ગોવિંદજી, લક્ષ્મીબેન કુંવરજી, વિજયાબેન મણીલાલ, મણીબેન ખુશાલચંદના ભાઇ. મુલબાઇ મુરજી હરિયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. સમીર ગાલા, બી ૫૩૮ ગિરનાર કોમ્પલેક્ષ સાંગલી.

કપાયાના મંજુલા માવજી સંગોઇ (ઉં. વ. ૮૭) તા. ૩૧/૧/૨૬ના અવસાન પામેલ છે. સ્વ. માવજીના ધર્મપત્ની. કુંવરબેન જેઠા મુરજીના પુત્રવધૂ. પ્રિતી, પ્રજ્ઞા, હિતેશના મમ્મી. નાગલપુરના લક્ષ્મીબેન ખીમજી ખીયશી સાવલાના પુત્રી. હીરાલાલ, જયંતીલાલ, ચુનીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રજ્ઞા સંગોઇ, ૨૦૧/ રાખી એપાર્ટમેન્ટ, તીલક રોડ, ડોમ્બીવલી (ઇ).

ડુમરાના ભાનુબેન ધનજી લાલન (ઉં. વ. ૭૫) તા. ૧-૨-૨૬ના અવસાન પામેલ છે. ધનજી જેઠાભાઈના ધર્મપત્ની. વિઢના લક્ષ્મીબેન કુંવરજી નાગડાની સુપુત્રી, દેવપુરના જયાબેન રમેશ, વિઢના ભારતી કિશોર, પુનડીના મધુ કાન્તી, રાજકોટના રમીલા અનીલના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ધનજી લાલન, એ-૭, સમ્રાટ, વી.પી. રોડ, મુલુંડ (વે).

રતાડીયા ગણેશના જયંતિલાલ કલ્યાણજી ભગત (ઉં. વ. ૭૭) તા. ૩૧-૧-૨૬ ના અવસાન પામેલ છે. મણીબેન કલ્યાણજીના પુત્ર. કંચનબેન ના પતિ. દિપેશ, પ્રતિમા, તનુજા, પ્રિનલના પિતાશ્રી. સ્વ. સુરેશ, ભારાપુરના વંદના રમેશના ભાઈ. વડાલાના વેલબાઈ ઊમરશી પુંજાના જમાઇ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (વે) ટા. ૩ થી ૪.૩૦.

## સુનેત્રા પવારને

શપથગ્રહણ વિશે કોઈ જાણકારી નહોતી.

'સામના'ના તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે કે મહારાષ્ટ્ર જાણવા માગે છે કે સુનેત્રા પવારે કોની ઇચ્છાને માન આપી નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધાં કારણ કે એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવાર, પક્ષનાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળે કે પવાર પરિવારના સભ્યોને આ વાતની જાણ નહોતી. સુનેત્રા પવારે એવો સહેજ પણ સંકેત આપ્યો ન હતો કે તેઓ નાયબ મુખ્ય પ્રધાન તરીકે તરીકે શપથ લેવા માટે બારામતીથી મુંબઈ જઈ રહ્યાં છે.

તંત્રીલેખમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે ભાજપનું નેતૃત્વ આ રાજકારણ પાછળ મુખ્ય સૂત્રધાર છે. અજિત પવારના મૃત્યુ પછી પવાર પરિવાર અને મહારાષ્ટ્રના રાજકારણમાં ગૂંચવણો વધી ગઈ છે. ઘણા લોકો ઈચ્છે છે કે આ મુદ્દાઓનો ઉકેલ ન આવે.અજિત પવારના મૃત્યુ પછી એનસીપીમાં કેટલાક લોકો વધુ મહત્ત્વાકાંક્ષી બન્યા અને પાર્ટીમાં ડેપ્યુટી સીએમ પદ માટે સ્પર્ધા શરૂ થઈ. પટેલ અને તટકરે વચ્ચે મતભેદો છે. સુનેત્રા પવારને ડેપ્યુટી સીએમ પદે બેસાડવામાં આવ્યા કારણ કે પાટીલ-પવારનો પક્ષ પટેલ પાસે ન જવો જોઈએ એવો દાવો તંત્રીલેખમાં કરવામાં આવ્યો હતો. સુનેત્રા પવારને જહાજનું સુકાન આપવામાં આવ્યું છે, પરંતુ તેનું એન્જિન અને નિયંત્રણ સીએમ દેવેન્દ્ર ફડણવીસ પાસે છે. સુનેત્રા પવાર અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના બંને ફડણવીસની દયા પર પોતાનું અસ્તિત્વ ટકાવી શકે એમ છે એવો આરોપ મૂકી ઉમેરવામાં આવ્યું છે કે સુનેત્રા પવારનું ડેપ્યુટી સીએમ પદ ફક્ત શોભાનું ન હોવું જોઈએ. તેઓ કદાચ મૂંગા ઢીંગલી નહીં બની રહે અને અસરકારક રીતે કામ કરશે. (પીટીઆઈ)■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સિદ્દીકી હત્યા કેસના આરોપી શુભમ લોણકરે ઘડ્યું રોહિત શેટ્ટી પર ગોળીબારનું ષડ્યંત્ર

### કાવતરાને અંજામ આપવા જરૂરી સાધનો પૂરાં પાડનારા પકડાયા, પણ ગોળીબાર કરનારો શૂટર હજુ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રામાં એનસીપીના વિધાનસભ્ય બાબા સિદ્દીકીની ગોળી મારી હત્યા કરવાના ચકચારી કેસના ફરાર મુખ્ય આરોપી શુભમ લોણકરે જ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુના નિવાસસ્થાન પર ગોળીબારનું ષડ્યંત્ર ઘડ્યું હોવાની ચોંકાવનારી માહિતી આ કેસમાં પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં સામે આવી હતી. બાબા સિદ્દીકીની હત્યા બાદથી પોલીસ શુભમ લોણકરને શોધી રહી છે, પરંતુ હજુ તે પોલીસને હાથ લાગ્યો નથી. એમાં શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર કરનારા શૂટરને જરૂરી સાધનો પૂરાં પાડનારા પકડાયા, પણ શૂટરની કોઈ ભાળ મળી નથી. ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના

(જુઓ પાનું ૪) ▶▶

## શેટ્ટીને ટાર્ગેટ કરવાનું પ્લાનિંગ ચાર મહિનાથી ચાલતું હતું

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીને ટાર્ગેટ કરવાનું પ્લાનિંગ છેક ચાર મહિનાથી ચાલી રહ્યું હતું, એવી માહિતી પકડાયેલા આરોપીએ પોલીસને આપી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ગોળીબારની યોજનાના ભાગ રૂપે જ પુણેના રહેવાસી પાસેથી ચાર મહિના પહેલાં સેકન્ડ હેન્ડ સ્કૂટર ખરીદવામાં આવ્યું હતું અને ઇરાદાપૂર્વક તેનું

(જુઓ પાનું ૪) ▶▶

# સુનેત્રા પવારને ડેપ્યુટી સીએમ બનાવવામાં ભાજપનું ભેજું કામ કરી ગયુંઃ સામના

મુંબઈઃ શિવસેના (યુબીટી)એ સોમવારે દાવો કર્યો હતો કે અજિત પવારના અવસાન પછી થોડા જ દિવસમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ - એનસીપી નેતા સુનેત્રા પવારને મહારાષ્ટ્રનાં નાયબ મુખ્ય પ્રધાન બનાવવા પાછળ ભારતીય જનતા પક્ષનું ભેજું કામ કરી ગયું.

શિવસેના (યુબીટી)ના મુખપત્ર 'સામના'ના તંત્રીલેખમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે ભાજપ નેતૃત્વ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષના નેતાઓ સુનીલ તટકરે અને પ્રફુલ્લ પટેલ બંને એનસીપી જૂથનું એકીકરણ નથી ઇચ્છતા.

વિમાન દુર્ઘટનામાં ગઈકાલે નેતા અજિત પવાર અને અન્ય ચાર લોકોનાં મૃત્યુ થયાંના ત્રણ દિવસ પછી શનિવારે સુનેત્રા પવારે રાજ્યનાં પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. આ ઘટનાની કેટલાક લોકોએ ટીકા કરી હતી. જોકે, એનસીપી (એસપી)ના અધ્યક્ષ અને અજિત પવારના કાકા શરદ પવારે શનિવારે દાવો કર્યો હતો કે તેમને

(જુઓ પાનું ૪) ▶▶

# દાદા બહાર પૌત્ર અંદર

## દિલ્હીમાં અમિત શાહે રચેલી શતરંજની બાજીમાં શરદ પવાર ચેક મેટ જણાય છે

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ રાજકારણમાં, તેઓ કહે છે, 'સમય સ્થિર રહેતો નથી અને કોઈનું નસીબ ક્યારે પલટશે તે ખબર નથી.' શરદ પવાર અને અમિત શાહ વચ્ચેની શતરંજની રમત, જે ૨૦૧૪ માં શરૂ થઈ હતી, તે હવે એવા તબક્કે પહોંચી ગઈ છે જ્યાં શરદ પવાર 'ચેકમેટ' હોવાની ચર્ચા થઈ રહી છે. જે પૌત્ર એક સમયે 'નાલાયક' હતો અને જેના મતની ગણતરી નહોતી તે હવે દિલ્હી સંસદમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યો છે, અને 'જાણતા રાજા' પોતે રાજકીય પટલ પર એકલા જોવા મળે છે.

રાજકારણમાં જૂની યાદોને યાદ કરીએ તો, ૨૦૧૯ નું વર્ષ યાદ આવે છે. પાર્થ પવાર માવળના યુદ્ધના મેદાનમાં ઉતર્યા, પરંતુ શિવસેનાના શ્રીરંગ બારણેએ તેમનું પત્તું કાપી નાખ્યું. તે હારથી પાર્થ ખરેખર બેકફૂટ પર આવી ગયો હતો, પરંતુ વાસ્તવિક ચિનગારી ઘરેલુ વિવાદમાંથી આવી. એક ઘરમાં કેટલા ઉમેદવારો ઉભા રાખવા જોઈએ? એવો મુદ્દો ઉપસ્થિત કરીને શરદ પવાર પાર્ટીમાંથી ખસી ગયા હતા, પરંતુ તેમણે તેમના પૌત્રના આગ્રહ સામે હાર માની ન હતી. સુશાંત સિંહ રાજપૂત કેસ વખતે પવારે જાહેરમાં કહ્યું હતું કે, ''અમે મારા પૌત્રના મત માટે એક પણ પૈસાની કિંમત આપતા નથી!'' તે અપમાન, તે અપમાન આજે સાડા પાંચ વર્ષ પછી નવા સ્વરૂપમાં સામે આવ્યું છે.

એ સાચું છે કે સમય ખૂબ જ શક્તિશાળી છે. આજે, શરદ પવારનો રાજ્યસભાનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. પરંતુ તેમની પાસે ફરીથી ચૂંટાઈ આવવા માટે પૂરતા ધારાસભ્યો બચ્યા નથી. શરદ પવાર ફક્ત ૧૦ ધારાસભ્યોના બળથી દિલ્હી જઈ શકતા નથી. આજે, એક સ્થિર મહારાષ્ટ્રને ધારાસભ્યો અને સાંસદો આપનાર પક્ષ પર 'અસ્તિત્વ'ની લડાઈ લડવાનો સમય આવી ગયો છે. શાહની રણનીતિથી પવારનો ગઢ ખતમ થઈ ગયો છે અને એક સમયે તેમના વિશ્વાસુ સાથી હવે દિલ્હીના ઈશારે નાચી રહ્યા છે.

હવે, ૨ એપ્રિલે, મહારાષ્ટ્રમાંથી ૭ રાજ્યસભા સાંસદ બેઠકો ખાલી થઈ રહી છે. મહાયુતિ પાસે ૨૩૦ થી વધુ ધારાસભ્યોનું મજબૂત બળ છે. સુનેત્રા ભાભીએ શપથ લીધા પછી, એવી શાંત ચર્ચા ચાલી રહી છે કે પાર્થ પવારનો રાજ્યસભામાં પ્રવેશવાનો રસ્તો સાફ થઈ ગયો છે. સાહેબ જેને 'અપરિપક્વ' માનતા હતા તે પૌત્ર હવે ભાજપ અને અજિતદાદાની મદદથી સંસદમાં પગ મૂકવા જઈ રહ્યો છે.

આજે, જ્યારે સુનેત્રા શપથ લેવા અને શાહના આશીર્વાદ લેવા દિલ્હી ગયા, ત્યારે પવારે નિરાશામાં કહ્યું, ''અમને આ વિશે કંઈ ખબર નથી.'' આ સાંભળીને, મહારાષ્ટ્રના મનમાં એક પ્રશ્ન છે - દેશના રાજકારણનો 'પીન' ક્યાં પડે છે તે જાણતા પવારને પોતાના ઘરનું રાજકારણ કેવી રીતે ખબર ન હોય? વિલીનીકરણની વાતો ચાલી રહી હતી ત્યારે જ પાર્થની ઉમેદવારીનું વાતાવરણ ઊભું કરવું એ શાહનો પવાર માટે સૌથી મોટો રાજકીય ફટકો માનવામાં આવે છે.

આજે, શરદ પવાર 'પડતીમા' છે અને પૌત્ર પાર્થ પવાર 'ચડતીમા' લાગે છે. રાજકારણનું આ ચક્ર એવી રીતે ફર્યું છે કે જે નેતાઓ એક સમયે શરદ પવારના શબ્દો પર જીવતા હતા તેઓ હવે તેમની મજાક ઉડાવી રહ્યા છે. આવતીકાલે રાજકારણ કોનું રહેશે તે કહેવું અશક્ય છે, પરંતુ ઓછામાં ઓછું હાલ પૂરતું, બારામતીથી દિલ્હી સુધી ''દાદા બહાર, પૌત્ર અંદર'' નું એ જ ચિત્ર દેખાય છે.■

# રાઉતે ભાજપના 'કૌભાંડ'ની ફાઇલ અંગે અજિત પવારના નિવેદનનો ઉલ્લેખ કરી મૃત્યુ અંગે શંકા વ્યક્ત કરી

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું અવસાન ભાજપના કૌભાંડ અંગે તેમની પાસે ફાઇલ હોવાના ઘટસ્ફોટના ગણતરીના દિવસોમાં જ થયું હતું અને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ઘટનાક્રમ ''રહસ્યમય'' છે, એમ શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે સોમવારે જણાવ્યું હતું. નવી દિલ્હીમાં રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે અજિત પવારે ભાજપ સાથેના સંબંધો તોડીને તેમના કાકા અને એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવાર સાથે ફરી જોડાવાનો નિર્ણય લીધો હતો. અજિત પવાર સતત

(જુઓ પાનું ૪) ▶▶

## આ ઘટનાને વિનાકારણ અલગ વળાંક અપાય છેઃ નિકમ

મુંબઈઃ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં એનસીપી પ્રમુખ અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું અકાળે અવસાન થયું. આ વિમાન દુર્ઘટના અંગે હવે એનસીપી ધારાસભ્યો સહિત ઘણા લોકો શંકાઓ વ્યક્ત કરી રહ્યા છે. વિમાન અકસ્માતમાં પહેલા છ લોકોનાં મોત થયા હોવાનું કહેવાયું હતું, તો પછી પાંચ જ મૃતદેહો કેવી રીતે મળ્યા, એવો પ્રશ્ન રાષ્ટ્રવાદીના વિધાન પરિષદના ધારાસભ્ય અમોલ મિટકરીએ ઉપસ્થિત કર્યો હતો. આ (જુઓ પાનું ૪) ▶▶

# અજિત પવારની અંતિમયાત્રામાં સમર્થકોની સોનાની ચેન-રોકડ ચોરાઈઃ સાત પકડાયા

પુણેઃ રાજ્યના દિવંગત નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની અંતિમયાત્રામાં જોડાયેલા સમર્થકોની ભીડનો લાભ ઉઠાવી ચોરોએ સોનાની ચેન અને રોકડ પર હાથફેરો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. અંતિમયાત્રાના માર્ગમાં અલગ અલગ ઠેકાણે ચેન-રોકડ ચોરનારા સાત આરોપીની પોલીસે ધરપકડ કરી હતી.

બારામતી તાલુકા પોલીસે પકડી પાડેલા આરોપીઓમાં રાજકુમાર આઠવલે, મોહમ્મદ અનિસ યુનુસ, એઝાઝ મીરાવલે, મોહમ્મદ સાદિક ગફાર, બાળુ ઉર્ફે દત્તાત્રય ધોત્રે, તુષાર માસાળ, નીતિન ગાયકવાડનો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી ચોરેલી સોનાની વસ્તુઓ અને રોકડ હસ્તગત કરવા પોલીસ વધુ તપાસ કરી રહી છે.

બારામતીમાં ચાર્ટર્ડ વિમાનના અકસ્માતમાં ૨૮ જાન્યુઆરીએ અજિત પવારનું નિધન થયું હતું. આ સમાચાર ફેલાતાં જ સમર્થકો અને નેતાઓ મોટી સંખ્યામાં બારામતી પહોંચ્યા હતા. અજિત પવારના પાર્થિવ દેહની અંતિમયાત્રામાં

(જુઓ પાનું ૪) ▶▶

# સરપંચ બનવા પિતાએ સાત વર્ષની દીકરીનો ભોગ લીધો!

નાંદેડઃ સરપંચ બનવાની લાયમાં પિતાએ પોતાની સાત વર્ષની માસૂમ દીકરીનો ભોગ લીધો હોવાની કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. ગ્રામપંચાયતની ચૂંટણી લડવા માટે ત્રીજું સંતાન બાધા ઊભી કરી શકે એમ હોવાથી દીકરીને તેલંગણામાં લઈ જઈને કૅનાલમાં ફેંકી દીધી હોવાનું તપાસમાં જાણવા મળતાં પોલીસે આરોપી પિતાની અટકાયત કરી હતી.

તેલંગણા પોલીસે નાંદેડ જિલ્લાના મુખેડ તાલુકામાં આવેલા કેરુર ગામના રહેવાસી પાંડુરંગ કોંડામંગલે (૩૨)ને તાબામાં લઈ પૂછપરછ હાથ ધરી હતી. પાંડુરંગની સાત વર્ષની પુત્રી પ્રાચીનો મૃતદેહ તેલંગણાના કટ્ટાપલ્લી પરિસરમાં બોધન રોડ પરની કૅનાલમાંથી મળી આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી પાંડુરંગની કેરુર ગામના બાહર્ાળી ખાતે નાની દુકાન છે. દુકાન માટે સાધનો ખરીદવાને બહાને પાંડુરંગ ચાર દિવસ પહેલાં તેલંગણા ગયો હતો. તે પોતાની સાથે પુત્રી પ્રાચીને પણ લઈ ગયો હતો. જોકે રાતે ઘરે પાછો ફર્યો ત્યારે તે (જુઓ પાનું ૪) ▶▶

# ગેરકાયદે પાર્કિંગને કારણે ફાયરબ્રિગેડની કાર્યવાહીમાં અવરોધ નિર્માણ કરનારા વાહનધારકો સામે પોલીસમાં ગુનો નોંધાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની સાંકડી ગલી અને રસ્તા પર ગમે ત્યાં વાહનો પાર્ક કરવાને કારણે અનેક વખત આગ જેવી દુર્ઘટના સમયે ઘટનાસ્થળે ફાયરબ્રિગેડ સમયસર પહોંચી શકતી નથી. ગેરકાયદે પાર્કિંગને કારણે ફાયરબ્રિગેડની કામગીરીમાં અવરોધ નિર્માણ થતો હોવાનું જણાઈ આવ્યા બાદ આગ સહિત અન્ય ઈમરજન્સી સમયે ઘટના સ્થળે ફાયરબ્રિગેડને પહોંચવામાં અવરોધ નિર્માણ કરનારા સંબંધિત વાહનના માલિકો સામે મુંબઈ પોલીસમાં ગુનો નોંધવામાં આવશે.

મુંબઈ ફાયરબ્રિગેડ ફક્ત આગ બુઝાવવાની જ નહીં પણ નાગરિકો સહિત પાણી અને પક્ષીઓના જીવ બચાવવાનું પણ કામ કરે છે. આગની દુર્ઘટના સહિત અન્ય નૈસર્ગિક અને માનવનિર્મિત આપત્તીથી સંરક્ષણ પણ કરે છે. દુર્ઘટના સમયે ફાયરબ્રિગેડ પોતાના વાહનો સાથે રેસ્ક્યુ ઓપરેશન માટે સમયસર પહોંચે તે આવશ્યક હોય છે પણ છેલ્લા અનેક વર્ષોથી એવું જણાઈ આવ્યું છે કે મુંબઈ મહાનગરપાલિકામાં રસ્તા પર ગમે ત્યાં નાગરિકો દ્વારા અનેક પ્રકારના વાહનો ગેરકાયદે રીતે પાર્ક કરવામાં આવતા હોય છે. આ પ્રકારે વાહનો ગમે ત્યાં મૂકવાને કારણે પ્રત્યક્ષ દુર્ઘટના સ્થળે તાત્કાલિક પહોંચવા ફાયરબ્રિગેડને અનેક અવરોધ આવતા હોય છે અને સમયસર રેસ્ક્યુ માટે પહોંચી નહીં શકવાને કારણે જીવ અને વિત્ત હાનિનું પ્રમાણ વધવાની શક્યતા હોય છે. મુંબઈમાં અનેક જગ્યાએ રસ્તા પર ગમે ત્યાં ગેરકાયદે રીતે વાહનો પાર્ક કરવામાં આવી રહ્યા છે અને તેને કારણે ફાયરબ્રિગેડને અવરોધ નિર્માણ થઈ રહ્યો હોવાની ફરિયાદ બાદ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અને પ્રશાસન ભૂષણ ગગરાણીએ સંબંધિત કાર્યવાહી બાબતે સોમવારે સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો. આ બાબતે ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા બાદ તેમણે નિર્દેશ આપ્યો હતો કે ભવિષ્યમાં વાહનોને કારણે ફાયરબ્રિગેડને આવી અડચણનો સામનો કરવો પડયો તો બચાવ કામગીરી પૂરી થયા બાદ ફાયરબ્રિગેડના અધિકારી-કર્મચારીઓ બચાવકાર્યમાં અડચણ નિર્માણ કરનારા વાહનોના રજિસ્ટ્રેશન નંબર સહિત ફોટો કાઢીને સિનિયર અધિકારીઓની મંજૂરી બાદ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી શકશે. તેથી ગેરકાયદે રીતે વાહનો પાર્ક કરવા પર પ્રતિબંધ લાગીને નાગરિકોમાં જાગૃતિ નિર્માણ થશે અને ફાયરબ્રિગેડની કાર્યવાહી ઝડપી થશે. ■

# શીતલ તેજવાનીએ મુંઢવાની સરકારી જમીન વેચી હતી

### આર્થિક ગુના શાખાએ દાખલ કરેલી ચાર્જશીટમાં ઉલ્લેખ

પુણેઃ પુણેના મુંઢવા વિસ્તારમાં આવેલી જમીન સરકારની માલિકીની છે એની જાણ હોવા છતાં પાવર ઓફ એટર્ની ધરાવતી શીતલ તેજવાનીએ તે જમીન દિવંગત નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારની કંપનીને વેચવામાં મદદ કરી હતી, એમ આર્થિક ગુના શાખાએ દાખલ કરેલી ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે.

જમીન સોદા અંગે સહી કરનારાઓ અને વિક્રેતાઓ વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો, જ્યારે આ કેસમાં પાર્થ પવારનું નામ સામેલ નથી.

પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું હતું કે આર્થિક ગુના શાખાએ ૨૮ જાન્યુઆરીએ શીતલ તેજવાની વિરુદ્ધ ૧,૮૮૬ પાનાંની શાર્જશીટ દાખલ કરી હતી.

અમેડિયા એન્ટરપ્રાઇઝીસ એલએલપીના સહ-ભાગીદાર દિગ્વિજય પાટીલ અને સસ્પેન્ડ કરાયેલા તહેસીલદાર સૂર્યકાંત યેવલે વિરુદ્ધ તપાસ ચાલી રહી છે.

ચાર્જશીટમાં જણાવાયું છે કે ૪૦ એકરની એ જમીન સરકારી માલિકીની છે તેની જાણ હોવા છતાં શીતલ તેજવાનીએ તેને અમેડિયા એન્ટરપ્રાઇઝીસ એલએલપીને વેચી હતી.

ગેરરીતિઓ અને જરૂરી પરવાગની લીધી ન હોવાના આક્ષેપોને પગલે ૪૦ એકર જમીનનો ૩૦૦ કરોડ રૂપિયામાં થયેલો સોદો તપાસ હેઠળ આવ્યો હતો. વિરોધ પક્ષોએ આક્ષેપ કર્યો હતો કે આ જમીનની કિંમત ૧,૮૦૦ કરોડ રૂપિયા છે. કંપનીને સ્ટેમ્પ ડ્યૂટીમાં ૨૧ કરોડ રૂપિયા ચૂકવવામાંથી પણ મુક્તિ આપવામાં આવી હતી.

પોલીસે કહ્યું હતું કે જમીનની પાવર ઓફ એટર્ની તેજવાની પાસે હતી અને તેણે જમીન અમેડિયા એન્ટરપ્રાઇઝીસ એલએલપીને વેચી દીધી હતી. આ જમીન સરકારની છે અને તેને વેચી નહીં શકાય એની જાણ તેજવાનીને હતી.

ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રાર ઓફિસ દ્વારા નોંધાવાયેલી એફઆઇઆરમાં દિગ્વિજય પાટીલ, તેજવાની અને સબ-રજિસ્ટ્રાર આર.બી. તરુનાં નામ છે, જેમના પર ગેરરીતિ તેમ જ છેતરપિંડીનો આરોપ છે. ખડક પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નોંધવામાં આવ્યા બાદ કેસની તપાસ આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી. ■

# પાલઘરમાં ફર્નિચરની ફેક્ટરીમાં ભીષણ આગઃ જાનહાનિ ટળી

મુંબઈઃ પાલઘરમાં ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલી એક ફર્નિચરની ફેક્ટરીમાં સોમવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ લાગ્યા બાદ તમામ કર્મચારીઓને સમયસર બહાર કાઢી લેવામાં આવતા સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ પાલઘરમાં બિડકો ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં ફર્નિચરની ફેક્ટરી આવેલી છે. સોમવારે બપોરના લગભગ ૧.૩૦ વાગ્યાની આસપાસ ફેક્ટરીમાં અચાનક આગ ફાટી નીકળી હતી, એ સમયે ત્યાં ૯૬ વર્કર કામ કરી રહ્યા હતા, તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.

આગની જાણ થતા જ મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમઆઈડીસી) અને ભાભા ઓટોમિક રિસર્ચ સેન્ટરના ફાયર ટેન્ડર ઘટના સ્થળે પહોંચી ગયા હતા. એ બાદ વસઈ-વિરાર મહાનગરપાલિકાની ફાયરબ્રિગેડ પર મદદે પહોંચી હતી.

ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં લાકડા, ગાદલા સહિત કેમિકલનો મોટો જથ્થો હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. સોમવારે મોડી સાંજ સુધી આગ બુઝાવવાની કામગીરી ચાલી હતી. મોડે સુધી આગ પર નિયંત્રણ મેળવી શકાયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. સદ્નસીબે આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. ■

# મુંબઈ સેન્ટ્રલમાં આગઃ કોઈ જખમી નહીં

મુંબઈઃ મુંબઈ સેન્ટ્રલમાં સોમવારે ગ્રાઉન્ડ પ્લસ છ માળની એક ઈમારતના બીજા માળે પર આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મુંબઈ સેન્ટ્રલમાં પોસ્ટ ઓફિસ નજીક મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશનના ડેપો નજીક ગ્રાઉન્ડ પ્લસ છ માળની કૈલાશ અપાર્ટમેન્ટ નામની બિલ્ડિંગ આવેલી છે. સોમવારે સાંજના ૫.૪૦ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના બીજા માળા પર એક ફ્લેટમાં આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. ■

# અજિત પવાર મને જરૂર જણાવતઃ ફડણવીસ

મુંબઈઃ અજિત પવારના મૃત્યુ પછી, તેમની પાર્ટીનું શું થશે એ વિષે તર્કવિતર્ક થઇ રહ્યા છે. એવી ચર્ચા છે કે બંને એનસીપી ૧૨ ફેબ્રુઆરીએ એકસાથે આવવાના હતા. મુખ્ય પ્રધાનને આ પ્રશ્ન કરવામાં આવતા તેમણે આનો જવાબ આપ્યો.

એનસીપીના બે ઘટકોના વિલિનીકરણ અંગે સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે જો આવી કોઈ વાત હોત તો અજિત પવારે તેમને ચોક્કસપણે કહ્યું હોત. શિવસેના (ગઇઝ) ના સાંસદ અરવિંદ સાવંતે હવે સીએમ ફડણવીસના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે ભાજપનું મિશન દરેક પરિવારમાં ઝઘડા કરાવવાનું છે.

અરવિંદ સાવંતે કહ્યું, ''આ તેમના પરિવારનો મામલો છે, શું તેઓ કોઈને કહેશે? ભારતીય જનતા પાર્ટી આ જ કરે છે. દરેક પરિવારમાં વિવાદો ઊભા કરવા અને ઝઘડા કરાવવા એ તેમનું કામ છે. તમે એક પરિવાર તોડી રહ્યા છો, તમે કોઈ પુણ્યનું કામ નથી કરી રહ્યા. તેમની આસપાસ ત્રણ-ચાર ઊઉ ના માણસો બેઠા છે, આ બધું તેમનું કામ છે.''

રવિવારે મુખ્યપ્રધાન ફડણવીસે કહ્યું કે જો બંને ગઈક ના વિલીનીકરણની ચર્ચા અંતિમ તબક્કામાં હોત, તો અજિત પવારે તેમને આ વિશે જાણ કરી હોત. ફડણવીસે કહ્યું હતું કે તેમને અજિત પવારની તેમના કાકા શરદ પવાર સાથેની વાતચીતની જાણ નથી અને તેમને ૧૨ ફેબ્રુઆરીની તારીખની પણ ખબર નથી. મુખ્યપ્રધાને કહ્યું, શું ગઈક ના વિલિનીકરણ અંગેની વાતચીત અમને જાણ કર્યા વગર પૂરી થઈ શકે છે?

અજિત પવારના અવસાન પછી, ચર્ચા શરૂ થઇ હતી કે બંને પક્ષો ૧૨ ફેબ્રુઆરીએ વિલિનીકરણની જાહેરાત કરવાના હતા. અજિત પવાર અને શરદ પવાર વચ્ચેની મુલાકાતનો એક વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયો ૧૭ જાન્યુઆરીનો હોવાનું કહેવાય છે. ■

# કોણ કોનામાં ભળી જવાનું હતું?: તટકરે

કરાડઃ એનસીપીના સંસદસભ્ય સુનીલ તટકરેએ સોમવારે કહ્યું કે સ્વર્ગસ્થ અજિત પવારના નેતૃત્વ હેઠળ પક્ષએ સામૂહિક રીતે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએમાં જોડાવાનો નિર્ણય લીધો હતો અને પક્ષ એની સાથે જ રહેશે. બે એનસીપી જૂથના વિલિનીકરણની વાત કરનારાઓએ સ્પષ્ટ કરવું જોઈએ કે શું તેમનામાં એ બાબતે સહમતી છે ખરી? મહારાષ્ટ્રના સાતારા જિલ્લાના કરાડ ખાતે તેમણે જણાવ્યું હતું કે, 'કયો પક્ષ કયા પક્ષમાં ભળી જવાનો હતો તે અંગે સ્પષ્ટતા હોવી જોઈએ.'

પુણે જિલ્લાના બારામતી ખાતે વિમાન દુર્ઘટનામાં અજિત પવારનું મૃત્યુ થયાના ત્રણ દિવસ પછી, સુનેત્રા પવારે શનિવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. શપથ ગ્રહણ કરતા પહેલા મુંબઈમાં યોજાયેલી એક બેઠક દરમિયાન તેમને એનસીપીના વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યાં હતાં. પ્રસ્તાવિત વિલિનીકરણના વિરોધ અંગેના પ્રશ્નના જવાબમાં, તટકરેએ કહ્યું કે આ મુદ્દા પર તેમનો અથવા પક્ષના સાંસદ સભ્ય પ્રફુલ્લ પટેલનો અલગ અભિપ્રાય હોવાનો કોઈ પ્રશ્ન જ નથી. (પીટીઆઈ)■

# બાળકોના અપહરણની ખોટી માહિતી ફેલાવનારાઓ સામે પોલીસની લાલ આંખ

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા ૩૬ કલાકમાં ૧૨ બાળકોના અપહરણની ખોટી માહિતી ફેલાવનારા સામે પોલીસે લાલ આંખ કરીને તેમની વિરુદ્ધ ગુના નોંધવાની પ્રક્રિયા હાથ ધરી છે. સોશિયલ મીડિયા પર આવી પોસ્ટને કારણે વાલીઓમાં ગભરાટ ફેલાતો હોવાથી પોલીસે તેને ગંભીરતાથી લીધી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈ પોલીસે જણાવ્યું હતું કે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાણી જોઇને ખોટી માહિતી ફેલાવનારાઓ સામે એફઆઇઆર દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર કરાયેલી પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે સગીરોનું ગુમ થવું મુંબઈમાં ગંભીર બાબત બની ગઇ છે. તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે મુંબઈના સાત પોલીસ સ્ટેશનની હદમાં ૩૬ કલાકમાં ૧૨ સગીરો ગુમ થયા હતા, જેમાં આઠ છોકરીઓનો સમાવેશ છે. જોકે પોલીસે દ્વારા એ દાવાને નકારી કાઢ્યા હતા. મુંબઈ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે બાળકોના ગુમ થવા સંદર્ભે ઇરાદાપૂર્વક ખોટી માહિતી રજૂ કરીને વાલીઓમાં ગભરાટ ફેલાવનારા લોકો સામે કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ■

# અદાણીએ શરદ પવારના ઘરે ૪૫ મિનિટ ચર્ચા કરી

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અવસાન પછી, ઉદ્યોગપતિ ગૌતમ અદાણી મુંબઈમાં શરદ પવારના નિવાસ સ્થાને તેમને મળ્યા હતા. બંનેએ ૪૫ મિનિટથી વધુ સમય સુધી વાતચીત કરી. અજિત પવારના અવસાન પછી આ બેઠકથી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના બે જૂથો વચ્ચે સંભવિત રાજકીય વિલીનીકરણની ચર્ચાઓને વધુ મજબૂતી મળી છે. સત્તાવાર રીતે એવું કહેવામાં આવ્યું હતું કે આ મુલાકાત અજિત પવારના અવસાન બાદ શોક વ્યક્ત કરવા માટે હતી. જોકે, આ મુલાકાતને કારણે રાજકીય વર્તુળોમાં વિવિધ તર્ક-વિતર્કો ચાલી રહ્યા છે. કારણ કે સુનેત્રા પવારે અજિત પવારના વારસાને આગળ ધપાવવા માટે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા બાદ રાષ્ટ્રવાદી કૉંગ્રેસના બંને જૂથો વચ્ચે ગતિવિધિઓ તેજ બની છે.

આ બેઠકથી રાષ્ટ્રવાદી કોંગ્રેસના ભવિષ્યની આગામી રણનીતિ અને બંને જૂથોના સંભવિત એકત્રીકરણ અંગે રાજકીય વિશ્લેષકોમાં ઉત્સુકતા વધી છે. અજિત પવારના અવસાન પછી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીમાં એક પ્રકારની અસ્થિરતા જોવા મળી છે. આવી સ્થિતિમાં આ મુલાકાતથી કેટલાક નવા રાજકીય સમીકરણો રચાય તેવી શક્યતા નકારી શકાય નહીં. બીજી તરફ આ બેઠકથી એનસીપીના કાર્યકરોમાં મૂંઝવણ ઉભી થઈ છે. કેટલાક આ બેઠકથી સકારાત્મક ફેરફારોની અપેક્ષા રાખી રહ્યા છે, જ્યારે કેટલાક સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે. એકંદરે, ગૌતમ અદાણી અને શરદ પવાર વચ્ચેની આ બેઠક અનેક રાજકીય દ્રષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ બની છે. આ બેઠકના પ્રત્યાઘાત આગામી દિવસોમાં અનુભવાય તેવી શક્યતા છે. ■

# મુંબઈમાં ભાજપને ટેકો આપવા અંગે રાજ ઠાકરેએ આપી સ્પષ્ટતા

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનાં પરિણામો બાદ હવે બધાનું ધ્યાન મેયરની ચૂંટણી પર છે. એનસીપી કોર્પોરેટરો શિંદેની શિવસેનાને ટેકો આપશે તેવી ચર્ચા શરૂ થયા પછી, હવે ભાજપ સમર્થન માટે મનસે પ્રમુખ રાજ ઠાકરેનો સંપર્ક કરી રહ્યા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. એવી પણ ચર્ચા હતી કે મનસે પણ મેયરપદ માટે ભાજપને ટેકો આપવાના પક્ષમાં છે. જોકે, રાજ ઠાકરેએ પોતે આ દાવાને નકારતા જાહેરાત કરી હતી કે તેઓ ભાજપ ને ટેકો નહીં આપે. સોમવારે મનસે દ્વારા યોજાયેલી બેઠકમાં રાજ ઠાકરેને મેયરપદ માટે તેમના સમર્થન વિશે પૂછતા તેમણે સ્પષ્ટતા કરી કે, ''હું પોતે કહી રહ્યો છું કે અમે ભાજપને સમર્થન નહીં આપીએ.'' ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બજેટની અસર પચાવી સેન્સેક્સે ૯૪૩ પોઈન્ટની છલાંગ સાથે ૮૧,૬૫૦ની સપાટી વટાવી, નિફ્ટી ફરી ૨૫,૦૫૦ની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એકંદરે મોટાભાગના વર્ગ માટે નિરાશાજનક બજેટની અસર પચાવીને સેન્સેક્સે ૯૪૩ પોઈન્ટની છલાંગ સાથે ૮૧,૬૫૦ની સપાટી વટાવી હતી, જ્યારે નિફ્ટી ફરી ૨૫,૦૫૦ની ઉપર પહોંચ્યો હતો. રવિવારના ખાસ સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટીએ ડેરિવેટિવ્ઝ પર ટ્રાન્ઝેક્શન ટેક્સ વધારવાની દરખાસ્તો અને વિદેશી રોકાણ આકર્ષવા માટેના નવા પગલાંના અભાવ ધરાવતા બજેટની નકારાત્મક અસરને કારણે ધરખમ નુકસાની વેઠી હતી, જોકે સોમવારે ઓઇલ, ગેસ, બેંકિંગ અને ઓટો ક્ષેત્રોમાં વેલ્યુ બાઇંગને કારણે સુધારો જોવા મળ્યો હતો.

સોમવારે સત્ર દરમિયાન ૧૦૦૦ પોઇન્ટ જેવો ઉછાળો નોંધાવ્યા બાદ સેન્સેક્સ ૯૪૩.૫ પોઈન્ટ અથવા ૧.૧૭ ટકા વધીને ૮૧,૬૬૬.૪૬ પોઇન્ટની સપાટી પર બંધ થયા હતો, જ્યારે નિફ્ટી ૨૬૧ પોઈન્ટ અથવા ૧.૦૬ ટકા વધીને ૨૫,૦૮૮.૪ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. નોંધવું રહ્યું કે પાછલા સત્રમાં રવિવારે બજેટની જાહેરાત બાદ સેન્સેક્સ એક તબક્કે ૨૩૭૦ પોઇન્ટ સુધી નીચે પટકાઇને અંતે ૧૫૪૭ પોઇન્ટના ઘટાડે બંધ રહ્યો હતો.

એક મહત્ત્વના કારણમાં વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડાથી બજારોને રાહત મળી હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું. સેન્સેક્સ કંપનીઓમાંથી, પાવર ગ્રીડ ૭.૬૧ ટકા વધ્યો અને અદાણી પોર્ટ્સ ૪.૭૬ ટકા વધ્યો હતો. આ ઉપરાંત ભારત ઇલેક્ટ્રોનિક્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો, ઇન્ટરગ્લોબ એવિએશન, આઇસીઆઇસીઆઇ બેંક અને અલ્ટ્રાટેક સિમેન્ટ અન્ય મુખ્ય વધનારાઓમાં સામેલ હતા.

એક્સિસ બેંક, ઇન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટ્રેન્ટ અને ટાઇટન ટોપ લુઝર રહ્યા હતા. વેદાંતા જૂથની હિંદુસ્તાન ઝિન્ક લિમિટેડની ડિરેક્ટર્સ પેનલે ડિબેન્ચર મારફત ૧૪૦૦ કરોડ ઉધરાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. હ્યુન્ડાઇ મોટર્સનો નફો ૬.૩૫ ટકા વધીને રૂ. ૧૨૩૪.૪૦ કરોડ નોંધાયો છે. જાન્યુઆરીમાં રોયલ એન્ફીલ્ડના વેચાણમાં ૧૪ ટકાનો વધારો થયો છે. લ્યુપીને અમેરિકામાં કેન્સરની જેનેરિક દવા લોન્ચ કરી છે.

વૈવિધ્યસભર રિટેલ અને ફૂડ પ્રોસેસિંગ કંપની, પટેલ રિટેલ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૩૫.૫૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૧૧.૧૨ કરોડની કુલ આવક, ૬૩.૫૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૪.૯૧ કરોડનો એબિટા અને ૯૫.૮૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પ્રોફિટ માર્જિન ૩.૮૬ ટકા રહ્યું છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયાના સંભવિત ૨.૫ બિલિયન ડોલર (રૂ. ૨૨,૯૦૦ કરોડ)ના આઇપીઓમાં ટેમાસેક હોલ્ડિંગ્સ અને લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા મુખ્ય વેચાણકર્તા બનવા માટે તૈયાર છે. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને એસબીઆઇ કેપિટલ માર્કેટ્સ પણ આ ઓફરમાં ભાગ લે તેવી અપેક્ષા છે, જેમાં કંપનીના ચારથી ૪.૫૦ ટકા ઇક્વિટી વેચનારા હાલના શેરધારકોનો સમાવેશ થશે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામને રવિવારે ઉત્પાદનને વેગ આપવા માટે પગલાની જાહેરાત કરી, વૈશ્વિક ડેટા સેન્ટરો માટે લાંબા ગાળાના કર પ્રોત્સાહનો અને કૃષિ તથા પર્યટન માટે પ્રોત્સાહક ૨૦૨૬-૨૭ માટે રૂ. ૫૩.૫ લાખ કરોડનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. આ પગલાંઓને વધતા વૈશ્વિક જોખમો વચ્ચે વૃદ્ધિને ટકાવી રાખવા માટે લાંબા ગાળાની બ્લુપ્રિન્ટ તરીકે જોવામાં આવે છે.

પરંતુ ઇક્વિટી ડેરિવેટિવ્ઝ પર સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી)માં વધારાથી ઇક્વિટી બજારોમાં ખળભળાટ મચી ગયો હતો અને ગભરાટભરી વેચવાલીના દબાણ વચ્ચે ખાસ બજેટ-ડે ટ્રેડિંગ સત્રમાં મુખ્ય બંને ઇન્ડેક્સ બે ટકા સુધી નીચે ખાબકી ગયા હતા, જોકે થોડી રિકવરી થઈ હતી. રવિવારે, બેન્ચમાર્ક ૧,૫૪૬.૮૪ પોઈન્ટ અથવા ૧.૮૮ ટકા ઘટીને ૮૦,૭૨૨.૯૪ પર બંધ થયો. નિફ્ટી ૪૯૫.૨૦ પોઈન્ટ અથવા ૧.૯૬ ટકા ઘટીને ૨૪,૮૨૫.૪૫ પર બંધ થયો હતો. એફએન્ડઓ પર એસટીટી વધારા અને નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે સરકારની જંગી કરજ યોજનાની અસરને કારણે રવિવારે પટકાયા બાદ સેમવારે વેલ્યૂ બાઇંગને આધારે બજારમાં સ્માર્ટ રિકવરી જોવા મળી હતી. આ ઉપરાંત વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડાએ પણ થોડી રાહત આપી છે, જે યુએસ અને ઈરાન વચ્ચેના ભૂ-રાજકીય તણાવ હળવો થઇ રહ્યો હોવાના સંકેતો દર્શાવે છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૪.૮૮ ટકા ઘટીને ૬૫.૯૪ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર, રવિવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૫૮૮.૩૪ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી પાંચ ટકાથી વધુ ગગડ્યા હતો. જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ પણ નીચા સ્તરે બંધ રહ્યો હતો. યુરોપિયન બજારો મિશ્ર નોંધ પર ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

બીપીસીએલ, એચપીસીએલ, આઇઓસી અને ગેઇલના સહયોગ સાથે સરકાર દ્વારા ઊર્જા સુરક્ષા, ટકાઉ વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ માટે સક્ષમ ૨૦૨૫-૨૬ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય અશ્મિભૂત ઇંધન પરના વ્યયકારક ખર્ચને નિયંત્રિત કરવાનો, વિદેશી ચલણ પરના બોજને ઘટાડવાનો અને ગ્રીનહાઉસ ગેસના પ્રભાવથી પર્યાવરણનું રક્ષણ કરવાનો છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય તથા ઓઈલ ઇન્ડસ્ટ્રીના રાજ્ય સ્તરના કોઓર્ડિનેટર્સ જનજાગૃતિના પ્રસાર માટે સંબંધિત રાજ્ય સરકારના સહકાર અને સક્રિય સહભાગીતા સાથે વિવિધ પહેલ હાથ ધરે છે. ■

# ડૉલરમાં મજબૂતાઈ અને ચીનની માગ ધીમી પડવાના સંકેત સાથે ધાતુમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વ બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ધાતુનાં અગ્રણી વપરાશકાર દેશ ચીનની નબળી માગ, શિકાગો મર્કન્ટાઈલ એક્સચેન્જ સહિત અન્ય એક્સચેન્જોએ તેજીને અંકુશમાં રાખવા માટે વાયદાના માર્જિનમાં કરેલા વધારા ઉપરાંત ઊંચી સપાટીએથી રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના સુધારાને બાદ કરતાં ટીનની આગેવાની હેઠળ તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી રૂ. ૩૫૬ સુધીનો ઘટાડો આવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૨.૭૧ ટકાના ઘટાડા સાથે ટનદીઠ ૧૨,૮૧૦.૬૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં પણ વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીનું દબાણ અને ઘટતી બજારમાં વધુ ઘટાડાના આશાવાદને ધ્યાનમાં લેતા ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ પાંખી રહેતાં ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હતો. જેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૫૬ ઘટીને રૂ. ૪૫૪૪, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૫૪ ઘટીને રૂ. ૧૫૮૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૪૪ ઘટીને રૂ. ૧૧૬૬, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૪૨ ઘટીને રૂ. ૧૧૭૮, કોપર આર્મિચર અને કોપર શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૪૦ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૬૦ અને રૂ. ૧૦૮૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૧ ઘટીને રૂ. ૧૨૪૪ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૧૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૩૦૯, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૯૪ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૨૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૨૫ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૪૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# શિકાગો મર્કન્ટાઈલ એક્સચેન્જે માર્જિનમાં વધારો કરતાં સોના-ચાંદીમાં કડાકા

## સ્થાનિકમાં બે સત્રમાં ચાંદી રૂ. ૭૯,૮૫૦ ગબડી, સોનું રૂ. ૧૭,૦૪૯ તૂટ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે શિકાગો મર્કન્ટાઈલ એક્સચેન્જે કિંમતી ધાતુઓનાં વાયદાના વેપાર પરનાં માર્જિનમાં વધારો કર્યાના અહેવાલ સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીના ભાવમાં અનુક્રમે ૧૦ ટકા અને ૧૫ જેટલો કડાકો બોલાઈ ગયા બાદ ઘટ્યા મથાળેથી સાધારણ સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ધીમો ઘટાડો આગળ વધ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગઈકાલે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૩,૫૯૯નો અને આજે રૂ. ૬૨૫૧નો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ૯૯૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં ગઈકાલે ૧૦ ગ્રામદીઠ અનુક્રમે રૂ. ૧૭,૦૨૯ અને રૂ. ૧૭,૦૯૮નો કડાકો બોલાઈ ગયા બાદ આજે ઘટ્યા મથાળેથી અનુક્રમે રૂ. ૪૮ અને રૂ. ૪૯નો સાધારણ સુધારો જોવા મળ્યો હતો. આમ છેલ્લા બે સત્રમાં ૯૯૫ ટચ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ અનુક્રમે રૂ. ૧૬,૯૮૧ અને રૂ. ૧૭,૦૪૯ ગબડી ગયા છે, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૯,૮૫૦નું ગાબડું પડ્યું છે. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે નાણાકીય વર્ષ ૨૦૨૭ના અંદાજપત્રની જાહેરાત થવાની હોવાથી ઈન્ડિયા બુલિયન એક્સચેન્જ કાર્યરત રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચાંદીમાં પીછેહઠ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે રૂ. ૬૨૫૧ તૂટીને રૂ. ૨,૫૯,૫૦૦ની સપાટીએ રહ્યા હતા. જોકે, અફરાતફરીના માહોલમાં માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ ખપપૂરતી માગ જોવા મળી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક હતી. તે જ પ્રમાણે સોનામાં વૈશ્વિક બેતરફી વધઘટને ધ્યાનમાં લેતા વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૮ના સાધારણ સુધારા સાથે રૂ. ૧,૪૮,૧૫૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૯ના સુધારા સાથે રૂ. ૧,૪૮,૭૪૬ના મથાળે રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વના નવા નિયુક્ત થયેલા અધ્યક્ષ કેવિન વાર્શ તંગ નાણાનીતિની તરફેણ કરતાં હોવાની શક્યતાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિ અપનાવે તેવી ભીતિ સપાટી પર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે વધુ ૨.૦૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૭૬૫.૨૭ ડૉલર અને એપ્રિલ વાયદાના ભાવ ૧.૮ ટકાના સુધારા સાથે ૪૮૦૦.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૭૯ ટકા ઘટીને ઔંસદીઠ ૮૨.૮૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે શિકાગો મર્કન્ટાઈલ એક્સચેન્જ દ્વારા આવશ્યક માર્જિનમાં વધારાની જાહેરાત સાથે બન્ને કિંમતી ધાતુઓમાં સટ્ટાકીય લેણ કપાતા વાયદા પાછળ હાજરમાં પણ ભાવમાં કડાકા બોલાયા હોવાનું ઓએએનડીએના વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવતાં ઉમેર્યું હતું કે આ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં પણ સુધારાતરફી વલણ રહેતાં ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે બજાર વર્તુળોની અપેક્ષા હતી કે ફેડરલ રિઝર્વના નવા અધ્યક્ષ હળવી નાણાનીતિ અપનાવતા રેટ કટને પ્રાધાન્ય આપશે, પરંતુ ડૉનલ્ડ ટ્રમ્પે વરણી કરેલા ફેડરલ રિઝર્વના ભૂતપૂર્વ ગવર્નર વાર્શ ડૉલરને ટેકો આપે તેવી નીતિને પ્રાધાન્ય આપે તેવી શક્યતા પ્રબળ હોવાથી સોના-ચાંદી સહિતની અન્ય કૉમોડિટીના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. ■

# આઈટી શેરોમાં પ્રત્યાઘાતી ઘટાડોઃ એમ-કેપમાં રૂ.૪.૪૨ લાખ કરોડની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારમાં તોતિંગ કડાકા પછીના ઉછાળા પાછળ સત્ર દરમિયાન યુટિલિટીઝ, પાવર અને સર્વિસીસ ઈન્ડેક્સ વધ્યા, આઈટી અને ફોક્સ્ડ આઈટીમાં પ્રત્યાઘાતી ઘટાડો, માર્કેટ કેપમાં રૂ.૪.૪૨ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત રવિવારના ૮૦,૭૨૨.૯૪ના બંધથી ૮૧,૬૬૬.૪૬ ૯૪૩.૫૨ પોઈન્ટ્સ (૧.૧૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૦,૫૫૫.૬૮ ખૂલી નીચામાં ૮૦,૩૮૭.૨૫ અને ઊંચામાં ૮૧,૭૩૨.૨૫ સુધી જઈને છેવટે ૮૧,૬૬૬.૪૬ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૨૫ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે પાંચ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૮૬ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૨૮ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૩૩ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૩૧ ટકા વધ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૫૦.૬૧ લાખ કરોડથી રૂ.૪.૪૨ લાખ કરોડ વધીને રૂ.૪૫૫.૦૩ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડેક્સમાં માત્ર આઈટી ઈન્ડેક્સ ૦.૬૯ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૩૭ ટકા અને હેલ્થકેર ૦.૦૯ ટકા ઘટ્યા હતા, જ્યારે મુખ્યત્વે યુટિલિટીઝ ૨.૬૬ ટકા, પાવર ૨.૫૪ ટકા, સર્વિસીસ ૨.૩૮ ટકા, એનર્જી અને ઓટો ૧.૯૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૯૨ ટકા, મેટલ ૧.૯ ટકા, કેપિટલ ગુડ્સ અને રિયલ્ટી ૧.૫૫ ટકા, કોમોડિટીઝ ૧.૫ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૪૩ ટકા વધ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૪૨૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૨,૦૩૯ સ્ક્રિપ વધી હતી, ૨,૨૨૦ સ્ક્રિપ ઘટી હતી અને ૧૬૯ સ્ક્રિપ સ્થિર રહી હતી. ૭૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૩૬૦ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૦ સ્ક્રિપને ઉપલી અને ૮ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે પાવર ગ્રીડ ૭.૬૧ ટકા, અદાણી પોર્ટ્સ ૪.૭૬ ટકા, બીઈએલ ૩.૩૩ ટકા, રિલાયન્સ ૩.૨૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૯૭ ટકા, લાર્સન ૨.૮૬ ટકા, ઈન્ડિગો ૨.૧૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૦૫ ટકા, એશિયન પેઈન્ટ ૧.૭૯ ટકા, આઈટીસી ૧.૬૮ ટકા, બજાજ ફિનસર્વ ૧.૬૭ ટકા અને તાતા સ્ટીલ ૧.૬૨ ટકા વધ્યા હતા, જ્યારે એક્સિસ બેન્ક ૨ ટકા, ઈન્ફોસિસ ૧.૮૫ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૫૨ ટકા, ટ્રેન્ટ ૦.૪૭ ટકા અને ટાઈટન ૦.૨૭ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૦૨.૬૦ કરોડનું ટર્નઓવર થયું હતું. ■

# ક્રૂડતેલમાં કડાકો બોલાતા રૂપિયો ૪૪ પૈસા ઉછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ૪.૪૬ ટકાનો કડાકો બોલાઈ ગયાના નિર્દેશો ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલના ઘટ્યા મથાળેથી બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એએનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં સુધારો આવ્યો હોવાના નિર્દેશો તેમ જ સંભવિતપણે રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૪ પૈસા ઉછળીને ૯૧.૪૯ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૧.૯૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૧.૯૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ખૂલતી જ ૯૧.૯૫ની સપાટીએ અને ઉપરમાં ૯૧.૪૫ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૪૪ પૈસાના બાઉન્સબૅક સાથે ૯૧.૪૯ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે બજારમાં બજેટલક્ષી ચંચળતાનો અંત આવવાની સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદા સહિત કૉમોડિટીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે સંભવત રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેતાં રૂપિયાને ટેકો મળ્યો હતો. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૪.૪૬ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૬૬.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૯૪૩.૫૨ પૉઈન્ટનો અને ૨૬૨.૯૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૯ ટકા વધીને ૯૭.૦૭ આસપાસ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૮૮.૩૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# આર્થિક સ્થિરતાની પ્રતિબદ્ધતા દર્શાવતું અંદાજપત્રઃ ફિચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાણાકીય વર્ષ ૨૦૨૭નું અંદાજપત્ર આર્થિક વૃદ્ધિની સંભાવનાઓને વધારવા માટે મજબૂત મૂડીગત્ ખર્ચ કાર્યક્રમ સામે સંતુલિત સરકારી દેવા ઘટાડવાના ક્રમિક માર્ગ થકી વૃદ્ધિ જાળવી રાખવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતું હોવાનું અગ્રણી રેટિંગ એજન્સી ફિચે જણાવ્યું હતું. જોકે, અંદાજપત્રમાં મોટા પાયાના ચોક્કસ સુધારાઓની જાહેરાત કરવામાં નથી આવી, પરંતુ ભવિષ્યમાં નિયંત્રણ મુક્તિના એજન્ડામાં જાહેર થઈ શકે છે, એમ ફિચે અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે ભારતનો મજબૂત જીડીપી દર દેશનાં સાર્વભૌમ ધિરાણનાં રેટિંગ્સ (સૉવરિન રેટિંગ્સ)માં સકારાત્મક અસર લાવે છે અને જો વૃદ્ધિ ટકાવી રાખવામાં આવે તો રાજકોષીય પડકારો છતાં સમય જતાં ક્રેડિટ પ્રોફાઈલમાં સુધારો થઈ શકે છે. તેમ જ સુધારાની ગતિ નિર્માણ થતાં ખાનગી રોકાણને પણ વેગ આપવામાં મદદ મળશે અને સંભવિત વિકાસને વધુ ઉન્નતિ અને સ્થિતિસ્થાપકતા મળશે, એમ ફિચે ઉમેર્યું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે રાજકોષીય ખાધનો લક્ષ્યાંક વર્તમાન વર્ષ ૨૦૨૬નાં જીડીપીના ૪.૪ ટકા સામે સાધારણ કોન્સોલિડેટ થઈને ૪.૩ ટકાના સ્તરે રાખવામાં આવ્યો છે. એકંદરે કોન્સોલિડેશનની ધીમી ગતિ અમારી અપેક્ષા મુજબની જ રાખવામાં આવી હોવાનું ફિચે અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે નોંધપાત્ર જીડીપી વૃદ્ધિ વિના રાજકોષીય ખાધ ઘટાડવી મુશ્કેલ છે. વધુમાં સરકારે વધુ એકત્રીકરણ કરવાને બદલે નાણાકીય વર્ષ ૨૦૨૭ના જીડીપીના ૩.૧ ટકા જેટલો મૂડીગત ખર્ચ સ્થિર રાખવાનું નિર્ધારિત કર્યું છે, જે સંભવત્ ખાનગી રોકાણમાં થતાં વિલંબને સરભર કરવાનો પ્રયાસ જણાય છે.

એકંદરે ભારતનું બજેટ વૃદ્ધિની સંભાવનાઓને વધારવા માટે હજુ પણ મજબૂત મૂડીગત્ ખર્ચ કાર્યક્રમ સામે સંતુલિત સરકારી દેવાના માર્ગ દ્વારા આર્થિક સ્થિરતા જાળવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે, એમ ફિચ રેટિંગ્સના ડિરેક્ટર અને પ્રાઈમરી સૉવરિન વિશ્લેષક જેર્મી ઝૂકે એક નોટ્સમાં જણાવ્યું હતું.

સરકારે મૂડીગત્ ખર્ચ પર મૂકેલા ભારથી ટૂંકા અને મધ્યમ ગાળા દરમિયાન વૃદ્ધિને ટેકો મળે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ફિચે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે દેશની વૃદ્ધિનો અંદાજ ૬.૪ ટકાનો મૂક્યો છે.

# મથકો પાછળ ખાંડમાં ₹ ૧૮થી ૬૦નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૮થી ૬૦નો સુધારો આવ્યો હતો. તેમ જ મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦થી ૬૦ વધી આવ્યાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ પ્રબળ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. આમ મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ અને માગને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૮થી ૪૦ વધીને રૂ. ૩૮૭૦થી ૩૯૨૨ અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૬૦ અને ઉપલા મથાળેથી રૂ. ૪૦ના સુધારા સાથે રૂ. ૩૯૯૨થી ૪૦૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે મથકો પરના પ્રોત્સાહક અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૬૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ના સુધારા સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૪૦ના મથાળે અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૬૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં થયાના અહેવાલ હતા. ■

# પાંખાં કામકાજે આયાતી તેલમાં પીછેહઠ

## રિફાઈનરોની સોયારિફાઈન્ડમાં બાયબૅકમાં લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ખાદ્યતેલ બજારમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦થી ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ રૂ. પાંચથી ૨૦નો ઘટાડો આવ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે હાજરમાં આરબીડી પામોલિન અને સિંગતેલમાં રૂ. ૨૦, સોયા રિફાઈન્ડ, સન રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સરસવમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે નિરસ માગ વચ્ચે ડાયરેક્ટ ડિલિવરી શરતે રિફાઈનરોની સોયા રિફાઈન્ડમાં બાયબૅકમાં લેવાલી નીકળી હતી, જેમાં જી-વનની ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૧માં અને ભારત સોયાની રૂ. ૧૩૩૫ના મથાળે લેવાલી હતી.

વધુમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૨૦, રૂ. ૧૩૮૦ અને રૂ. ૧૬૫૦, બુંગેના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૫ અને પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૮૦ અને રૂ. ૧૬૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, એકંદરે વેપાર નિરસ રહ્યા હતા.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૮,૦૦૦ ગૂણીની અને આગલી શેષ ૧૭,૦૦૦ ગૂણી મળી કુલ ૩૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૨૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે મગફળીની નવી કોઈ આવક નહોતી, પરંતુ આગલી શેષ ૨૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૪૨૦થી ૧૫૨૫માં થયા હતા. ■

# બજેટ હાઈવે અને શહેરી વિકાસને ગતિ આપશેઃ બીએઆઇ

મુંબઈઃ કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મૂડીખર્ચ માટે રૂ. ૧૨.૨ લાખ કરોડની ફાળવણીને આવકારતા ધ બિલ્ડર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (બીએઆઈ)એ જણાવ્યું કે, આનાથી દેશભરમાં હાઈવે, શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જાહેર કામોના વિકાસને નોંધપાત્ર વેગ મળશે. સરકાર વિકસિત ભારત ૨૦૪૭ના ધ્યેયની રેખામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રેરિત વૃદ્ધિ પર સરકારે એકાગ્રતા ચાલુ રાખી છે, જે આધુનિક પરિવહન નેટવર્કસ, સ્થિતિસ્થાપક શહેરી કેન્દ્રો અને કાર્યક્ષમ જાહેર ઈન્ફ્રાટ્રક્ચર પ્રણાલીઓનું નિર્માણ કરવા બાંધકામ ક્ષેત્રનું વ્યૂહાત્મક મહત્ત્વ આલેખિત કરે છે, એમ બીએઆઈના પ્રમુખ રાજેન્દ્ર સિંહ કમ્બોહે જણાવ્યું હતું. સંસ્થાએ જણાવ્યું કે રૂ. ૧૨.૨ લાખ કરોડની મૂડીખર્ચ ફાળવણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાંધકામ ઈકોસિસ્ટમમાં મજબૂત અને હકારાત્મક સંકેત મોકલે છે. હાઈવે, શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી પ્રોજેક્ટમાં સક્ષમ રોકાણ આર્થિક વૃદ્ધિ માટે મહત્ત્વપૂર્ણ હોઈ સુધારિત લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા અને મોટા પાયા પર રોજગાર નિર્માણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચમાં સાતત્યતા મુખ્ય રાષ્ટ્રીય પ્રોજેક્ટોમાં ગતિ જાળવવામાં મદદરૂપ થશે. ■

# તન-મન-ધનથી રહો તરોતાજા




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

## ચાલો, આપણી આવક ને સંપત્તિને બીજા સાથે વહેંચીએ

આર્થિક સલાહકાર હોવાના નાતે મને મારા કલાયન્ટ, વાચકો તેમ જ શ્રોતાઓ તરફથી એક પ્રશ્ન અવારનવાર પુછાતો હોય છે કે કમાયેલી સંપત્તિ પેઢીઓ સુધી ચાલે તે માટે શું કરવું જોઈએ. મારો સ્ટાન્ડર્ડ જવાબ આ હોય છેઃ ‘ઉદાર જીવે દાન કરો.’ દાયકાઓથી સંપત્તિ ધરાવતી વ્યક્તિઓ, પરિવારો, કૉર્પોરેટ ગૃહો, સમુદાયો અને સોસાયટીઓ હંમેશાં એ હોય છે જેમણે પોતાની સંપત્તિ સમાજને પાછી આપી હોય છે.

મહાન અકબર મોગલ સામ્રાજ્યનો લોકપ્રિય રાજવી હતો. એ વિજેતા હતો, ચતુર પ્રશાસક હતો, પણ એ પોતાની ન્યાયપ્રિયતા માટે સૌથી વધારે જાણીતો હતો. એણે ગાયકો, સંગીતકારો અને અન્ય કલાકારોની કાળજી લીધી હતી, તેમની કળાને ઉત્તેજન આપ્યું હતું. એના રાજમાં મોગલ સામ્રાજ્યનો ખૂબ વિકાસ થયો હતો. આની સામે હવે મોગલ રાજવી ઔરંગઝેબના શાસનકાળને જુઓ. એણે પણ ઘણા વિજયો મેળવ્યા હતા, એ પણ સારો પ્રશાસક હતો, પણ એ અસલામતીમાં જીવતો હતો અને કોઈના પર ભરોસો મૂકી શકતો નહોતો. એ વારસામાં ક્રૂરતા મૂકતો ગયો. એણે પોતાના ભાઈઓથી શી રીતે છુટકારો મેળવ્યો હતો અને સગા પિતાને કારાવાસમાં પૂરી દીધા હતા તે ઈતિહાસ હંમેશાં યાદ રાખશે. ઔરંગઝેબ પછી મોગલ સામ્રાજ્યના અંતનો આરંભ થઈ ગયો હતો.

બે પ્રકારનાં ઉદ્યોગગૃહો હોય છે. પહેલો પ્રકાર એવાં ઉદ્યોગગૃહોનો જેની સંપત્તિ પેઢીઓ સુધી ટકી રહે છે. આવાં ઉદ્યોગગૃહોની એકતા અને અખંડિતતા પણ જળવાઈ રહેલી હોય છે. સમાજમાં એમની ભારે પ્રતિષ્ઠા હોય છે. લોકો એમને માનની નજરે નિહાળતાં હોય છે. ઘણાં ઉદ્યોગગૃહો આ શ્રેણીમાં સ્થાન પામે છે.

બીજો પ્રકાર એવાં ઉદ્યોગગૃહોનો છે જે ફકત પોતાના માટે સંપત્તિ ઊભી કરે છે. એક પણ અપવાદ વગર આ તમામ ઉદ્યોગગૃહોની અધોગતિ થઈ છે અથવા એમણે લોકોના રોષનો ભોગ બનવું પડ્યું છે. આ સિદ્ધાંત જ્ઞાતિઓને પણ લાગુ પડે છે. જે જ્ઞાતિના લોકો સગાંસંબંધીઓને મદદ કરે છે તેમનો ખુદનો પણ સારો વિકાસ થાય છે. શહેરમાં સારી રીતે ગોઠવાઈ ગયેલા લોકો વતનમાંથી પોતાના જ્ઞાતિબંધુઓને તેડાવતાં હોય છે અને જ્યાં સુધી તેઓ પગભર ન થઈ જાય ત્યાં સુધી મદદ કરતાં રહે છે. આવા ઘણા કિસ્સા આપણે જોઈએ છીએ. આવી જ્ઞાતિઓનો ખૂબ વિકાસ થાય છે.

વિન્સ્ટન ચર્ચિલે યોગ્ય જ કહ્યું છે કે, ‘આપણને જે કંઈ મળે છે તેનાથી આપણો નિર્વાહ ચાલે છે, પણ આપણે અન્યોને જે આપીએ છીએ એનાથી આપણું જીવન ઘડાય છે.’

અમુક લોકો ઈશ્વરના નામે પોતાની સંપત્તિ અન્યો સાથે વહેંચતા હોય. ઈશ્વર હંમેશાં આવા લોકોની શોધમાં હોય છે. ઈશ્વર તેમનો ઉપયોગ પોતાના વાહક તરીકે કરે છે. ઈશ્વર તેમને સંપત્તિ આપતો રહે છે કે જેથી તેઓ અન્યો સાથે વહેંચતાં રહે. સંપત્તિ ભગવાનના નામે વહેંચાય તે મહત્ત્વનું છે.

જે લોકો કશાકની તરફેણની અપેક્ષાથી, મહત્ત્વ મેળવવા માટે, ખુદના નામને આગળ કરવા માટે કે અહમ્ સંતોષવા માટે લોકોમાં સંપત્તિ વહેંચે છે તે ઉપર વર્ણવ્યા એવા બીજા પ્રકારનાં ઉદ્યોગગૃહો જેવા છે. નાનપણમાં આપણે સૌએ વડીલો પાસેથી ઉપદેશ મેળવ્યો હોય છે કે દાન એવી રીતે કરવું કે જમણા હાથથી દાન કરીએ તો ડાબા હાથનેય ખબર ન પડે.

આપણે સૌએ સમાજ પાસેથી ઘણું લીધું છે - પ્રેમ, હૂંફ, સંપત્તિ, મોભો, સંબંધો, કારકિર્દી, જ્ઞાન અને બીજું કેટલુંય. આપણી માલિકીની ચીજો અથવા જેનો આપણે લાભ ઉઠાવીએ છીએ એવી કેટલીય વસ્તુઓનું અસ્તિત્વ હોત ખરું જો આપણે જંગલમાં જીવતા હોત તો? જો માણસો કે સમાજ જ ન હોત તો આપણે જે કંઈ હાંસલ કર્યું છે તે કેવી રીતે અને ક્યાં મળી શકત?

આપણે સમાજને કશુંક આપીએ છીએ ત્યારે ખરેખર તો સમાજનું ઋણ ઉતારતાં હોઈએ છીએ - બૅન્કમાંથી લૉન લીધાં પછી એના હપ્તા ભરીએ છીએ એમ જ. જેમ આપણે બૅન્કની લૉનના હપ્તા ચૂપચાપ ભરીએ છીએ તેવું સમાજનું ઉધાર પણ ચૂપચાપ ઉતારવું જોઈએ.

ઘણીવાર લોકો સમાજનું ઉધાર ચૂકવવાનું કામ પાછળ ઠેલ્યા કરતા હોય છે. કાં તો એમને મોટી રકમથી શરૂઆત કરવી હોય છે અથવા તો તેમને ઉત્તેજન આપવા યોગ્ય વ્યક્તિઓ કે કાર્યક્ષેત્ર મળતાં નથી. કોઈક વળી કેવળ ઈન્કમ ટૅક્સ બચાવવા માગતા હોય છે. ટૂંકમાં, લોકો પાસે જાતજાતનાં બહાનાં હાજર હોય છે. દર મહિને અમુક રકમ એક યા બીજા પ્રકારની સમાજસેવા માટે અલાયદી રાખવાનો નિર્ણય કરો. આ રકમને ‘ભગવાનનો ભાગ’ એવું નામ આપો. આ ખયાલ આપણા માટે કંઈ નવો નથી. યોગ્ય વ્યક્તિ ન મળે ત્યાં સુધી રકમને ભેગી થવા દો અને પછી યોગ્ય સમયે તે વહેંચી દો. ■

**યોગિક વેલ્થ**

***કમાવાનું ઉધાર લેવાનું કે રોકાણ કરવાનું અંતિમ ધ્યેય તો વાપરવાનું જ હોય છે - પછી વર્તમાનમાં વાપરીએ કે ભવિષ્યમાં, ખર્ચ એવી રીતે કરો કે જેથી આખરે સંપત્તિનું સર્જન થઈ શકે.***

---

**વીમા સુરક્ષાકવચ**

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

## આરોગ્ય વીમામાં નોમિનેશનનું મહત્ત્વ કેટલું ...






ભારતમાં આરોગ્ય વીમો એ પરિવારની આર્થિક સુરક્ષાનું મજબૂત સાધન બન્યું છે, પરંતુ વીમાધારકના અવસાન પછી ક્લેઇમ પ્રક્રિયા સરળ બને તે માટે નોમિનેશન જરૂરી છે માટે આપણે અહીં જાણી લઈએ આરોગ્ય વીમામાં નોમિનેશનનું મહત્ત્વ, તેના ફાયદા, ઈત્યાદિ ...

**નોમિનેશન શું છે?**

આરોગ્ય વીમામાં નોમિનેશન એટલે વીમાધારક દ્વારા પોલિસી ખરીદતી વખતે અથવા પછી કોઈ વ્યક્તિને નોમિની તરીકે નામાંકિત કરવું, જે વીમાધારકના મૃત્યુ પછી ક્લેઇમની રકમ મેળવી શકે. IRDAIના નિયમો અનુસાર, નોમિની માત્ર ક્લેઇમની રકમ સંભાળે છે અને તે કાનૂની વારસદાર નથી, પરંતુ તે પ્રક્રિયાને ઝડપી બનાવે છે. નોમિની પત્ની, બાળકો, માતા-પિતા અથવા કોઈ વિશ્વાસપાત્ર વ્યક્તિ હોઈ શકે છે - એક કરતા વધુ નોમિની પણ નામાંકિત કરી શકાય છે.

**નોમિનેશન કેમ જરૂરી છે?**

વીમાધારકના અચાનક અવસાન પછી, પોલિસી વિના નોમિનેશન,વિના ક્લેઇમ માટે કોર્ટમાંથી સક્સેશન સર્ટિફિકેટ મેળવવું પડે છે, જે મહિનાઓ લાગે છે. નોમિનેશનથી ક્લેઇમ સેટલમેન્ટ ૩૦-૪૫ દિવસમાં થાય છે. કાર્યકારી ફાયદાઃ

- ક્લેઇમ પ્રક્રિયા ઝડપી અને હસ્સલ-મુક્ત
- કુટુંબીઓ વચ્ચે વિવાદો ટાળે
- કાનૂની જટિલતાઓથી બચાવે

**નોમિનેશન વિના થતો વિલંબ...**

આ એક ઉદાહરણ જોઈએ...

અમદાવાદના રાજેશ પટેલ (૪૫),એ ૧૦ લાખની આરોગ્ય વીમા લીધી પણ નોમિનેશન નહોતું કર્યું. હૃદયરોગથી અવસાન પછી પત્નીને કેન્સર સારવાર માટે ૫ લાખ ક્લેઇમ કરવાનો હતો, પણ વીમા કંપનીએ કોર્ટ સર્ટિફિકેટ માગ્યું. ૬ મહિના વિલંબથી પરિવારે ઉધાર લઈને સારવાર કરાવી, ૨ લાખ વધારાનું ખર્ચાયું. નોમિનેશન હોત તો ૩૦ દિવસમાં ક્લેઇમ મળ્યો હોત.

**નોમિનેશન કેવી રીતે કરવું?**

પ્રોપોઝલ ફોર્મમાં નોમિનીનું નામ, સંબંધ, ID ભરો. પછી લેખિત અરજીથી બદલાવો; ઓનલાઈન પણ શક્ય. નાના બાળકને નોમિની બનાવો તો ગાર્ડિયન નામો. વાર્ષિક તપાસો.

**નિષ્કર્ષ :**

આરોગ્ય વીમામાં નોમિનેશન એ નાનું પગલું છે, જે મોટી આર્થિક સુરક્ષા આપે છે. રાજેશ પટેલ જેવા કેસથી શીખીને આજે જ તમારી પોલિસી પણ તપાસી લો...! ■

---

**ફોકસ**

ખુશ્બુ ઠક્કર
feedback@bombaysamachar.com

## હેલ્ધી ગ્રાનોલા બાર

ઓટ્સ વાળી ગ્રાનોલા બાર (Oats Granola bar). આ એકદમ હેલ્ધી, નો-બેક (ઓવન વગર) અને ઘરે સરળતાથી બની જાય તેવી છે. ઓટ્સ, ડ્રાયફ્રુટ્સ, બીજ અને ગોળ/મધથી બને છે વજન કંટ્રોલ, એનર્જી બુસ્ટ અને બાળકો માટે પણ સુપર!

સામગ્રી (લગભગ ૧૨-૧૫ બાર માટે):

- ૨ કપ રોલ્ડ ઓટ્સ (rolled oats / જાડા ઓટ્સ)
- અડધો કપ બદામ (almonds / badam) ચોપ કરેલા
- અડધો કપ કાજુ (cashews) ચોપ કરેલા
- પા કપ અખરોટ (walnuts) ચોપ કરેલા
- પા કપ પમ્પકિન સીડ્સ (pumpkin seeds) અને સનફ્લાવર સીડ્સ (મિક્સ)
- ૨-૩ ચમચી તલ (sesame seeds / til)
- ૧ કપ ખજૂર (pitted dates / khajoor) પેસ્ટ બનાવવા
- પા કપ મધ (honey) અથવા ગોળની ચાસણી (ગોળ પસંદ હોય તો)
- ૨-૩ ચમચી પીનટ બટર અથવા ઘી (ઓપ્શનલ, બાઈન્ડિંગ માટે)
- અડધી ચમચી તજનો પાઉડર (cinnamon powder) ઓપ્શનલ પણ સ્વાદ વધારે છે
- થોડા ડ્રાઈ ફ્રુટ્સ જેમ કે કિસમિસ અથવા ક્રેનબેરી (ઓપ્શનલ)

**બનાવવાની રીતઃ**

૧. એક ભારે તળિયાની કડાઈમાં રોલ્ડ ઓટ્સને ધીમા તાપ પર ૪-૫ મિનિટ શેકો જેથી તે ક્રિસ્પી અને સુગંધિત થાય. બાજુમાં રાખો.

૨. તે જ કડાઈમાં બદામ, કાજુ, અખરોટ, પમ્પકિન સીડ્સ, સનફ્લાવર સીડ્સ અને તલને હળવું શેકી લો (૩-૪ મિનિટ). ઠંડા થાય પછી બરછટ ચોપ કરી લો (બ્લેન્ડરમાં નહીં પીસવું).

૩. ખજૂરને ગરમ પાણીમાં ૧૦ મિનિટ પલાળી લો, પાણી કાઢીને બ્લેન્ડરમાં પેસ્ટ બનાવો. જો ખૂબ સુકું હોય તો ૧-૨ ચમચી પાણી ઉમેરો.

૪. એક પેનમાં ખજૂરની પેસ્ટ, મધ (અથવા ગોળ ઓગાળીને), પીનટ બટર/ઘી અને તજનો પાઉડર ઉમેરીને મધ્યમ તાપ પર ૩-૪ મિનિટ હલાવીને ગરમ કરો. પેસ્ટ જાડુ થવા લાગે ત્યારે ગેસ બંધ કરો.

૫. હવે તેમાં શેકેલા ઓટ્સ, ચોપ કરેલા ડ્રાયફ્રૂટ્સ અને બીજ બધું ઉમેરીને સારી રીતે મિક્સ કરો. મિશ્રણ એકસરખું થવું જોઈએ જો ખૂબ સુકું લાગે તો થોડું વધુ મધ ઉમેરો.

૬. એક ચોરસ અથવા લંબચોરસ ટ્રે/પ્લેટને ઘી લગાવી અથવા પાર્ચમેન્ટ પેપર વડે લાઈન કરો. મિશ્રણને તેમાં ફેલાવો અને હાથથી અથવા બેલન વડે સમાન ૮-૯ ઈંચ જાડું કરીને દબાવો. ઉપરથી થોડા વધુ નટ્સ અથવા સીડ્સ છાંટીને દબાવો.

૭. રૂમ ટેમ્પરેચર પર ૩૦-૪૫ મિનિટ અથવા ફ્રીજમાં ૨૦-૩૦ મિનિટ સેટ થવા દો. ઠંડુ થયા પછી ચોરસ/લંબચોરસ બારમાં કાપી લો.

૮. એરટાઈટ કન્ટેનરમાં રાખો ૧૦-૧૫ દિવસ સુધી ચાલે છે (ફ્રીજમાં વધુ સારું).

આ બારમાં ફાઈબર, પ્રોટીન અને હેલ્ધી ફેટ્સ ભરપૂર છે. સવારના નાસ્તામાં, વર્કઆઉટ પછી અથવા બાળકોના સ્નેક તરીકે બેસ્ટ! ■

---

**આરોગ્ય એક્સપ્રેસ**

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

## પથ્ય-અપથ્યમાં વિવેક ન રાખો તો આરોગ્ય સલામત ક્યાંથી રહે?





ભોજન અને આરોગ્યને લાગતો એક સુંદર શ્લોક છેઃ

***વિનાપિ ભેષજં વ્યાધિઃ પથ્યાદેવ નિવર્તતે***
***ન તુ પથ્યવિહીનોયં ભેષજાનાં શતૈરપિ***

અર્થાત્ :

માત્ર પથ્યનું પાલન કરવાથી દવા વગર રોગો મટાડી શકાય છે, પરંતુ ૧૦૦ દવાઓ લીધા પછી પણ જો પથ્યનું પાલન ન કરવામાં આવે તો રોગો મટાડી શકાતા નથી. જેમને રોગોની સારવાર માટે આયુર્વેદ પર ભરોસો ન હોય, તે લોકો પણ જાણતા હશે કે એલોપેથીમાં પણ અનેકવાર ડોક્ટર પણ દવાની સાથે યોગ્ય આહાર લેવાની સલાહ આપે છે. તેથી જ આપણે ત્યાં પુરાતન કાળથી કહેવાય છે કે, પથ્ય-અપથ્યની આપણને જાણકારી હોવી જોઈએ. પહેલાના સમયમાં આપણા ઘરની માતાઓને આ બાબતની ઊંડી જાણકારી હતી. ‘દાદીમાનું વૈદું’ શબ્દ એમ ને એમ નથી આવ્યો... જોકે હવેના લોકોમાં એ જાણકારી રહી નથી અને આધુનિકતાના ચક્કરમાં બહાર ખવાતા ખાદ્ય પદાર્થોમાં વિરુદ્ધ આહારોની ભરમાર હોય છે. ચાઈનીઝ, જાપાનીઝ, થાઈ જેવા અનેક પ્રકારના ભોજનોમાં વિરુદ્ધ આહારો એક અથવા બીજી રીતે પીરસતા હોય છે. અહી આપણે આવા કેટલાક સામાન્ય વિરુદ્ધ આહારો વિશે જાણીએ,જેમકે ...

લીલા પાંદડાવાળા શાકભાજી ખાધા પછી દૂધ પીવાનું ટાળવું જોઈએ. ખાટી વસ્તુઓ દૂધ સાથે મેળ ખાતી નથી....મધ ક્યારેય ગરમ કરીને વાપરવું ન જોઈએ... રાત્રે દહીંનું સેવન કરવું, ગરમ ચા કે કોફી પીધા પછી તરત જ ઠંડુ પાણી પીવું અને દસ દિવસથી વધુ સમય માટે પિત્તળના વાસણમાં રાખેલા ઘીને ફરીથી ગરમ કરવાનું ટાળવું. દૂધ અને કેળા સાથે વધુ માત્રામાં લેવામાં આવે તો કફકારક છે....દૂધમાં ફળો નાખીને બનાવેલો ફ્રૂટ સલાડ પણ વિરુદ્ધ આહાર ગણાય છે. આજ રીતે દૂધ અને ગોળનું મિશ્રણ વિરુદ્ધ આહાર ગણાય છે... પ્રોટીન અને કાર્બોહાઇડ્રેટનું સેવન સાથે ન કરવું જોઈએ, કેમકે



એ બંને એકબીજાના પાચનમાં બાધા ઉત્પન્ન કરે છે. અર્થાત બ્રેડ, અનાજ અને કેકની સાથે મેવા, માંસ અને પનીરનું સેવન ન કરાય, પણ આપણે સેન્ડવિચમાં પનીર નાખીને ખાઈએ છીએ.

આજ રીતે, ડુંગળી અને દૂધ ક્યારેય એકસાથે ન ખાવા જોઈએ. ડુંગળી સાથે દૂધ ખાવાથી ત્વચાની વિવિધ સ્થિતિઓ, જેમ કે દાદ, ખંજવાળ અને ખરજવું થવાનું જોખમ વધી શકે છે. તેવી રીતે દૂધ સાથે દહીંનું સેવન પણ ન કરવું જોઈએ. દૂધ અને દહીંમાં અલગ અલગ ગુણધર્મ છે, તેથી તેનું એકસાથે સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. તેનું એકસાથે સેવન કરવાથી પેટની સમસ્યાઓ થઈ શકે છે.

વાત, પિત્ત અને કફમાં જે દોષના જે ગુણ હોય, તેવા સમાન ગુણવાળો આહાર લેવાથી તે દોષમાં વૃદ્ધિ થાય છે એમ આયુર્વેદ કહે છે. ઉદાહરણ તરીકે, કફ દોષનો ગુણ ગુરુ, એટલે કે પચવામાં વધુ સમય લે છે. શીત, સ્થિર, સ્નિગ્ધ, મધુર અને ચીકણાં પદાર્થો. જેવા કે મીઠાઈ, કેળા, માખણ, ઘી વગેરેનો અધિક ઉપયોગ કફ દોષમાં વૃદ્ધિ કરે છે.

તેને કારણે કઈ વ્યાધિઓ ઉત્પન્ન થાય છે? તેના વિશે આયુર્વેદ કહે છે કે, વધારે ઊંઘ આવવી, આળસ, શરીર ભારે લાગવું, અપચન, મંદાગ્નિ જેવી સમસ્યાઓ ઉત્પન્ન થઈ શકે છે.

પીત્ત દોષનો ગુણ ઉષ્ણ-તીક્ષ્ણ છે. તેથી ખાટાં, તીખા અને જંકફૂડ કહેવાય તેવા પદાર્થો ખાવાથી તેની વૃદ્ધિ થાય છે. વધુ પરસેવો થવો, દુર્ગંધયુક્ત પરસેવો, છાતી કે પેટમાં બળતરા થવી જેવી વ્યાધિ થાય છે.

વાત દોષનો ગુણ રૂક્ષ છે. કાચા મૂળા, જાંબુ,



કારેલાં, વટાણા, ચણા, અડદ અને મસૂર વાત દોષ વધારે છે. તેને કારણે હાથ-પગની ત્વચા રૂક્ષ થવી અને ફાટવી, મોઢાનો સ્વાદ બગડી જવો, ત્વચાનો વર્ણ શ્યામ થવો, આંખ, કાન કે કમરમાં દુખાવો થવો જેવી. વ્યાધિઓ વાત દોષ દર્શાવે છે. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# અકાળે વૃદ્ધત્વથી બચાવ જરૂરી...

જીવનમાં સંધ્યાકાળ એટલે વૃદ્ધત્વ કે બુઢાપો એ નિશ્ચિત જ છે. હાલના સમયમાં આ યુવાનીના સમય પર દેખાવા લાગ્યો છે. આ વૃદ્ધત્વ જલદી આવવું એ દર્શાવે છે કે શારીરિક અને માનસિક તકલીફો આધુનિક સમયમાં વધુ છે. જે સમય પહેલા જ શારીરિક રીતે વધુ પરિપક્વ એટલે કે વૃદ્ધત્વ થઈ રહ્યું છે. સમય પહેલા એટલે યુવાનીમાં જ વાળનું સફેદ થવું. દાંતની તકલીફ, દૃષ્ટિ પર અસર, ઊર્જાની કમી, શારીરિક અક્ષમતા વગેરે બહુ જ જલદી દેખાવા લાગ્યું છે. વ્યાવસાયિક અને આર્થિક પડકાર સમય પહેલા જ વૃદ્ધત્વ આપી રહ્યું છે. શારીરિક રીતે આનાં કારણો જોઈએ.

આપણે વૃદ્ધ શા માટે થઈએ છીએ. આની માટે જવાબદાર ગણાતા ટેલોમિયર છે. આ ટેલોમિયર સેલની અંદરના ક્રોમોસોમ (ગુણસૂત્ર)ના છેડા પર (એન્ડ પાર્ટ પર) આવેલું છે જે ડીએનએ અને પ્રોટીનના દોરા જેવી સંરચના છે. જેમ બૂટની દોરીના છેડા પર પ્લાસ્ટિકનું કેપ છે તેમ ક્રોમોસોમ પર કેપ છે. જેને ટેલોમિયર કહેવાય છે. જે ક્રોમોસોમને તૂટતા કે નુકસાનથી બચાવે છે. જ્યારે પણ કોષ વિભાજન થાય (સેલ ડિવિઝન થાય) ત્યારે ટેલોમિયરની લંબાઈ ઘટે છે જ્યારે ટેલોમેર ખૂબ ટૂંકા થઈ જાય છે અને વૃદ્ધત્વ આવે છે.

બીજી રીતે સમજીએ તો જેમ જેમ આયુ વધે તેમ તેમ ટેલોમિયર ઘસાય કે ટૂંકા થાય. ડી.એન.એ. સેલ ઘસાતા જાય એક પછી એક સેલ વિભાજન અટકી જાય. ડી.એન.એ.માં જીન આવેલા છે. જે અલગ અલગ કામ કરે છે. દા.ત. વાળ બનાવવા માટેનું તત્ત્વ બનાવે. કેપ ઘસાય એટલે તે જીન નીકળી જાય તે વાળ માટેના તત્ત્વ બનાવી શકતું નથી તેથી વાળ ખરી જાય કે અકાળે સફેદ થઈ જાય. ટેલોમિયર કેપના કારણે એક ડી.એન.એ. બીજા ડી.એન.એ. સાથે ચોંટતું નથી. ટેલોમિયર નીકળી જતાં બે ડી.એન.એ. એકબીજા સાથે ચીપકી જાય જીન કામ ન કરી શકે ત્યારે સ્કીન લૂઝ થાય એટલે કે ચામડી પર કરચલીઓ પડે છે. ટેલોમિયર ક્રોમોસોમને રક્ષણ આપે છે તે રક્ષણાત્મા નીકળી જાતા વ્યાધિઓ શરૂ થઈ જાય છે એટલે કે ટેલોમિયર શોર્ટનિંગ થાય.

ટેલોમિયર ઘસાતું અટકાવવા કે તેની કેપને સુરક્ષિત રાખવા માટે ટેલીમેરેઝ એન્ઝાઈમનું નિયંત્રિત રીતે સક્રિય રહેવું જોઈએ. જેના કારણે ટેલોમેર ઘટતા નથી. ઉંમર વધવાની પ્રક્રિયા ધીમી કરી નાખે છે. ટેલીમેરઝની લંબાઈને આધારે માણસની ઉંમર જાણી શકાય છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે રક્તકણિકાઓમાં રહેલા ટેલોમિયરની નાના થવાની ઝડપના આધારે માણસના બુઢાપાની આગાહી શક્ય છે. જોકે જીન્સ હંમેશાં આજુબાજુના વાતાવરણથી પણ પ્રભાવિત થાય છે. આથી જો ગર્ભાવસ્થા દરમિયાન માતાના લોહીમાં ઓક્સિજનની ઓછપ હોય તો તેની આડઅસર બાળકના સ્વાસ્થ્ય પર પડે છે કે હૃદયની બીમારી થઈ શકે છે. ગર્ભવતી સ્ત્રી એન્ટીઓક્સિડન્ટવાળો ખોરાક લે તો બાળકનો વિકાસ સારો થાય. આ સમસ્યાના ઉકેલ માટે ટેલોમેરેઝ એન્ઝાઈમને સક્રિય કરવાનો માર્ગ અપનાવવો જોઈએ.

બાળકોને સ્વસ્થ રાખવા માટે શરૂઆતથી જ પોષણયુક્ત આહાર આપવો જોઈએ. જેથી યુવાન વય સારી જાય. યુવાનીમાં પણ બાહ્ય ભોજન, વ્યસનથી મુક્ત રહેવાથી અને કેમિકલયુક્ત આહાર સદંતર બંધ, રાંધેલો ખોરાક ઓછો લેવો, બે ટાઈમ જ આહાર લેવો, બે આહારની વચ્ચે સાતથી આઠ કલાકનો સમય ગાળો જરૂરી છે. હા પાણી કે થોડા પ્રમાણ રસાળ વસ્તુ લઈ શકાય. ધ્યાન રાખો રાંધેલો પ્રોસેસ ફૂડ અને પોલ્યુશનના કારણે જ થાય. ટેલોમિયર શોર્ટનિંગ વહેલું થવાનાં કારણોમાં સ્ટ્રેસ. જે આજના



યુવાનોમાં ખૂબ મોટા પ્રમાણમાં દેખાય છે. સ્ટ્રેસના કારણે શારીરિક અને માનસિક સમસ્યાને સહન કરવાની ક્ષમતા ખોઈ બેસે છે. આર્થિક ઉપાર્જન માટેનો સ્ટ્રેસ આજે વધુ છે. માનસિક રીતે દુર્બળ થતા લોકો વ્યસન તરફ જાય છે. વ્યસન એ ઘણાંય પ્રકારના છે. જેમ કે સિગરેટ કે બીડી પીવી, તમાકુ અને દારૂનું સેવન ચહા, કોફી, ચોકલેટ કેનમાં મળતા કોલ્ડડ્રીંકમાં કેફેનનું પ્રમાણ ખૂબ જ અધિક છે. જેના કારણે શરીરમાં અલ્ડીહાઈડનું પ્રમાણ વધી જાય અને એક પ્રકારની ટેવ પડી જતા સેલને ઓક્સિજન ઓછું મળે છે. એક પ્રકારનો માનસિક સ્ટ્રેસ થાય છે. આની અસર ખૂબ લાંબા સમય સુધી રહે છે. સામાજિક પરિસ્થિતિ એટલે કે સંયુક્ત કુટુંબની પ્રથા હવે રહી નથી તેથી એકલાપણું એ પણ સ્ટ્રેસ વધારે છે. સ્ટ્રેસને કારણે ક્રોમોઝોમને ઓક્સિજનનો પુરવઠો પૂરતા પ્રમાણમાં મળતો નથી. કુપોષણ-બાહ્ય ખાદ્ય-પદાર્થમાં પોષણ નથી હોતું, તેમજ અતિ પ્રમાણમાં સાકરનું સેવન શરીરનાં પોષક તત્ત્વોને મારી નાખે છે. પ્રોટીનની ઓછપ નિર્માણ થાય છે. આના કારણે યુવાનીમાં વૃદ્ધત્વ આવે છે. પ્રોટીનની ઓછપ ભારતમાં છે. કુપોષણને કારણે વધુ અછત થાય છે.

ટેલીમેરેઝ આ એન્ઝાઈમ (પાચક તત્ત્વ) યુક્ત આહાર ખૂબ જ જરૂરી છે. જે ટેલોમિયરની કેપ માટે જરૂરી છે. તેમજ જીન્સને નીકળતું રોકે છે. વધુ પ્રમાણમાં નીકળી જતા શરીરમાં ઘસારો શરૂ થઈ જાય છે. ઘણીવાર એવું પણ જોવામાં આવ્યું કે ઓબેસીટી (અતિ જાડાપણું)ને કારણે પણ ટેલોમિયરની કેપ ઘસાઈ જાય છે કે તેની લંબાઈ ખૂબ જ ઘટી જાય છે. તેમ જ અતિ ભારે ખોરાક કે સાકરવાળાં દ્રવ્યો વધુ પેટમાં જાય ત્યારે આ સમસ્યા દેખાય છે. સામાજિક ઉત્સવોમાં ભાગ કે પોતાની જાતીયન સમારંભોમાં ભાગ લેવો ખૂબ જ જરૂરી છે. આજના યુવાન તેનાથી વંચિત રહે છે કે રુચિ ધરાવતા નથી. રીતરિવાજ તેમને બોજ લાગે છે. જેના કારણે તેઓ એકલા પડી જાય છે તેના કારણે પણ સ્ટ્રેસ આવે છે.

ટેલોમિયરનું સુરક્ષિત રહેવું જરૂરી છે. યુવાનીમાં જ ખોરાક શુદ્ધ લેવો જરૂરી છે. રાઈબોન્યૂકિલ્ટ એસિડ અને રાઈબોન્યૂકિલ્યર પ્રોટીન જે સેલમાં આવેલ છે જે જીનનું નિયમન કરવાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ બન્ને સેલમાં હોવા જરૂરી છે. તેને જાળવી રાખવા માટે ટેલોમિયર કેપ ખૂબ જરૂરી છે. ટેલોમિયરને સુરક્ષા માટે બારમાસી ફૂલ, અશ્વગંધા, આમલકી રસાયણ, દાડમના ફૂલ, દાડમના છાલનો પાવડર, દાડમના દાણા, પાલક, કાચું પપૈયું, મંડૂકપર્ણીનો ઉપયોગ ચિકિત્સકની સલાહથી કરવો હિતાવહ છે. યોગ્ય આહારથી ટેલોમિયરની લંબાઈ જળવાઈ રહે તો તે પાછું રિર્વસ કરી શકાય છે. કેન્સર જેવી ઘાતક બીમારીથી બચી શકાય છે. ■

feedback@bombaysamachar.com

ટૂંકું ને ટચ

# નાગાલેન્ડનું ‘કાળું સોનું’: ઓળખો છો પૂર્વોત્તરના ગૌરવ સમાન ‘મિથુન’ને?



ભારતનાં પૂર્વોત્તર રાજ્યો, ખાસ કરીને નાગાલેન્ડના પહાડોમાં એક એવું અનોખું પ્રાણી જોવા મળે છે, જે ત્યાંની સંસ્કૃતિ, પરંપરા અને હવે આર્થિક ક્રાંતિનું પ્રતીક બની ગયું છે. આ પ્રાણી એટલે ‘મિથુન’. દેખાવમાં ગાય અને ભેંસના પરિવારનું (Bovine species) લાગતું આ પ્રાણી વર્ષો સુધી જંગલોમાં વિહરતું હોવાથી ‘અર્ધ-જંગલી’ ગણાતું, પરંતુ આજે તે નાગાલેન્ડના ખેડૂતો માટે સમૃદ્ધિનું નવું સરનામું બની રહ્યું છે.

વાત છે કોહિમાથી ૯૦ કિલોમીટર દૂર આવેલા પોરબા ગામની. વર્ષ ૨૦૧૫માં આ ગામ પર કુદરતી આફત તૂટી પડી. ‘ફૂટ એન્ડ માઉથ ડિસીઝ’ (FMD) નામના જીવલેણ રોગચાળાએ ગામના ૪૦૦થી વધુ મિથુનોનો ભોગ લીધો અને એ આફતમાંથી માત્ર ૬૦ પશુ બચ્યાં. ખેડૂતો હિંમત હારી ગયા હતા અને મિથુનનો સાથે છોડવાની અણી પર હતા. આ કપરા સમયે આશાનું કિરણ બનીને આવ્યા ડો. કોબુ ખાતે. મેડઝીફેમા સ્થિત ‘ICAR-રાષ્ટ્રીય મિથુન અનુસંધાન કેન્દ્ર’ (NRC) ના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. ખાતે અને તેમની ટીમે ૨૦૧૭માં આ ગામની મુલાકાત લીધી. તેમણે ખેડૂતોને માત્ર આશ્વાસન જ ન આપ્યું, પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી મિથુન પાલનની કાયાપલટ કરી નાખી. આ ડોકટરે ‘સેમી-ઈન્ટેન્સિવ મિથુન ફાર્મિંગ સિસ્ટમ’ (અર્ધ-સઘન પાલન પદ્ધતિ) વિકસાવી છે ,જેની ખાસિયત એ છે કે તેને ‘શૂન્ય ખર્ચની ખેતી’ કહી શકાય. મિથુન અત્યાર સુધી માત્ર માંસ માટે જ ઓળખાતું હતું, પરંતુ સંશોધનોએ સાબિત કર્યું કે તે દૂધનો પણ ઉત્તમ સ્ત્રોત છે. મિથુનના દૂધમાં ૮ થી ૧૦% ફેટ હોય છે, જે સામાન્ય ગાય કે ભેંસના દૂધ કરતાં ઘણું વધારે અને પૌષ્ટિક છે.

**ગુજરાત સાથેનું જોડાણ ને એની વધતી જતી માગ**

મિથુનની ઓળખ હવે માત્ર પૂર્વોત્તર પૂરતી સીમિત રહી નથી. ગુજરાત અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાં પણ હવે મિથુન પ્રત્યે રસ જાગ્યો છે. જામનગર સ્થિત ‘વનતારા’ પ્રોજેક્ટને પણ સંશોધન કેન્દ્ર દ્વારા ૫૦ મિથુન આપવામાં આવ્યા છે, જે આ પ્રાણીની વધતી લોકપ્રિયતા અને મહત્ત્વ દર્શાવે છે. ડો. ખાતે માને છે કે જો મિથુનને ‘નેશનલ લાઈવસ્ટોક મિશન’ (ગકખ)માં સામેલ કરવામાં આવે અને તેના સંવર્ધન માટે ચોક્કસ રાષ્ટ્રીય નીતિ બને પછી નાગાલેન્ડ જ નહીં, પણ સમગ્ર દેશમાં પશુપાલકો માટે આર્થિક ઉન્નતિના નવા દ્વાર ખૂલી શકે છે. પહાડોની કંદરાઓમાં રહેતું આ ‘શાંત’ પ્રાણી આજે ડો. કોબુ ખાતે જેવા વૈજ્ઞાનિકોના સમર્પણને કારણે નાગાલેન્ડની બહુ ઝડપથી આર્થિક કરોડરજ્જુ બની રહ્યું છે. જ્યારે પરંપરાગત જ્ઞાનને આધુનિક વિજ્ઞાનની પાંખો મળે છે ત્યારે પ્રગતિ કેવી હોય શકે તેનું ઉત્તમ ઉદાહરણ એટલે નાગાલેન્ડનું આ ‘મિથુન’ મોડેલ...

રાહુલ વેગડા (મેડઝીફેમ-નાગાલેન્ડ) ■

feedback@bombaysamachar.com

વિશેષ
કવિતા યાજ્ઞિક

# હરડેની હરણફાળ... ત્વચા માટે હરડે કેટલું ફાયદાકારક ...

હરિતકી (Haritaki) એટલે કે હરડે એક એવું ફળ છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે આયુર્વેદિક દવામાં થાય છે. હરડે એના શક્તિશાળી ઉપચાર ગુણધર્મો માટે પ્રખ્યાત છે. તેને આયુર્વેદમાં ‘ઔષધોનો રાજા’ તરીકે ઓળખવામાં આવે છે.

પરંપરાગત રીતે, હરડેનો ઉપયોગ પાચન સુધારવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને એકંદર સુખાકારી બહેતર કરવા માટે થાય છે. તે આયુર્વેદિક ફોર્મ્યુલેશન ત્રિફળામાં એક મુખ્ય ઘટક છે, જેનો ઉપયોગ ડિટોક્સિફિકેશન અને કાયાકલ્પ માટે થાય છે. હરડે તેના એન્ટીઑકિસડન્ટ, બળતરા વિરોધી અને એન્ટિમાઇક્રોબાયલ ગુણધર્મો માટે મૂલ્યવાન હોવાથી, તેને ત્વચા અને વાળ માટે ફાયદાકારક માનવામાં આવે છે. ચાલો, આપણે ત્વચા માટે હરડેના ફાયદા વિશે જાણીએ.

**૧) એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો**

હરડે એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે, જે મુક્ત રેડિકલને (અસ્થિર અણુઓ જે યુવી સંપર્ક, પ્રદૂષણ, તાણ અથવા ચયાપચયને કારણે રચાય છે) કારણે થતા ઓક્સિડેટીવ તણાવથી ત્વચાને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. મુક્ત રેડિકલ કરચલીઓ અને ફાઇન લાઇન્સ સહિત અકાળ વૃદ્ધત્વ તરફ દોરી જાય છે. આ હાનિકારક અણુઓને નિષ્ક્રિય કરીને, હરડે યુવાન અને સ્વસ્થ ત્વચા જાળવવામાં મદદ કરે છે.

**૨) બળતરા વિરોધી અસર**

હરડેમાં મજબૂત બળતરા વિરોધી ગુણધર્મો છે, જે ત્વચામાં બળતરા અને લાલાશ ઘટાડી શકે છે. તેથી તે ખીલ, ખરજવું અને સોરાયસિસ જેવી પરિસ્થિતિઓમાં ફાયદાકારક બને છે. નિયમિત ઉપયોગ બળતરાથી પીડિત ત્વચાને શાંત કરવામાં અને રંગ ચોખ્ખો કરવામાં મદદ કરી શકે છે.



**૩) એન્ટિમાઇક્રોબાયલ એક્શન**

હરડેના એન્ટિમાઇક્રોબાયલ ગુણધર્મો તેને વિવિધ ત્વચા ચેપ સામે અસરકારક બનાવે છે. તે ત્વચાની સમસ્યાઓનું કારણ બનેલા બેક્ટેરિયા અને ફૂગ સામે લડવામાં મદદ કરી શકે છે, ચેપને અટકાવી શકે છે અને ઉપચારને પ્રોત્સાહન આપી શકે છે. ખાસ કરીને ખીલની સારવાર અને બ્રેકઆઉટ્સને રોકવા માટે ઉપયોગી છે.

**૪) ડિટોક્સિફિકેશન**

હરડે તેના ડિટોક્સિફાઇંગ અસરો માટે જાણીતું છે, જે શરીરને અંદરથી શુદ્ધ કરવામાં મદદ કરે છે. શરીરમાંથી ઝેરી તત્ત્વો દૂર કરીને, હરડે સ્વચ્છ અને સ્વસ્થ ત્વચા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. ડિટોક્સિફિકેશન ખીલ અને ફોલ્લીઓ જેવી ત્વચાની સમસ્યાઓ ઘટાડી શકે છે, જેનાથી રંગ વધુ ચમકતો થાય છે.

**૫) ત્વચા માટે અતિ ઉપયોગી**

હરડેનો નિયમિત ઉપયોગ ત્વચાની રચના અને રંગ સુધારી શકે છે. તે ત્વચાના કોષોના પુનર્જીવનમાં મદદ કરે છે, જે ત્વચાને સુંવાળી અને કોમળ રાખે છે. હરડે ઘા અને ડાઘના દેખાવને ઘટાડવામાં પણ મદદ કરી શકે છે, જેનાથી ત્વચા એકસરખી ટોન થાય છે.

**૬) મોઇશ્ચરાઇઝિંગ ઇફેક્ટ્સ**

હરડે ત્વચાનો ભેજ જાળવી રાખવામાં, તેને હાઇડ્રેટેડ રાખવામાં અને શુષ્કતાને રોકવામાં મદદ કરે છે. ખાસ કરીને શુષ્ક અથવા ફ્લેકી ત્વચા ધરાવતા લોકો માટે તે ફાયદાકારક છે, કારણ કે તે નરમ અને સુંવાળી ત્વચા જાળવવામાં મદદ કરે છે.

**૭) વૃદ્ધત્વ વિરોધી ફાયદા**

કોલાજન ઉત્પાદન વધારવા અને ત્વચાની સ્થિતિસ્થાપકતામાં સુધારો કરીને, હરડે વૃદ્ધત્વના સંકેતોને વિલંબિત કરવામાં મદદ કરી શકે છે. હરડેમાં હાજર એન્ટીઑકિસડન્ટો અને વિટામિન્સ ત્વચાને પોષણ આપે છે, કરચલીઓનો દેખાવ ઘટાડે છે અને ત્વચાને મજબૂત અને યુવાન રાખે છે.

**ત્વચા માટે હરડેનો ઉપયોગ કેવી રીતે કરવો?**

હરડેનો ઉપયોગ ત્વચા માટે બે રીતે કરી શકાય છે : એક હરડેનો પાઉડર લઈને તેને ચહેરા પર લગાવીને અને બીજું તેનું સેવન કરીને. હરડે પાઉડર ચહેરાની ત્વચા પર લગાવી શકાય છે. હરડે પાઉડરને પાણી અથવા ગુલાબજળ સાથે ભેળવીને પેસ્ટ બનાવો. આ પેસ્ટને ત્વચા પર એક સરખું ફેલાય તેવી રીતે લગાવો. તેને ૧૫-૨૦ મિનિટ સુધી રહેવા દો અને પછી ગરમ પાણીથી ધોઈ લો. ધ્યાન રાખો કે પાણી માત્ર હૂંફાળું ગરમ હોય, વધારે પડતું નહીં.

**આંતરિક સેવનઃ** હરડે પાઉડર, કેપ્સ્યુલ્સ અથવા ત્રિફળાના ભાગ રૂપે ખાવાથી ત્વચાના એકંદર સ્વાસ્થ્યમાં પણ સુધારો થાય છે. સામાન્ય રીતે, હરડે બધા પ્રકારની ત્વચા પર વાપરવા માટે સલામત છે, પરંતુ કુદરતી ઘટક હોવાથી, તે એલર્જીક પ્રતિક્રિયાઓનું કારણ પણ બની શકે છે. તેથી, હરડેને બાહ્ય રીતે લગાવતા પહેલા પેચ ટેસ્ટ કરી લેવો જોઈએ. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ
સુભાષ ઠાકર

# પ્રેમમાં લાગણી હોય-માગણી ન હોય...!




‘હે પ્રભુ, જીવનસાથી મેળવવા માટે દરેક શુભ ચોઘડિયુ મારા માટે કાળ ચોઘડિયું બનીને કેમ આવતું હશે’ એવો વિચાર કરતો કરતો ચંબુ બજારમાંથી નીકળ્યો ને એક દુકાનની બહાર બોર્ડ વાંચ્યું ‘લગ્ન માટેનો બધો સમાન મળશે.’

મોઢામાંથી ચર્ચગેટથી વિરાર જેવડું લાં...બુ ‘વાઆઆઆઉ’ સરી પડ્યું. હૈયામાં હરખની હેલી વરસી ને આશા સાથે દુકાનદારને કીધુ ‘બકા, લગનનો બધો સમાન રાખતા હો તો ફટાફટ એક સારી ક્વોલિટીની કુંવારી કન્યા બતાવો.’

દુકાનદાર ચમક્યો : ‘એ સામાનમાં આવે? અરે કોઈના મૃત્યુ પછી એની અંતિમક્રિયાના સામાનની દુકાનમાં કફન, દોણી, ફૂલ કે શબવાહિની કે એમ્બ્યુલન્સ મળે પણ લાશની વ્યવસ્થા આપણે જાતે કરવી પડે. એ દુકાનમાં ન મળે...’

‘એટલે?’ ચંબુએ પૂછ્યું

‘એટલે લગ્નના સામાનમાં બેન્ડવાજા, ડોલી, મંડપ, હારતોરા કે ઘોડાની વ્યવસ્થા, ઈત્યાદિ અમે કરી આપીએ પણ કન્યાની વ્યવસ્થા તમારે કરવી પડે. અન્ડરસ્ટેન્ડ?’

‘અરે એ અન્ડરસ્ટેન્ડ કે ઓવરસ્ટેન્ડની સગલી’ ચંબુની છટકી : ‘સાલુ, લગન માટેનો મૂળ સામાન જ નથી રાખતા તો આવી દુકાન ખોલીને શું રમી રમવા બેઠા છો? મારી દો તાળું ને થઇ જાઓ ઘરભેગા’ એટલું બોલી પગ પછાડતા પછાડતા ચંબુ નીકળી ગયો. ચંબુની આશા નિરાશામાં પલટાઈ ગઈ ને મારી પાસે આવ્યો.

‘ચંબુ તારું મોઢું કેમ પાંજરાપોળની ગાય જેવું થઇ ગયું છે?’

‘મારું મોઢું પાંજરાપોળની ગાય જેવું થાય કે તબેલાની ભેંશ જેવું. તને શું ફેર પડે છે. ઠાકર, યુ નો? કોઈનો પ્રેમ મેળવવા શરૂ-શરૂમાં દૂધના ઊભરા જેવા નાનકડા રોમેન્ટિક ઊભરા મારા હૈયામાં ઊભરાતા, પણ ૩૮ વટાવ્યા પછી તો સમુદ્રના વિશાળ મોજા હિલોળા લેવા લાગ્યા છે પણ હજી મારા ઇતિહાસના પાના ન ખૂલ્યા. ઠાકર, હવે એકલવાયું જીવન જીવાતું નથી. તું પેલી તારી ફૈબાની દીકરી ચંપા જોડે આપણો ઇન્ટ્રો કરાવને યાર, કદાચ એનું મંગલ મંદિર ખોલવા તૈયાર થઇ જાય.’

‘ચોક્કસ. પ્રેમ માટે તારા જેવા કેટલાય અતૃપ્ત આત્માઓ ભટકતા હોય છે, પણ એક વાત યાદ રાખજે કે જેમ પ્રેમ થતાં સમય ક્યાં પસાર થાય છે એ સમજાતું નથી એમ સમય જતા પ્રેમ ક્યાં જતો રહે છે એ પણ સમજાતું નથી.’

‘નહી. દોસ્ત ભૂલે છે તું ... પ્રેમ તો માણસને એટલો બધો ભરી દે છે કે એની એકલતા ભરવા બીજા સહારાની જરૂર પડતી નથી.’

‘તો કાલે કાકાના ત્યાં લગ્નમાં ચાલ મારી સાથે...આપણે તારા માટે પ્રયત્ન કરીએ.’

બીજા દિવસે મહાભારતમાં તીર છોડતી વખતે વૃક્ષના તમામ પર્ણોને છેદી અર્જુનને જેમ માત્ર પંખીની આંખ દેખાયેલી ને પછી સનનન કરતી વિંધાયેલી એમ લગ્નમાં પધારેલી સમગ્ર નારી જગતની ભીડને છેદી અચાનક ચંબુની નજર માત્ર ને માત્ર ચંપા પર પડી ને ધીરે ધીરે એનો ચહેરો કળીમાંથી ફૂલની જેમ ખીલવા લાગ્યો. ચોખ્ખા ઘીનો શીરો જેમ ગળામાંથી ઉતરી જાય એમ ચંપાનું રૂપ ચંબુના હૈયામાં ઉતરી ગયું. ચંપા એવી રૂપાળી કે જો કોઈ ૮૦-૮૫નો ડોહો પણ ૧૫ સેકંડ સુધી સતત ધારીધારીને જુએ તો એના ચશ્માંમાં કરોળિયાના જાળા જેવી તડ પડી જાય ને પછીની પાંચ સેકન્ડમાં તો ચશ્માંનો જાડો કાચ પણ ફટ કરતો ફૂટી જાય. ચંપાને જોઈ ચંબુનો આત્મા પોકારવા લાગ્યો :

*‘અબ હમે કોઈ નહિ રોક સકતા. દૂર હટો દૂર હટો*
*એ દુનિયાવાલો એ ચંપા હમારી સોરી...મેરી હૈ’*

વાત પણ સાચી હતી. આખા દિવસમાં જ્યારે ઈશ્વરને એક જ પીસ બનાવવાનું મન થયું હશે ને ચંપા ઘડી હશે... ચંપાને મેળવવા ચંબુના હૈયામાં મહાભીષણ યુદ્ધ ફાટી નીકળ્યુ. મને કહે : ‘ઠાકર, હવેથી ચંપા સિવાયની બધીઓ મારા માટે માં,બહેન દીકરી કાકી, મામી, માસી, ફઈ.. હું ઉપર પહોંચી જઉં ને મારી તસવીર ઉપર કોઈ હાર પહેરાવી દે એ પહેલા લગ્ન મંડપમાં ચંપા હાર પહેરાવે તો જલસો પડી જાય. ઠાકરિયા સાલા, જો તો ખરોના ગાલમાં કેવા સુંદર ખાડા પડે છે હવે હું જોઉં છું એ ખાડામાં મારા સિવાય બીજું કોણ કોણ પડે છે?’

‘તું જ એ ખાડામાં પડ, પણ એ ખાડાના મોહમાં પછી તારા પેટમાં ખાડા ન પડે, તેના ગાલ પરના ખાડા તો દેખાશે પણ તારા પેટનો ખાડો કપડાંના આવરણમાં એવો છુપાઈ જશે કે ઘરના કે સરકાર કોઈ શોધી નઈ શકે. ગાલના ખાડા સુંદર લાગે, પણ પેટના ખાડા રામદેવબાબા સિવાય કોઈ દેખાડી શકતું નથી.’

‘પણ કેમ જાણે મારું મન ચંપા તરફ ખેચાઇ રહ્યું છે.’

‘કબૂલ, તારું મન ખેચાતું હશે પણ પછી એના બાપુજી ડાબા હાથની એવી ખેંચી દે કે તું હંમેશ માટે ઉપર ખેંચાઇ જાય ને બાપુજીને બ્રહ્મહત્યાના કેસમાં જેલવાળા ખેંચી જાય. સમજ્યો?’

‘શું કામ ખેંચી દે કેમ જગતમાં કોઈને ચાહવું એ ગુનો છે? મુંબઈના જીવનમાં કોઈના ફ્લેટમાં કદાચ જગા ન મળે પણ પ્રેમ સાચો હોય તો હૃદયમાં જગ્યા મળી જાય દોસ્ત ને પ્રેમ એ તો હૃદયની સમજણ છે. માણસ એકલો રહી શકતો નથી એ કોઈનો પ્રેમ ઝંખે છે.’

‘એગ્રી, પણ પ્રેમ મેળવ્યા કરતા આપવામાં વધારે માને છે, કોઈનો પ્રેમ પામવો હોય તો પ્રેમને માપવો ન જોઈએ.

પ્રેમમાં લાગણી હોય માગણી ન હોય. તારો પ્રેમ હજી વન-વે ટ્રાફિક જેવો છે ચંપાની ઈચ્છા ક્યાં જાણી છે. તે ભલે ગાયુ ‘દૂર હટો...યે ચંપા મેરી હૈ પણ હવે સાચા હૃદયથી એવો પ્રેમ મેળવ કે આવતી ૨૬ જાન્યુઆરીએ ચંપા ગાવા લાગે ‘સારે જહાં સે અચ્છા ‘યે ચંબુડા હમારા’...

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# તન-મનને તાજગીથી ભરી દેતી મૂલ્યવાન ‘કેસર’

તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૬ને શુક્રવારના દિવસે વસંત પંચમીની ઊજવણી આપણે સર્વેએ ઉત્સાહપૂર્વક કરી. વિવિધતામાં એકતા ધરાવતો આપણો દેશ છે. ભારત તહેવારોના દેશ તરીકે વિશ્વમાં લોકપ્રિય બનતો જાય છે. પ્રત્યેક ભારતીય ઉત્સવ પ્રિય જોવા મળે છે. વસંત પંચમીનો તહેવાર પ્રકૃતિને તાજગી બક્ષતો ગણાય છે. જીવનમાં નવીન ઉત્સાહ-ઉમંગ ભરી દે છે. ભારતના પ્રત્યેક મંદિરોમાં આ દિવસે ખાસ પીળા (કેસરિયા) વસ્ત્રો ધરાવવામાં આવે છે. એવું કહેવાય છે કે પીળો રંગ મા સરસ્વતીને અત્યંત પ્રિય છે. તેથી જ પીળા રંગનું આ દિવસે ખાસ મહત્ત્વ છે. પીળાં ગલગોટાના પુષ્પ-પીળી વાનગીનો નૈવેદ્ય ધરાવવામાં આવે છે. જેમાં કેસરનો ઉપયોગ અચૂક કરવામાં આવે છે. કેસરિયા પેંડા, બુંદીના લાડુ, ખીર, કેસરિયો ભાત, કેસરિયો શીરો કે લાપસી વગેરેનો સમાવેશ થાય છે. જ્ઞાનની દેવી મા સરસ્વતીની વર્ષગાંઠ હોવાથી તેમની ખાસ આરાધના કરવામાં આવે છે. એવું કહેવાય છે કે બ્રહ્માએ પંચમીના દિવસે વિશ્વનું સર્જન કર્યું હતું. તેથી જ વસંત પંચમીના દિવસે શુભ કાર્યનો પ્રારંભ કરવામાં આવે છે. કોઈ ચોઘડિયા કે મુહૂર્ત જોવાની આવશ્યક્તા રહેતી નથી.

તો ચાલો આપણે પણ આજે પ્રભુની સેવામાં વારંવાર ઉપયોગમાં લેવાતી તેવી મૂલ્યવાન કેસરના સ્વાસ્થ્યવર્ધક ગુણો જાણી લઈએ.

આયુર્વેદમાં કેસરનું અત્યંત મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. કેસરનું સેવન નાના-મોટા બધાના સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. કેસર તન-મનને તાજગીપૂર્ણ બનાવવાની સાથે અનેક રોગથી રાહત આપવામાં મદદરૂપ બને છે. કેસર યાદશક્તિ વધારવામાં ગુણકારી ગણાય છે. સામાન્ય રીતે કેસરનું નામ સાંભળતાની કે વાંચતાની સાથે મોંઘી વસ્તુમાં તેની ગણતરી કરવામાં આવે છે. જેથી અનેક લોકો તેનો લાભ લેવાનું ટાળે છે. તેઓ રેસ્ટોરાંમાં કે રસ્તા ઉપરના ફાસ્ટફૂડ પાછળ ખર્ચો કરીને સ્વાસ્થ્યને જોખમમાં નાખવામાં કચવાતાં નથી, પરંતુ આરોગ્ય માટે ખર્ચો કરવાનું ટાળતાં હોય છે. નવા વર્ષમાં સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને આરોગ્યવર્ધક આહારને પ્રાધાન્ય આપવાનું લક્ષ્ય રાખવાની શરૂઆત કરીએ.

કેસરનો છોડ અનેક વર્ષો સુધી તાજગીભર્યો રહે છે. તેનાં મૂળ કંદમૂળ જેવી ગાંઠ ધરાવે છે. પર્ણ ઘાસ જેવાં લાંબા તેમજ પાતળાં હોય છે. કેસરનાં ફૂલો લાલ-નારંગી-જાંબુડી-ભૂખરા રંગના જોવા મળે છે. ફૂલના આગળના ભાગમાં રહેતાં સૂકા ભાગને કેસર કહેવામાં આવે છે. પ્રત્યેક ફૂલમાં ત્રણ કેસરના તાંતણા કેસર જોવા મળે છે.

સામાન્ય રીતે ત્રણ પ્રકારની જોવા મળે છે. પ્રત્યેક કેસરના ગુણો અલગ-અલગ જોવા મળે છે.

કાશ્મીરી કેસર, બ્લાહીકજ કેસર, પારસીકજ કે પારસ કેસર. સૌથી શ્રેષ્ઠ કેસર કાશ્મીરી કેસર ગણાય છે. જેનો રંગ લાલ હોય છે. અત્યંત પાતળાં રેસા ધરાવતી હોવાની સાથે તેની સુગંધ કમળના પુષ્પ જેવી મીઠી હોય છે. બાલ્હીકજ કેસર આ બલખ-બુખારા દેશની કેસર ગણાય છે. તેની સોડમ મધ જેવી હોય છે. કાશ્મીરી કેસરની તુલનામાં થોડી ઊતરતાં ક્રમાંકે આવે છે. પરસીકજ-પારસ કેસર આ ઈરાની કેસર તરીકે ઓળખાય છે. તેનો રંગ આછો પીળો જોવા મળે છે. તેની સુગંધ મધ જેવી જ આવે છે. કાશ્મીરી કેસરની તુલનામાં પારસ-કેસર પણ નીચલો નંબર ધરાવે છે. કેસરનું વાનસ્પતિક નામ ક્રોક્સ સૈટાઈવસ છે. સંસ્કૃતમાં કેસરને કુંકુમ, કેશર, કાશ્મીરજ ઘુસૃણ, હિન્દીમાં જાફરાન, કેસર, બંગાળીમાં જાપૈરાન, કશ્મીરમાં કોંગ, તમિળમાં કુંગમપુ, તેલુગુમાં કુન્કુમાપુવુ, પંજાબીમાં કેશલ તરીકે ઓળખવામાં આવે છે.



દુનિયાના સૌથી મોંઘા મસાલા તરીકે કેસર ઓળખાય છે. વળી કેસરનો છોડ દુનિયાનો સૌથી મોંઘા છોડ તરીકે ઓળખાય છે. બજારમાં ૧ કિલો કેસરની કિંમત અઢી લાખ થી ત્રણ લાખની આસપાસ જોવા મળે છે. સુવર્ણની જેટલી કિંમત ધરાવતી હોવાથી કેસરની બીજી ઓળખ ‘રેડ ગૉલ્ડ’ બની ગઈ છે. એવું કહેવાય છે કે લગભગ ૨૩૦૦ વર્ષ પહેલાં ગ્રીસમાં સિકંદરની સેનાએ તેની ખેતી કરી હતી. એવું પણ કહેવાય છે કે મિસ્રની રહસ્યમય રાણી તરીકે લોકપ્રિય ક્લિયોપેટ્રાની સુંદરતાનું રહસ્ય કેસરમાં છુપાયેલું છે. કેમ કે રાણી સુંદરતા વધારવા માટે કેસરનો ઉપયોગ કરતાં હતાં. કેસરની ખેતી ભારત સહિત ફ્રાંસ, સ્પેન, ઈરાન, ઈટલી, ગ્રીસ, જર્મની, જાપાન, રશિયા. તુર્કિસ્તાન, પાકિસ્તાન, ચીન, ઑસ્ટ્રિયા તથા સ્વિટ્ઝર્લેન્ડમાં થાય છે. ભારતમાં ૫૭૦૭ હૅક્ટર જમીન ઉપર કેસરની ખેતી કરવામાં આવે છે. ૫૭૦૭માંથી ૪૪૯૬ હૅક્ટર જમીન ઉપર કેસરની ખેતી એકલી જમ્મૂ-કાશ્મીરમાં થાય છે. કેસરનો પાક વાવેતર બાદ ત્રણ માસમાં તૈયાર થતો હોય છે. વાર્ષિક ઉત્પાદન ૧૬૦૦૦ કિલોગ્રામની આસપાસ જોવા મળે છે. જમ્મુના કિશ્તવાડ તથા પંપોરના કેટલાંક ક્ષેત્રોમાં મુખ્યત્ત્વે કરવામાં આવે છે. હવે તો પૉલીહાઉસ તથા ઈન્ડોર ટેકનીક દ્વારા ગરમ રાજ્યો જેવા કે રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, તેલંગાના, કર્ણાટક વગેરે રાજ્યોમાં સફળ ઉત્પાદન થવા લાગ્યું છે. ઓહો...હો..હો... કેસરનો ભાવ આટલો બધો કેમ છે. તો ચાલો તેનું મુખ્ય કારણ જાણી લઈએ, કેસરના બે લાખ પુષ્પમાંથી લગભગ ૧ કિલો સૂકી કેસર પ્રાપ્ત થાય છે. આપને જાણીને નવાઈ લાગશે કે કેસરના એક ફૂલમાંથી ફક્ત ૩ કેસરના તાંતણા જ મળતાં હોય છે.

કેસરનો ઉપયોગ આયુર્વેદમાં વિવિધ ઉપચારમાં થતો આવે છે. કેસરને શુભતાનું પ્રતીક ગણવામાં આવે છે. વિવિધ વ્યંજનોમાં કેસરનો ઉપયોગ કરવાથી પ્રત્યેક વ્યંજનનો સ્વાદ લાજબાવ બનાવી દે છે. મંદિર-દેરાસરમાં ખાસ કેસરના પાણીથી પ્રભુને સ્નાન કરાવવામાં આવે છે. કેસરનું તિલક પ્રભુને અત્યંત પ્યારથી કરવામાં આવે છે. કેસરનું તિલક ભક્તો પણ કરવાનું પસંદ કરે છે. કેસરનો ઉપયોગ હવે તો પાન-મસાલા તેમજ ગુટખામાં થતો જોવા મળે છે. તેથી જ કેસર માટે એવું કહેવાય છે કે તે એક મસાલો નહીં, પરંતુ ભારતીય પરંપરાનું પ્રતીક છે. કેસરનું મહત્ત્વ ધાર્મિક, સાંસ્કૃતિક, ઔષધીય તથા આર્થિક સ્તર ઉપર વિશેષ છે.

કેસરમાં વિવિધ પોષક તત્ત્વો સમાયેલાં જોવા મળે છે. જેમ કે કૅલ્શિયમ, ઝિંક, પોટેશ્યિમ, આયર્ન, સોડિયમ, પ્રોટીન, ડાયેટરી ફાઈબર, મેગ્નેશ્યિમ, વિટામિન એ, વિટામિન સી વિટામિન બી-૬, ફોસ્ફરસની સાથે ક્રોસેટીન, સૈફ્રૈનલ, પાઈક્રોકોસિન નામક પિગમેન્ટ હોય છે. કેસર લૉ બ્લડ પ્રેશરને સુધારનાર, કફ નાશક ગણાય છે. સુંદરતા વધારવા માટે ઉપયોગી તેવા સૌંદર્ય-પ્રસાધન બનાવવા માટે કેસરનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. કેસરને ફક્ત હાથથી ચૂંટવામાં આવે છે. કેસરની ખેતી તથા તેને ચૂંટવાની પ્રક્રિયા અત્યંત અઘરી હોય છે. કેસરની તાસીર ગરમ હોય છે. તેથી ઠંડા પ્રદેશોમાં તથા શિયાળામાં તેનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. કેસરનો ઉપયોગ પ્રખ્યાત કાશ્મીરી કાઢો, કેસરિયા મસાલા દૂધમાં કરવાથી અત્યંત સ્વાદિષ્ટ લાગે છે. રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે બળવર્ધક છે.

કેસર અત્યંત મૂલ્યવાન હોવાથી બજારમાં બનાવટી કેસર મળવા લાગી છે. કેસર અસલી છે તે તપાસવા માટે ગરમ પાણી કે દૂધમાં તેના ૨-૩ તાંતણા ઉમેરવા. જો અસલી હશે તો ધીમે ધીમે રંગ છોડશે. નકલી હશે તો તરત જ રંગ છોડવા લાગશે.

## કેસરના ફાયદા

**માનસિક તાણ ઘટાડવામાં લાભકારી :** કેસરનું સેવન કરવાથી માનસિક તાણ, હતાશા, વારંવાર મૂડમાં બદલાવ આવવા જેવી સમસ્યાને દૂર કરવામાં મદદ મળે છે. કેસરનો ઉપયોગ કરવાથી મન શાંત બને છે. સકારાત્મક્તા આવે છે. એનસીબીઆઈ (નેશનલ સેન્ટર ફોર બાયોટેકનોલોજી ઈન્ફોર્મેશન)ની વેબસાઈટ ઉપર પ્રકાશિત શોધ અનુસાર એક દિવસમાં ૩૦ મિલીગ્રામ કેસરનું સેવન કરવાથી અલ્ઝાઈમરના રોગની સ્થિતિમાં સુધારો આવી શકે છે. કેમ કે કેસરમાં રહેલાં ક્રોકેટીન તથા ઍથનોલથી મળતી ગરમીમાં ઍન્ટિ-ડિપ્રેશન ગુણ જોવા મળ્યા હતા.

**ગાઢ ઊંઘ લાવવામાં ગુણકારી :** મોસમમાં બદલાવને કારણે અનેક વખત ગાઢ ઊંઘ ન આવવાની તકલીફ વધી જતી હોય છે. આવા સંજોગોમાં રાત્રે સૂતા પહેલાં કેસરવાળું કઢિયેલ દૂધ ગરમાગરમ પીવાથી ગાઢ ઊંઘ આવશે. તેનું મુખ્ય કારણ વૈજ્ઞાનિક શોધ અનુસાર કેસરમાં ક્રૉકેટીન નામક સત્ત્વ સમાયેલું છે. જે ગાઢ નિંદર લાવવામાં મદદ કરી શકે છે.

**પાચન ક્રિયાને સુધારવામાં ગુણકારી :** એવું કહેવાય છે કે કેસરમાં યૂપેપ્ટિક જે પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે તેવો ગુણ સમાયેલો હોય છે. આમ પાચનક્રિયાને સુધારવાની સાથે ભૂખ વધારનાર, ગેસની તકલીફને દૂર કરવામાં ગુણકારી છે.

**કૅન્સરના બચાવમાં લાભકારક :** કેસરનો આહારમાં ઉપયોગ કૅન્સર જેવી બીમારીમાં લાભદાયક ગણાય છે. વૈજ્ઞાનિક શોધ અનુસાર કેસરમાં સમાયેલું ક્રૉકેટીન કોલોરેક્ટલ કૅન્સરની કોશિકાને વધતા રોકે છે. કેસરનો ઉપયોગ પ્રોસ્ટેટ કૅન્સર, ત્વચાના કૅન્સરના જોખમને ઘટાડવામાં મદદ કરી શકે છે. વાસ્તવમાં કૅન્સરના યોગ્ય ઉપચાર માટે નિષ્ણાત ડૉક્ટરની સલાહ વધુ ઝડપી ઉપાય છે.

કેસરમાંથી બનતી વાનગીની વાત કરીએ તો લગભગ બધી જ મીઠાઈમાં જેવી કે પેંડા, મોહનથાળ, ફીરની, સેવૈયા, રબડી-બાસુંદી વગેરેમાં ખાસ કરવામાં આવે છે. કેસરનો ઉપયોગ બિરીયાની, પુલાવની વિવિધ શાકની ગ્રેવીને ખાસ પ્રકારની સોડમ આપવા માટે કરવામાં આવે છે. ઠંડીમાં કાશ્મીરમાં બનતો ખાસ કેસરિયો પુલાવ સ્વાદમાં લાજવાબ હોય છે.

તો ચાલો આજે જોઈ લઈએ....

## કેસર કાશ્મીરી પુલાવ

**સામગ્રીઃ** દોઢ કપ બાસમતી ચોખા, ૨ ચમચી દૂધ, ૨ તાંતણા કેસર, ૧ મોટો નંગ તજ, ૨ નંગ લવિંગ, ૧ નાની ચમચી જીરું, ૨ મોટી ચમચી ઘી, સ્વાદાનુસાર મીઠું.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ બાસમતી ચોખાને વહેતાં પાણીથી ધોઈને ૧૫-૨૦ મિનિટ પલાળી રાખવા. ત્યારબાદ ચોખાને ધીમા તાપે પકાવવા. ભાત છુટ્ટો બને તેની કાળજી રાખવી. ભાતને છુટ્ટો બનાવવા માટે ચોખા ચડી જાય ત્યારબાદ ચારણીમાં કાઢી લેવાં. એક વાટકીમાં ૨ ચમચી દૂધ લેવું. તેમાં કેસર પલાળી રાખવી. કડાઈમાં ઘી ગરમ કરીને તેમાં જીરુંનો વઘાર કરવો. તજ-મરી-લવિંગને વાટીને તેનો ભૂકો ભભરાવવો. રાંધેલો છુટ્ટો ભાત ઉમેરવો. સ્વાદાનુસાર મીઠું ઉમેરવું. કેસરવાળું દૂધ ઉપરથી છાંટવું. ભાતને હળવે હાથે હલાવી લેવો. ભાતને ગરમા-ગરમ કરી સાથે પીરસવો.



**કરી બનાવવા માટે :** ૨ નંગ ટામેટા, ૧ વાટકી મિક્સ શાક(ફ્લાવર, વટાણા, ગાજર, બટાકા, ફણસી) વગેરે ઝીણા સમારેલાં. ૧ ચમચી આદું-મરચાંની પેસ્ટ, સજાવટ માટે કોથમીર.૨ ચમચી ઘી. કિચનકિંગ મસાલો, સ્વાદાનુસાર મીઠું, ખાંડ, ધાણાજીરું.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ઉપરોક્ત શાકને વરાળમાં બાફી લેવાં. હવે ટામેટાંની પ્યુરી બનાવી લેવી. એક કડાઈમાં ઘીનો વઘાર કરી તેમાં ટામેટાની પ્યુરી ઉમેરવી. ઘી છુટ્ટું પડે ત્યાં સુધી પકાવવું. બાફેલાં શાક ઉમેરવાં. આવશ્યક્તા મુજબ પાણી ઉમેરવું. સ્વાદાનુસાર મસાલા ઉમેરવા. કોથમીરથી સજાવીને ગરમાગરમ પુલાવ સાથે કરી પીરસવી. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# મુક્તિનો આનંદ તમારા હાથમાં...!

**વ્યસન અને વ્યસનની વિવિધ આડ-અસરો વિશે આપણે આ અગાઉ વિસ્તારથી ચર્ચા કરી ગયા. હવે આગળ એમાંથી મુક્તિ કેમ મેળવવી એ વિશે...**

**સ્નેહીજનોએ વ્યસન છોડાવવા કેવી રીતે મદદ કરવી?**

* વ્યસનીને ઘૃણા કે દ્વેષથી ન જોવો.

* વ્યસન છોડવાનો પ્રયત્ન કરતી વ્યક્તિને સતત ઉત્સાહ, પ્રેરણા અને હૂંફ-પ્રેમ આપતા રહેવું.

* વ્યસનીને એવો અનુભવ થવો જોઈએ કે, તમે તેને દિલથી, નિઃસ્વાર્થપણે મદદ કરવા માગો છો.

* જો આપણી મદદમાં વ્યસનીને સ્વાર્થની દુર્ગંધ આવશે, તો આપણી મદદ તેને કાંઈ જ અસર નહીં કરે. કદાચ વ્યસનીને અવળી અસર પણ થઈ શકે.

વ્યસનોને છોડવા માટે આજે વૈકલ્પિક ઘણા વૈજ્ઞાનિક તરકીબો શોધાઈ છે. જેવી કે, ‘નિકોટીન રિપ્લેસમેન્ટ થેરાપી’ વ્યસન કરવાથી જે સ્વાદ-આનંદ આવે તેવો જ આનંદ તે થેરાપીથી આવે છે અને તે શરીરને બંધાણ પણ કરતું નથી. વધુ માહિતી માટે ચિકિત્સકની સલાહ લેવી.

### વ્યસન મુક્તિ માટે વિવિધ નિકોટિનના ઉપચાર

| | | |
|---|---|---|
| ચ્યુઈંગમ | શરીરે લગાવવાના પેચ | ટેબ્લેટ |
| ચૂસવાની ટેબ્લેટ | ઈન્હેલર | નાકનો સ્પ્રે |

વ્યસન પહેલાનો અને વ્યસન છોડયા બાદનો લોકોનો આપણા પ્રત્યેનો વ્યવહાર તપાસતા રહેવું. જેથી વ્યસનમુક્તિ માટે પ્રોત્સાહન મળતું રહેશે. વ્યસન દરમ્યાન આપણે જે જે લોકોને શારીરિક કે માનસિક રીતે ઈજા પહોંચાડી હોય તેમની માફી માગી તેમની વધુ નજીક થવાના પ્રયત્નો કરવા.

### ધૂમપાન છોડયા બાદ સમય પ્રમાણે થતા ફાયદા




અત્યાર સુધી આપણે વ્યસનોથી થતાં ભયંકર, જીવલેણ રોગ વિશે જોયું-જાણ્યું તથા તે વ્યસનની બેડીમાંથી આઝાદ કેવી રીતે થયું, તે વિશે પણ જાણ્યું. આટલી માહિતી વ્યસનોથી મુક્ત થવા માટે પર્યાપ્ત છે. હવે શું કરવું, એ આપણે વિચારવાનું છે...!! જો હજુ પણ નહીં સમજીએ તો, અંતે પરિણામ એક જ આવશે...

***વ્યસન નહીં છોડીએ તો...***

***વ્યસન આપણને જીંદગી છોડાવી દેશે...!*** ■

feedback@bombaysamachar.com
ફોકસ પ્લસ
નિધિ ભટ્ટ

# અધોમુખશ્વાનાસનના ફાયદા



આ આસન શરીરને સ્ટ્રેચ કરીને બ્લડ સરક્યુલેશનને વધારે સારું કરી શરીરને ઠંડું રાખવામાં મદદ કરે છે. અધોમુખશ્વાનાસન કરોડરજ્જુને મજબૂત બનાવે છે, જેનાથી પીઠના દર્દમાં રાહત મળે છે. આ આસન શરીરના નીચેના ભાગ, હાથ અને પગને સ્ટ્રેચ કરે છે જેથી શરીરની ફ્લેક્સિબિલિટી અને તાકાત વધે છે. અધોમુખશ્વાનાસન મનને શાંત કરે છે અને ચિંતા ઓછી કરવામાં મદદ કરે છે. આ આસન માથામાં બ્લડ સરક્યુલેશન વધારી વાળને પોષણ આપે છે. આ આસન પાચન તંત્રને સુધારે છે, જેનાથી પાચનક્રિયા સારી થાય છે અને એસીડીટી તથા અપચાની સમસ્યાથી રાહત મળે છે. અધોમુખશ્વાનાસન કરવાથી હાથ અને પગના સ્નાયુઓ મજબૂત થાય છે. આ આસન શરીરનું સંતુલન જાળવી રાખવામાં મદદ કરે છે.

સૂર્ય નમસ્કારના શરૂઆતના સ્ટેપ્સ ભેળવીને શરૂ થનારું આ શરૂઆતનું યોગાસન છે. આ આસન ત્રણ શબ્દોથી મળીને બન્યું છે. આ સૌથી સરળ અને સોથી ફાયદાકારક યોગાસન છે. તેથી જે વ્યક્તિ યોગ કરવા માગે છે તેમને સૌ પ્રથમ આ જ યોગાસન કરવાની સલાહ આપવામાં આવે છે. આ આસન કરવા માટે સૌ પ્રથમ સીધા ઊભા રહેવું. બન્ને પગ વચ્ચે થોડું અંતર રાખવું. ત્યાર બાદ ધીરે ધીરે નીચે નમવું જેનાથી શરીરનો વી શેપ થાય.પગની જેમ બન્ને હાથો વચ્ચે પણ અંતર રાખવું. ઓછામાં ઓછા ૩૦ સેકન્ડ સુધી કશું જ ન કરવું અને આ જ મુદ્રામાં રહેવું. એ દરમિયાન શ્વાસ લેતી વખતે તમારા પગની આંગળીઓની મદદથી કમરને પાછળની તરફ ખેંચવી. આ યોગાસન કરતી વખતે બને ત્યાં સુધી હાથ અને પગ વળવા ન જોઇએ.

આ આસનના ઘણા ફાયદા છે . પાચન તંત્રમાં સુધારો થાય છે, મેન્ટલ સ્ટ્રેસ ઓછું થાય છે,ડિપ્રેશન ઓછું કરવામાં મદદ કરે છે. જે મહિલાઓ પેરી મેનોપોઝમાં છે તેઓને આ આસન કરવાથી ગભરાહટ અને બેચેનીમાં રાહત મળે છે. બીપી નોર્મલ રહે છે, સાઈટીકા અન સાયનસ જેવી બીમારીમાં થોડી રાહત મળે છે. જે મહિલાઓને મેનોપોઝ નજીક છે તેઓ જો આ આસન કરે તો મેનોપોઝ દરમિયાન થતી તકલીફોમાં રાહત મળે છે. માથું દુખવું, ઊંઘ ન આવવાની સમસ્યા, પીઠનો દુખાવો અને થાક લાગવાથી પણ રાહત મળે છે.

અધોમુખશ્વાનાસન કરતી વખતે સાવચેતી રાખવી જેમકે,

-જો પીઠમાં વાગ્યું હોય તો ક્યારે પણ આ આસન કરવું નહીં.

-ગર્ભવતી મહિલાઓએ આ આસન ક્યારે પણ કરવું નહીં.

- જો આસન કરવામાં થોડી પણ તકલીફ થતી હોય તો આ આસન કરવું નહીં.

- જો તમને પીઠમાં પહેલા ક્યારે પણ વાગ્યું હોય તો પણ આ આસન કરવું નહીં.

આ આસન જેટલું મહિલાઓ માટે ફાયદાકારક છે તેટલું જ પુરુષો માટે પણ ફાયદાકારક છે. મહિલાઓએ આ આસન શરૂઆતમાં પાંચ થી સાત મિનિટ સુધી જ કરવું. ધીરે ધીરે જેમ ક્ષમતા વધે તેમ ટાઈમ વધારી ૧૦ થી ૧૫ મિનિટનો કરવો. ઓછામાં ઓછું પાંચ થી સાત વખત શ્વાસ લેવો અને છોડવો. પરંતુ આ શ્વાસની પ્રક્રિયા તમારા શરીર અને ઉંમરને અનુરૂપ કરવી. યોગ ચાલુ કરતા પહેલા ડેક્ટરની સલાહ જરૂરથી લેવી. ■

# ‘પાકિસ્તાન પર કાર્યવાહી થવી જોઈએ’, હરભજનસિંહ અને ગાવસ્કરની આઈસીસીને અપીલ

નવી દિલ્હીઃ ભારતના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરે આગાહી કરી છે કે પાકિસ્તાન યુ-ટર્ન લેશે પરંતુ તેમણે કહ્યું હતું કે ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામે ટી-૨૦ વર્લ્ડ કપ મેચનો બહિષ્કાર કરવા બદલ આઈસીસીએ પાકિસ્તાન સામે કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. પાકિસ્તાન સરકારે નિર્ણય લીધો છે કે તેની ટીમ કોલંબોમાં ભારત સામે આ મેચ રમશે નહીં અને આ માટે કોઈ સત્તાવાર કારણ આપ્યું નથી. એવું માનવામાં આવે છે કે બાંગ્લાદેશ સાથે એકતા દર્શાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. બાંગ્લાદેશને વર્લ્ડ કપમાંથી બહાર કરી દેવામાં આવ્યું છે જેણે સુરક્ષા કારણોસર ભારતમાં રમવાનો ઇનકાર કર્યો હતો.

ગાવસ્કરે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ‘‘મને લાગે છે કે આગામી ચાર કે પાંચ દિવસમાં વિશ્વભરમાંથી પ્રતિક્રિયા આવવાનું શરૂ થશે, તેથી શક્ય છે કે પાકિસ્તાન પોતાનો નિર્ણય બદલશે.’’ નોંધનીય છે કે ટી-૨૦ વર્લ્ડકપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે અને પાકિસ્તાન બધી મેચ શ્રીલંકામાં રમવાનું છે.

ગાવસ્કરે કહ્યું હતું કે, ‘‘આમાં નવું શું છે? આપણે બધા જાણીએ છીએ કે પાકિસ્તાની ક્રિકેટરો નિવૃત્તિ લે છે અને પછી ચાર દિવસ પછી પોતાનો નિર્ણય બદલી નાખે છે. તેઓ કહે છે કે તેમના ચાહકોએ તેમને વધુ રમવાનું કહ્યું છે. પાકિસ્તાની ખેલાડીઓએ એક ઉદાહરણ બેસાડ્યું છે. તેઓ પોતાના નિવૃત્તિના નિર્ણયો બદલતા રહે છે, તેથી ૧૫ ફેબ્રુઆરી પહેલા આવું કંઈક થઈ શકે છે.’’

ગાવસ્કર અને હરભજન સિંહ બંનેએ કહ્યું કે જો આઈસીસી પાકિસ્તાન સામે કાર્યવાહી કરે તો તે યોગ્ય રહેશે. તેઓએ કહ્યું હતું કે ‘‘પાકિસ્તાન પાસે ભારત સામેની મોટી મેચમાંથી ખસી જવાનું કોઈ કારણ નથી. કરારનો ભંગ કરવા પાછળનું કારણ નહીં આપવા બદલ તેમની સામે કાર્યવાહી થવી જોઈએ.’’

હરભજને પોતાની યુટ્યૂબ ચેનલ પર કહ્યું હતું કે, ‘‘તેમને પહેલા કોઈ સમસ્યા નહોતી, પરંતુ બાંગ્લાદેશના મુદ્દા પછી તેઓ તેમાં કૂદી પડ્યા. આ નિર્ણયની અસર આઈસીસી પર થઈ શકે છે. તેથી આઈસીસીને કાનૂની કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આ સમગ્ર ટૂર્નામેન્ટને અસર કરી શકે છે.’’ ■

# રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલ અગાઉ મુંબઈની ટીમ બની વધુ મજબૂત, શાર્દુલ-જયસ્વાલને કરાયા સામેલ

મુંબઈઃ કેપ્ટન શાર્દુલ ઠાકુર અને ભારતીય ઓપનર યશસ્વી જયસ્વાલને ૬ ફેબ્રુઆરીથી અહીં કર્ણાટક સામે રમાનારી રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઇનલ માટે મુંબઈની ટીમમાં સામેલ કરાયા છે. મુંબઈએ ચાર જીત અને ત્રણ ડ્રો સાથે એલીટ ગ્રૂપ ડીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે જ્યારે કર્ણાટકે ગ્રૂપ-એમાં પોતાની અંતિમ લીગ મેચમાં પંજાબ પર રોમાંચક વિજય મેળવીને છેલ્લા આઠમાં સ્થાન મેળવ્યું હતું.

મુંબઈ અને કર્ણાટક વચ્ચેની ક્વાર્ટર ફાઇનલ ૬ થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન અહીંના એમસીએ-બીકેસી ગ્રાઉન્ડ પર રમાશે કારણ કે વાનખેડે સ્ટેડિયમ ૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી ટી-૨૦ વર્લ્ડ કપ મેચોનું આયોજન કરશે. જયસ્વાલ વર્તમાન રણજી ટ્રોફી સીઝનમાં બીજી વખત મુંબઈ તરફથી રમશે. તે અગાઉ રાજસ્થાન સામે પહેલા રાઉન્ડની મેચમાં રમ્યો હતો.

મુંબઈ ક્રિકેટ એસોસિએશન અને સિનિયર પસંદગી પેનલે ભારતીય ઓપનરને પસંદગી માટે ધ્યાનમાં લીધો ન હતો કારણ કે તે રવિવારે સમાપ્ત થયેલા ગ્રૂપ સ્ટેજ મેચોના બીજા રાઉન્ડ માટે તે હાજરીની પુષ્ટી કરવામાં નિષ્ફળ ગયો હતો. જયસ્વાલ ટી-૨૦ વર્લ્ડ કપ માટે પસંદ કરાયેલ ભારતીય ટીમનો ભાગ નથી. દરમિયાન, ઠાકુર મુંબઈના નિયમિત કેપ્ટન સિદ્ધેશ લાડના સ્થાને ટીમનું નેતૃત્વ કરશે.

## મુંબઈની ટીમ

શાર્દુલ ઠાકુર, યશસ્વી જયસ્વાલ, મુશીર ખાન, સરફરાઝ ખાન, સિદ્ધેશ લાડ, અખિલ હેરવાદકર, આકાશ આનંદ, હાર્દિક તમોરે, સાઈરાજ પાટીલ, શમ્સ મુલાની, તનુષ કોટિયાન, તુષાર દેશપાંડે, મોહિત અવસ્થી, ઓમકાર તરમાલે, દિવ્યાંશ સક્સેના અને સૂર્યાંશ શેડગે. ■

# સરફરાઝ અહમદે ભારત સામેની મેચ દરમ્યાન મોબાઈલનો ઉપયોગ કેમ કર્યો? સોશ્યલ મીડિયામાં બબાલ

બુલવેયોઃ અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં રવિવારે ભારતે પાકિસ્તાનને હરાવીને ટૂર્નામેન્ટની બહાર ફેંકી દીધું એ પહેલાં પાકિસ્તાની ટીમનો મેન્ટર સરફરાઝ અહમદ એક વિવાદમાં ફસાયો હતો.

એનો એક ફોટો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે જે ભારત-પાકિસ્તાન મેચનો હોવાનું જણાવાયું છે.

ભારત સામેની મેચ ચાલી રહી હતી એ દરમ્યાન સરફરાઝે મોબાઇલનો ઉપયોગ કર્યો એનો ફોટો વાઈરલ થયો છે. આ આઈસીસી ઈવેન્ટ છે અને આઇસીસીના નિયમ મુજબ તે આવું ન કરી શકે.

સરફરાઝ અહમદ સામે આઇસીસી આવું કરવા બદલ કડક પગલું ભરી શકે છે. સોશ્યલ મીડિયામાં એ સવાલ ચર્ચામાં છે કે સરફરાઝને મોબાઈલનો ઉપયોગ કરવાની પરવાનગી કોણે આપી? સરફરાઝ મોબાઇલમાં કોની સાથે ચેટ કરી રહ્યો હતો? ■

# ટી-૨૦ વર્લ્ડ કપની વોર્મ-અપ મેચ માટે ઈન્ડિયા-એ ટીમની જાહેરાત

નવી દિલ્હીઃ ટી-૨૦ વર્લ્ડ કપ વોર્મ-અપ મેચ માટે ઈન્ડિયા-એ ટીમની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ સોમવારે અમેરિકા અને નામિબિયા સામેની બે વોર્મ-અપ મેચ માટે ટીમની જાહેરાત કરી છે. આયુષ બદોની ઈન્ડિયા-એ ટીમની કેપ્ટનશીપ કરશે.

રસપ્રદ વાત એ છે કે ઈજાને કારણે બહાર રહેલા તિલક વર્માનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તિલક ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં સામેલ છે.

ટી-૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યો છે. ટૂર્નામેન્ટમાં વીસ ટીમો ભાગ લઈ રહી છે. ભારતે ૨૦૨૪માં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટાઇટલ જીત્યું હતું અને સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળની ટીમ આ ટૂર્નામેન્ટમાં પોતાનું ટાઇટલ બચાવવા મેદાનમાં ઊતરશે.

ટીમની જાહેરાત કરતી વખતે બીસીસીઆઈએ જણાવ્યું હતું કે ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં જોડાતા પહેલા તિલક વર્મા એક વોર્મ-અપ મેચનો ભાગ રહેશે. તિલકની સર્જરી થઈ હતી જેના કારણે તે ન્યૂ ઝીલેન્ડ સામેની ટી-૨૦ સીરિઝમાં રમી શક્યો નહોતો.

તિલક બેંગલૂરુમાં બીસીસીઆઈના સેન્ટર ઑફ એક્સેલન્સ ખાતે રિહેબિલિટેશન હેઠળ છે અને ટૂંક સમયમાં ટીમમાં જોડાય તેવી અપેક્ષા છે. તિલકનું નામ હવે ઇન્ડિયા-એ ટીમમાં સામેલ કરવામાં આવ્યું છે.

## ટી-૨૦ વર્લ્ડ કપ વોર્મ-અપ મેચ માટે ઇન્ડિયા-એ ટીમઃ

આયુષ બદોની (કેપ્ટન), નમન ધીર, આશુતોષ શર્મા, પ્રિયાંશ આર્યા, એન.જગદીશન (વિકેટકીપર), તિલક વર્મા, રિયાન પરાગ, માનવ સુથાર, અશોક શર્મા, ઉર્વિલ પટેલ (વિકેટકીપર), ગુરજપનીત સિંહ, વિપરાજ નિગમ, રવિ બિશ્નોઈ, ખલીલ અહેમદ, મયંક યાદવ. ■

# પસંદગીના કોચ અને ટ્રેનર મળ્યા, ટીમમાં સારા માહોલથી જીતનો વિશ્વાસઃ સવિતા પૂનિયા

નવી દિલ્હીઃ ભારતીય મહિલા હોકી ટીમની અનુભવી ગોલકીપર સવિતા પુનિયાએ સ્વીકાર કર્યો હતો કે આવતા મહિને હૈદરાબાદમાં યોજાનારી મહિલા હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયરની મેચ ભારતીય ટીમ માટે ‘કરો યા મરો’ જેવી છે પરંતુ તેને વિશ્વાસ છે કે કોચ શોર્ડ મારિનની ટીમ જીત સાથે આ વર્ષની શરૂઆત કરશે. આ વર્ષે પદ્મશ્રી પુરસ્કાર માટે પસંદ કરાયેલી સવિતાએ ભાષાને આપેલા એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, ‘‘અમારી ટીમ પહેલા પણ સારી હતી અને આજે પણ સારી છે. અમે જે ટ્રેનર માગ્યા તે અમને મળ્યા, જે કોચ ઈચ્છતા હતા તે કોચ મળ્યા અને ટીમનો માહોલ શાનદાર છે.

૩૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકેલી ગોલકીપરે કહ્યું હતું કે, આખી ટીમ જાણે છે કે વર્લ્ડ કપ ક્વોલિફાયર અમારા માટે ‘કરો યા મરો’ની સ્થિતિ છે, પરંતુ અમને વિશ્વાસ છે કે અમારી પાસે હોકી મેચ જીતવા માટે જે જોઈએ તે બધુ જ છે.

એશિયા કપ મારફતે ઓગસ્ટમાં બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં રમાનારા વર્લ્ડ કપ માટે સીધા ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહેલી ભારતીય ટીમને હવે ૮ થી ૧૪ માર્ચ દરમિયાન હૈદરાબાદમાં ક્વોલિફાયર રમવાનું રહેશે, જેમાં ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, કોરિયા, ઇટાલી, ઉરુગ્વે, વેલ્સ અને ઑસ્ટ્રિયાનો પણ સમાવેશ થાય છે. દરેક ક્વોલિફાયરમાં ટોચની ત્રણ ટીમો વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થશે. સાથે બંને સ્પર્ધાઓમાં ચોથા સ્થાને રહેનારી વધુ રેન્કિંગ ધરાવતી ટીમ પણ ક્વોલિફાય કરશે.

તેણીએ કહ્યું હતું કે, ‘‘પ્રો લીગમાંથી બહાર થવું એ એક મોટો ફટકો છે અને હવે અમારે નેશન્સ કપ જીતીને તેના માટે ક્વોલિફાય થવું પડશે. ૩૫ વર્ષીય ભૂતપૂર્વ કેપ્ટને કહ્યું હતું કે ‘‘આ વર્ષે વર્લ્ડ કપ અને એશિયન ગેમ્સ પણ છે. બંને ટૂર્નામેન્ટ વચ્ચે ખૂબ જ ઓછો સમય છે, તેથી આપણે આપણી ફિટનેસ પર કામ કરવાની જરૂર છે. એશિયન ગેમ્સમાં આપણી પાસે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ છે, પરંતુ હવે અમે લોસ એન્જલસ ઓલિમ્પિક માટે સીધા ક્વોલિફાય થવા માટે ગોલ્ડ મેડલ મેળવવાનું લક્ષ્ય રાખીએ છીએ.’’ ભૂતપૂર્વ કોચ હરેન્દ્ર સિંહના રાજીનામા બાદ શોર્ડ ૨૦૧૭ થી ૨૦૨૧ સુધી કોચ રહ્યા બાદ ફરી એકવાર ભારતીય ટીમમાં જોડાયા છે. ■

# મહિલા પ્રીમિયર લીગમાં આજે ગુજરાત સામે ટક્કર, ચોથી વખત ફાઈનલમાં પહોંચવાનો પ્રયાસ કરશે દિલ્હી કેપિટલ્સ

વડોદરાઃ સતત ત્રણ વખત રનર્સ-અપ રહેલી દિલ્હી કેપિટલ્સ મંગળવારે અહીં મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યૂપીએલ) એલિમિનેટરમાં ગુજરાત જાયન્ટ્સ સામે ટકરાશે. આ મેચ જીતીને દિલ્હી કેપિટલ્સનો પ્રયાસ ચોથી વખત ફાઇનલમાં પહોંચવાનો રહેશે. ગુજરાતની ટીમ પ્રથમ વખત પ્લેઓફમાં પહોંચી છે. મહિલા પ્રીમિયર લીગના ઇતિહાસમાં સતત સારુ પ્રદર્શન કરનારી ટીમોમાંની એક દિલ્હી કેપિટલ્સે ફરી એકવાર લીગ સ્ટેજ સફળતાપૂર્વક પાર કર્યો છે અને ટોચની ત્રણ ટીમમાં સ્થાન મેળવ્યું છે. આ સાથે તેઓ અત્યાર સુધીની ચારેય સીઝનમાં પ્લેઓફ માટે ક્વોલિફાય થનારી એકમાત્ર ટીમ બની ગઈ છે.

દિલ્હીનું આ સીઝનમાં અભિયાન પ્રભાવશાળી પ્રદર્શન ઉતાર-ચઢાવથી ભરેલું રહ્યું છે. ટીમે અત્યાર સુધી ચાર મેચ જીતી છે અને ફક્ત એક જ હારી છે. દિલ્હીની બોલિંગનું નેતૃત્વ ઝડપી બોલર નંદિની શર્મા કરી રહી છે. આ સીઝનમાં ૧૪ વિકેટ લેનારી બોલરે અંતિમ ઓવરોમાં નોંધપાત્ર રીતે પ્રભાવિત કર્યા છે. તેણીને ડાબા હાથની સ્પિનર શ્રી ચરણી (૧૪ વિકેટ) તરફથી સારો ટેકો મળ્યો છે, જ્યારે દક્ષિણ આફ્રિકાની અનુભવી ઓલરાઉન્ડર મેરિઝેન કેપ (૧૦ વિકેટ)નું પ્રદર્શન પ્રભાવશાળી રહ્યું છે.

બેટિંગમાં લૌરા વોલ્વાર્ડ (૨૪૧ રન) અને લિઝેલ લી (૨૪૦ રન) એ ટોચના ક્રમને મજબૂતી આપી છે. જોકે, ભારતીય ઓપનર શેફાલી વર્મા (૨૦૮ રન) ના પ્રદર્શનમાં સાતત્યનો અભાવ ચિંતાનો વિષય છે. છેલ્લી મેચમાં કેપ્ટન જેમિમાહ રોડ્રિગ્સે દબાણમાં સારી બેટિંગ કરી પોતાનું ફોર્મ પરત મેળવ્યું હતું. તેણીએ અગાઉ સમગ્ર સીઝન દરમિયાન સંઘર્ષ કર્યો હતો.

બીજી બાજુ, ગુજરાત જાયન્ટ્સ આત્મવિશ્વાસ સાથે એલિમિનેટરમાં પ્રવેશ કરશે. સતત ત્રણ હાર પછી તેઓએ નોંધપાત્ર વાપસી કરી અને જીતની હેટ-ટ્રિક નોંધાવી હતી. ટીમે ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ સામે ૧૧ રનથી મહત્ત્વપૂર્ણ વિજય પણ મેળવ્યો, જે બે વખતના ચેમ્પિયન સામે તેમનો પ્રથમ વિજય હતો. આ વિજય સાથે ટીમે નોકઆઉટમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું. લીગ સ્ટેજની બંને મેચોમાં દિલ્હી કેપિટલ્સને હરાવવાથી ગુજરાતનો આત્મવિશ્વાસ વધશે. ન્યૂ ઝીલેન્ડની અનુભવી ખેલાડી સોફી ડિવાઇને બંને મેચોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ડિવાઇન ટૂર્નામેન્ટમાં સૌથી સફળ ખેલાડી રહી છે. તેણે આઠ મેચમાં ૧૭ વિકેટ ઝડપી છે. તેણે બે અડધી સદીની મદદથી ૨૩૭ રન કર્યા છે. તે ફરી એકવાર પહેલીવાર ફાઇનલમાં પહોંચવાની તેમની આશામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

જ્યોર્જિયા વેરહેમની ફોર્મમાં વાપસીથી ગુજરાતની ટીમ વધુ મજબૂત થઈ છે. તેણે ૨૬ બોલમાં આક્રમક અણનમ ૪૪ રન કરીને મુંબઈ ઇન્ડિયન્સ સામે ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ટીમ ઓસ્ટ્રેલિયન અનુભવી બેથ મૂની અને કેપ્ટન એશલી ગાર્ડનર પાસેથી પણ નોંધપાત્ર યોગદાનની અપેક્ષા રાખશે. એલિમિનેટરની વિજેતા ટીમ ૫ ફેબ્રુઆરીએ ફાઇનલમાં ભૂતપૂર્વ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો સામનો કરશે. ■

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખાંચો | SEARCH |
| ખાંટ | LANE |
| ખાંધ | DEFECT |
| ખાંપણ | SHOULDER |
| ખાંખાંખોળા | SHREWD |

## માતૃભાષાની મહેક

બા એટલે માનાર્થે માતા અથવા મા. મોટી જેઠાણી તેમ મોટી નણંદને ઉદ્દેશી દેરાણી અને નાની ભાભી માટે પણ વપરાય છે. માનાર્થે ફોઈ, માસી, કાકી, દાદી તેમજ રાજરાણી, રાજકુમારી અને રાજપૂતોમાં અને અમલદારો તથા માનવંત સ્ત્રીઓનાં નામો પાછળઃ ‘ફોઈબા’ ‘માસીબા’ ‘કાકીબા’ ‘ગુલાબકુંવરબા’ ‘મોંઘીબા’ ‘કસ્તુરબા’ તરીકે ઉપયોગમાં લેવાય છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ CASADASTRAPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) કેસેટ બ) કસીનો
ક) વજન ડ) આકાશ

## ઈર્શાદ

દાદા હો દીકરી, દાદા હો દીકરી,
વાગડમાં મ દેજો રે સૈ,
વાગડની વઢીયારણ સાસુ દોહ્યલી
રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી.
- લોકગીત

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | | ■ | | ■ | ૭ | | ■ | |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | | ■ | ૧૧ | |
| ૧૨ | | ■ | ૧૩ | | ■ | ■ | ૧૪ | | |
| | ■ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | | | ■ |
| ■ | ૧૮ | | | | ■ | ૧૯ | | ■ | ૨૦ |
| ૨૧ | | | ■ | ■ | ૨૨ | | ■ | ૨૩ | |
| ૨૪ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | | |
| | ■ | ૨૭ | | ■ | | ■ | | ■ | |
| ૨૮ | | | | ■ | ૨૯ | | | | |

### આડી ચાવી

૧ પહેલી વાર કંઇ ખોલવું કે કૂંચીથી ઉઘાડવું (૫)
૪ સોનામહોર (૪)
૭ સાધુઓનો આશ્રમ (૨)
૮ મજૂર (૩)
૧૦ વિશ્વાસ (૩)
૧૧ પડછાયો (૨)
૧૨ વનસ્પતિ કે ફળનું પ્રવાહી (૨)
૧૩ આબરૂ (૨)
૧૪ બબડાટ (૩)
૧૫ જળ, પાણી (૨)
૧૬ ઝરણું (૪)
૧૮ પરાધીન (૪)
૧૯ ઝાડ (૨)
૨૧ થોડું, અલ્પ (૩)
૨૨ દોલત, નાણું (૨)
૨૩ શરીર (૨)
૨૪ જલ્લાદ (૨)
૨૫ કીર્તિ, પ્રસિદ્ધિ (૩)
૨૬ કંકાસિયણ, વઢકણી (૩)
૨૭ એક સૂકો મેવો (૨)
૨૮ પૂરેપૂરું ભરેલું (૪)
૨૯ જોખમ ભરેલું, ભયંકર (૫)

### ઊભી ચાવી

૧ દાખલો, દૃષ્ટાંત (૫)
૨ જખમી (૩)
૩ ઠપકો, સજા (૪)
૪ શાંતિ (૩)
૫ ધૂર્ત, લુચ્ચું (૨)
૬ બડાઇ (૪)
૯ મહિનો (૨)
૧૧ લશ્કરી પડાવ કે મથક (૩)
૧૩ તહેવાર (૩)
૧૪ બકરીનું બચ્ચું (૩)
૧૫ સ્વચ્છ (૩)
૧૭ આંખની કીકી (૩)
૧૮ ચોકી, જાપતો (૩)
૨૦ અમલ કરનાર, રાજ્ય ચલાવનાર (૫)
૨૧ ધામધૂમવાળો ઉત્સવ (૪)
૨૨ ધનરાશિનો સૂર્ય (૪)
૨૩ અનુમાન કે કલ્પના (૨)
૨૫ કોમળ, સુકુમાર (૩)
૨૬ નિર્દય, કઠણ (૩)
૨૭ જે તૂટ્યા પછી સંધાય નહીં તે (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઈ | સ્કો | ૨ ત | ૩ રો | ■ | ■ | ૪ ત | થા | ૫ ગ | ૬ ત |
| જા | ■ | ૭ ક | ફ | ૮ ન | ■ | ન | ■ | ૯ મો | ખ |
| ૧૦ જ | ૧૧ વા | રા | ■ | ૧૨ હો | ૧૩ શિ | યા | ર | ■ | ળુ |
| ૧૪ ત | મ | ર | ■ | ૧૫ ર | થિ | ■ | ■ | ૧૬ ઓ | સ |
| ■ | ન | ■ | ૧૭ તો | ■ | ૧૮ લ | ૧૯ ક્ષ | ણ | ■ | ■ |
| ■ | ■ | ૨૦ ઘા | ડ | ૨૧ સ | ■ | ય | ■ | ૨૨ સુ | ■ |
| ૨૩ ત | ત્વ | ■ | ■ | ૨૪ ર | ૨૫ જ | ■ | ૨૬ દિ | મા | ૨૭ ગ |
| ડા | ■ | ૨૮ અ | ૨૯ દે | ખા | ઈ | ■ | ૩૦ ન | ર | મ |
| ૩૧ મા | ૩૨ મ | ■ | વા | ■ | ૩૩ ફ | ૩૪ લ | ક | ■ | ખા |
| ૩૫ ર | ઢિ | યા | ળું | ■ | ■ | ૩૬ ત | ર | વા | ર |

## ઓળખાણ પડી?



અલગ અલગ લંબાઈની લાકડાની પટ્ટી ધરાવતા બાળકો અને વડીલોમાં પણ પ્રિય એવા મધુર ધ્વનિ ઉત્પન્ન કરતા વાદ્યની ઓળખાણ પડી?

અ) SAXSOPHONE બ) CELLOPHONE
ક) TOMBONE ડ) XYLOPHONE

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

‘કેટલાકને પેસવા માટે બાકોરું બસ થઈ પડે’ પંક્તિમાં ‘બાકોરું’ શબ્દનો અર્થ જણાવો.

અ) બકરી બ) હિંમત ક) છિદ્ર ડ) જગ્યા

## માઈન્ડ ગેમ

વન વિસ્તાર દરેક દેશ માટે મહત્ત્વ ધરાવે છે. વિશ્વના કયા દેશમાં સૌથી વિશાળ વન્ય વિસ્તાર છવાયેલો જોવા મળે છે એ જાણો છો ખરા?

અ) ઓસ્ટ્રેલિયા બ) યુએસએ ક) રશિયા ડ) જર્મની

## સુડોકુ-૯૨૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૩ | | ૬ | | | |
| ૫ | | ૩ | | | | ૮ | | ૯ |
| | | ૭ | ૧ | | ૮ | ૪ | | |
| ૮ | ૪ | | ૭ | | ૧ | | ૯ | ૫ |
| | | | | | | | | |
| ૧ | ૩ | | ૯ | | ૨ | | ૮ | ૭ |
| | | ૬ | ૨ | | ૫ | ૯ | | |
| ૯ | | ૧ | | | | ૫ | | ૩ |
| | | | ૮ | | ૯ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૩ | ૧ | ૫ | ૨ | ૬ | ૮ | ૪ |
| ૮ | ૨ | ૫ | ૪ | ૩ | ૬ | ૧ | ૭ | ૯ |
| ૪ | ૬ | ૧ | ૭ | ૯ | ૮ | ૩ | ૫ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૪ | ૧ | ૯ | ૬ | ૮ |
| ૫ | ૯ | ૮ | ૨ | ૬ | ૩ | ૪ | ૧ | ૭ |
| ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૭ | ૫ | ૨ | ૩ |
| ૨ | ૫ | ૭ | ૩ | ૧ | ૯ | ૮ | ૪ | ૬ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૨ | ૫ | ૭ | ૯ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૮ | ૭ | ૪ | ૨ | ૩ | ૫ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખોરું | RANCID |
| ખોરડું | ROOM |
| ખોરાક | FOOD |
| ખોલકો | DONKEY |
| ખોળિયું | BODY |

**ગુજરાત મોરી મોરી રેઃ** પ્રાણી

**ઓળખાણ પડી?** HARP

**માઈન્ડ ગેમ :** જાપાન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** નસીબ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) સુભાષ મોમાય (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) હર્ષા મહેતા (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજિતા ખોના (૧૩) કિરીટ છેડા (૧૪) ચેતના છેડા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) ભાવના કર્વે (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મુલરાજ કપૂર (૨૬) ભરત કજરિયા (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) અંજુ ટોલિયા (૩૪) કમલ માતલિયા (૩૫) ડાયના સંતોકે (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) વિજય આસર (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) પ્રવીણ વોરા (૪૩) દીપિકા દોશી (૪૪) નિતીન જયંતિલાલ બજરિયા (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) મહેશ દોશી (૫૦) અલકા વાણી (૫૧) જ્યોત્સના ગાંધી (૫૨) રમેશભાઈ દલાલ ઈનાક્ષીબેન દલાલ (૫૪) હિનાબેન દલાલ

# ગાંધીધામમાં કરિયાણાની દુકાનમાંથી પ્રતિબંધિત વિદેશી સિગારેટ-હુક્કાનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પ્રતિબંધિત ચીજ-વસ્તુઓની દાણચોરી માટે ગોલ્ડન ગેટવે તરીકે ઓળખાતાં કચ્છના બંદરો વાટે દેશમાં વિવિધ પ્રકારના ડ્રગ્સ, પ્રતિબંધિત ચાઈનીઝ ઈ-સિગરેટ, વિદેશી સિગરેટના જથ્થાને મોટા પ્રમાણમાં ઘુસાડવામાં આવી રહ્યો હોવાના સેંકડો બનાવો બહાર આવી ચુક્યા છે તેવામાં પંચરંગી ગાંધીધામ શહેરના હીરાલાલ પારેખ સર્કલ ખાતેના ઓમ સિનેમા નીચે આવેલી કરિયાણાની એક દુકાનમાંથી પોલીસે રૂ. ૨૬,૨૦૦ના પ્રતિબંધિત હુક્કા, વિદેશી સિગારેટ, વેપ સાથે દુકાનદારની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ઓમ સિનેમાની નીચે પદમા ફેમિલી માર્ટ નામની કરિયાણાની દુકાનમાં પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ થઇ રહ્યું હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે ગત સાંજના અરસામાં સ્થાનિક પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. અહીં તપાસ દરમ્યાન એસે ગોલ્ડન લીફ સિગારેટના ૨૨ પેકેટ, એસે લાઇટ્સ કોરીઆના ૧૬, એસે ચેન્જ કોરીઆ બ્રાન્ડના ૧૫ તેમ જ તુર્કીનું ડનહીલ સ્વીચનું એક પેકેટ, યાઉટો યાનોસી મિલ્ક કોફીના વેપોરાઇઝર (ચાઈનીઝ ઇ-સિગારેટ)ના બે બોક્સ, યાઉટો થાનોસ વોટરમેલન આઇસના વેપના બે બોક્સ, અલ ફખરનું એક તથા માય હુક્કાસ લખેલા આઠ હુક્કા કિંમત રૂ.૨૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ગુરુકુળ વિસ્તારમાંના સિંધુબાગ ખાતે રહેનાર દીપેશ ઘનશ્યામ ગીધવાણી નામના આ દુકાનદારે મુંબઇથી અસલમ નામના શખસ પાસેથી કુરિયર મારફતે આ જથ્થો મંગાવ્યો હોવાનું પોલીસને પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું. ■



ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવનાર જૂનાગઢની દીકરી જેન્સી કાનાબારનું ધારાસભ્ય, કલેકટર સહિતના મહાનુભાવો દ્વારા શહેરમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મજેવડી દરવાજાથી ગાંધીગ્રામ સરદાર પટેલ રમતગમત સંકુલ સુધી સ્વાગત સન્માન બાઈક રેલી યોજાઈ હતી... (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# મુંદરાના નવીનાળ-શિરાચા નજીક વાડીમાં પૂર્વ કૉંગ્રેસી અગ્રણી અને તેના ભાગીદારનો દેશી દારૂનો અડ્ડો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા તાલુકાના નવીનાળ-સિરાચા ગામ વચ્ચેના માર્ગ પર એક વાડીમાં ધમધમી રહેલા દેશી દારૂના અડ્ડા પર દરોડો પાડીને પોલીસે સ્વાસ્થ્ય માટે હાનિકારક દેશી શરાબના ૩૨૦ લીટર જથ્થા સાથે બે આરોપીઓને દબોચી લીધા હતા, જ્યારે મુખ્ય સૂત્રધાર ગજુભા ભીમાજી જાડેજા (નવીનાળ) અને કુંદરોડીના કિશનસિંહ દશરથસિંહ જાડેજા સહિત આઠ આરોપીને ઝડપવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે.

આ કાર્યવાહી અંગે મુંદરા પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, શિરાચાથી નવીનાળ તરફ જતા માર્ગ પર પાલુ ગોપાલ ગઢવી નામના શખસની વાડીમાં નવીનાળના ગજુભા ભીમાજી જાડેજા તથા કુંદરોડીના કિશનસિંહ દશરથસિંહ જાડેજાએ વવારના ગોપાલ ગઢવી પાસેથી મંગાવેલા દેશી દારૂને કોથળીઓમાં રાખી, ભાડે રાખેલા માણસો મારફતે કચ્છમાં અલગ-અલગ જગ્યાએ ગેરકાયદે રીતે વેચાણ કરાવી રહ્યા હોવા અંગે સર્વેલન્સ સ્ટાફને ખાનગી બાતમી મળી હતી.

આ સચોટ બાતમીના આધારે મુંદરા પોલીસે દરોડો પાડીને ૩૨૦ લિટર દેશી દારૂ કિં. રૂ.૬૪,૦૦૦ તથા બે મોબાઈલ ફોન કિં. રૂ. ૧૦,૦૦૦ અને એક દ્વિચક્રી વાહન કિં. રૂ. ૨૦,૦૦૦ એમ કુલ રૂ. ૯૪,૦૦૦ના મુદ્દામાલ સાથે રાજદીપસિંહ દશરથસિંહ જાડેજા (કુંદરોડી) અને વિક્રમકુમાર બ્રહ્મદેવ તિવારી (નવીનાળ)ને ઝડપી લેવાયા હતા,

જ્યારે દરોડા સમયે હાજર ન મળેલા અન્ય આરોપી ગજુભા ભીમાજી જાડેજા (નવીનાળ) કિશનસિંહ દશરથસિંહ જાડેજા (કુંદરોડી), ગોપાલ ગઢવી (વવાર), પાલુ ગોપાલ ગઢવી (નવીનાળ), તેજસ, શંભુ પાંડે, શિવમ, જગદીશ ચાવડા વિરુદ્ધ ગુનો દાખલ કરીને તમામને ઝડપી લેવા કવાયત આદરવામાં આવી છે.

દરમ્યાન, આ પ્રકરણમાં બે મુખ્ય આરોપી પૈકીનો એક ગજુભા ભીમાજી જાડેજા ભૂતકાળમાં નવીનાળ ગામનો સરપંચ અને મુંદરા તાલુકા કૉંગ્રેસના પ્રમુખપદે રહી ચૂકેલો છે. ગુનાહિત પ્રવૃત્તિઓને અનુલક્ષીને વર્ષ ૨૦૧૫ અને ૨૦૨૦માં ગજુભા વિરુદ્ધ 'પાસા' હેઠળ કાર્યવાહી થયેલી છે. વર્ષ ૨૦૨૪માં ગાંધીનગરની સ્ટેટ મોનિટરીંગ સેલની ટુકડીએ ગજુભાના અડ્ડા પર દરોડો પાડીને દેશી દારૂનો ક્વોલિટી કેસ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભાવનગરમાં દેહ વ્યાપાર ચલાવતા ત્રણ સ્પાના લાઈસન્સ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના વાઘાવાડી રોડ ઉપર આવેલા ઇવા સુરભી મોલમાં આવેલ આઇકોનિક વેલનેસ સ્પા, ઓશીયન ડેઆર હમામ સ્પા અને અવેદા ફેમિલી સ્પામાં ગત રોજ તા. ૧૧ ઓક્ટોમબર ૨૦૨૫ના રોજ પોલીસે રેઈડ કરતા મસાજની આડમાં દેહ વ્યાપાર થતો હોવાનું જણાય આવતા ત્યાં રેઈડ કરી સંચાલક તથા માલીક ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. અને ત્યારબાદ ભાવનગર મહાનગરપાલીકામાં આવા મસાજની આડમાં દેહ વ્યાપારનો ધંધો કરી સ્પા ચલાવતા સંચાલકો/માલીકોના શોપેક લાયસન્સ રદ કરવા સારું નિલમબાગ પોલીસ સ્ટેશન દ્વારા રિપોર્ટ કરતા ભાવનગર મહાનગરપાલીકા દ્વારા આઈકોનિક વેલનેસ સ્પા ૩૦૯ અક્ષરવાડી પાસે, ઇવા સુરભી મોલ, વાઘાવાડી રોડ ભાવનગર, ઓશીયન ડેઆર હમામ સ્પા જી-૧૮, ઈવા સુરભી કોમ્પ્લેક્ષ, વાઘાવાડી રોડ, ભાવનગર અને સીટી સ્પા ૩૦૩, ત્રીજો માળ, ટ્રેડ સેન્ટર, કાળાનાળા ભાવનગરના સ્પાના લાયસન્સ રદ કરાવી નિલમબાગ પોલીસ સ્ટેશન દ્વારા પરિણામલક્ષી કાર્યવાહી કરાઈ હતી.

# માધાપરમાં પુત્રવધૂ અને તેના માવતરના ત્રાસથી કંટાળીને વૃદ્ધ સસરાએ એસિડ પીને આત્મહત્યા કરી લેતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજના માધાપર ગામમાં ગત ૮મી ડિસેમ્બરના રોજ એસિડ ગટગટાવીને આપઘાત કરી લેનારા વૃદ્ધે લખેલી મરણચિઠ્ઠીના આધારે તેમના પુત્રએ પત્ની, સાસુ-સસરા અને કાકા-સસરા વિરુદ્ધ પિતાને આત્મહત્યા માટે મજબૂર કર્યાની ફરિયાદ નોંધાવતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, માધાપર નવાવાસ ખાતેના ચારણિયા વાસમાં રહેતા ૨૮ વર્ષિય ધીરજ ભાટીયા (ચારણીયા)ના ૬૮ વર્ષિય પિતા મોહનલાલ જખરાભાઈ ચારણીયાએ ગત ૮ ડિસેમ્બરના રોજ બપોરે ભંગારના વાડામાં જઈને એસિડ ગટગટાવી લેતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

મોહનલાલે અંતિમ પગલું ભરવા પૂર્વે લખેલી સ્યુસાઈડ નોટને પૂર્વ કચ્છના પોલીસ વડાને મોકલી હતી. આ નોટને પોલીસ વડાએ આ બનાવ માધાપર પોલીસ મથકની હદનો હોઈ, ટપાલ મારફતે માધાપર પોલીસને મોકલી આપી હતી.

મૃતકે આ સ્યૂસાઇડ નોટમાં પોતે પુત્ર ધીરજના સાસરિયાઓના ત્રાસથી અંતિમ પગલું ભરતાં હોવાનું લખ્યું હતું. ધીરજે માધાપર પોલીસ સમક્ષ આપેલાં નિવેદનમાં જણાવ્યું હતું કે, બે વર્ષ અગાઉ તેના લગ્ન અમદાવાદના ઠક્કરનગરમાં વસંતનગર ઝૂંપડામાં રહેતા ભીમજી શિવજી ધરડાની પુત્રી દયા સાથે થયાં હતા. સંતાનમાં આઠ માસનો એક પુત્ર છે. બે વર્ષના લગ્નજીવન દરમિયાન પત્ની દયાના આક્રમક સ્વભાવના કારણે તેના ઘરમાં કાયમ કંકાસ સર્જાતો રહેતો હતો. તેણીના માતા-પિતા અને કાકા પણ દયાની ચડામણી કર્યા કરીને જમાઈ તથા વેવાઈને અવારનવાર ઘરે રૂબરૂ આવીને ખોટાં કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપ્યા કરીને માનસિક ત્રાસ આપ્યા કરતા હોઈ, કંટાળેલા તેના પિતા મોહનલાલે ઘરની નજીક આવેલા ભંગારના વાડામાં જઈને આત્મહત્યા કરી લીધી હતી.

માધાપર પોલીસે પુત્રવધૂ દયા, દયાની માતા પ્રેમિલા અને પિતા ભીમજી ધરડા તથા કાકા હરેશ ધરડા વિરુધ્ધ આપઘાત કરવા માટે મજબુર કર્યા સબબ ગુનો નોંધી, તપાસ હાથ ધરી છે. ■

# રાપરના પાલનપર નજીકની મેગેલેથિક સાઇટના વૈજ્ઞાનિક ખોદકામ દરમ્યાન પંદરસો વર્ષ જુનુ માનવ હાડપીંજર મળ્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : કચ્છના રાપર તાલુકાના પાલનપર ગામમાં પાછલા કેટલાક સમયથી ચાલી રહેલા વૈજ્ઞાનિક સંશોધન દરમ્યાન અંદાજિત પંદરસો વર્ષ પુરાણું માનવ હાડપિંજર મળી આવ્યું છે.

આ મહત્ત્વપૂર્ણ પુરાતત્વીય શોધ અંગે લખનૌ સ્થિત બીરબલ સહાની ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેલિઓ-સાયન્સિસના ડાયરેક્ટર ડૉ. મહેશ ઠક્કરે માહિતી આપતાં જણાવ્યું હતું કે, તાજેતરમાં કચ્છના રાપરના પલાસવા ગામ ખાતે તેઓએ અગાઉ શોધેલી અંદાજે ૧.૪ કરોડ વર્ષ જૂની સાઇટ પર વુડ ફોસિલના સંશોધન માટે વૈજ્ઞાનિકોની ટુકડીને ખોદકામ દરમ્યાન આ માનવ અવશેષો મળી આવ્યા હતા.

વાગડના જાણીતા લેખક તથા સંશોધક ડૉ. મહાદેવ બારડે પાલનપર ગામ પાસે આવેલી મહત્ત્વપૂર્ણ 'મેગેલેથિક સાઇટ' અંગે તેઓને માહિતી આપતા વૈજ્ઞાનિકોની ટુકડી સાથે પાલનપર ગામે વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસાર ખોદકામ હાથ ધરવામાં આવ્યું હતું જે દરમિયાન ૧૫૦૦ વર્ષથી પણ જુના માનવ હાડાપિંજરના અવશેષો પ્રાપ્ત થયા છે. આ હાડપિંજર દ્વારા આ વિસ્તારની પ્રાચીન માનવ વસાહત, જીવનશૈલી તથા સંસ્કૃતિ અંગે નવા વૈજ્ઞાનિક તારણો સામે આવવાની શક્યતા છે.

ડૉ. મહેશ ઠક્કરે વધુમાં જણાવ્યું હતું કે, અંદાજે પંદરસો વર્ષ જૂના આ હાડપિંજરના અવશેષોને વધુ ઊંડાણપૂર્વક અને આધુનિક વૈજ્ઞાનિક પરીક્ષણ માટે લખનૌ સ્થિત બીરબલ સહાની ઇન્સ્ટિટ્યૂટની અદ્યતન લેબોરેટરીમાં લઈ જવામાં આવશે, જ્યાં તેની ચોક્કસ ઉંમર, સમયગાળો અને ભારતીય માનવ ઇતિહાસ સાથેના સંબંધ અંગે વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં આવશે. આ શોધ વાગડના પ્રાચીન ઇતિહાસને સમજવા માટે એક મહત્ત્વપૂર્ણ પગથિયું સાબિત થવાની પૂરી સંભાવના ધરાવે છે. આ સમગ્ર સંશોધન કાર્યમાં ડૉ. મહેશ ઠક્કર, ડૉ. અનુમેહા શુક્લા, કાજલ ચંદ્રા, વિક્રમાસિંહ ઠાકુર, ડૉ. મહાદેવ બારડ તેમજ બળદેવભાઈ સોલંકી, આર.બી. ચૌધરી સહિત અન્ય સહયોગીઓ જોડાયા હતા. ■

# ભાવનગરમાં કોળી સમાજની ન્યાય સભા યોજાઈ, બે પીઆઈ અને એક ડીવાયએસપીને સસ્પેન્ડ કરવા માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસ્વીર-વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર: જિલ્લાના બગદાણામાં રહેતા નવનીત બાલધિયા ઉપર થયેલા જીવલેણ હુમલાના બનાવ અંગે અને ભાવનગરમાં યોજાયેલ કોળી ઠાકોર સમાજની જાહેર સભામાં ભાવનગર પોલીસ બેડાના ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરી, સરકાર તેમનો વરઘોડો કાઢે તેવી માગણી કરાઈ હતી.

ફરિયાદીની જેમ અન્ય પીડિતોને પણ ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં બગદાણા ખાતે સમગ્ર દેશમાં વસતો કોળી સમાજ એક થશે અને સંમેલન કરશે તેવી પણ જાહેરાત કરાઇ હતી. ભાવનગર કુંભારવાડામાં યોજાયેલી ન્યાય સભામાં આરોપીઓને છાવરનારા ત્રણેય પોલીસ અધિકારીઓનો વરઘોડો કાઢવા માટે પણ માગણી કરવામાં આવી હતી.

ભાવનગર જિલ્લાના બગદાણાના પૂર્વ સરપંચ નવનીતભાઈ બાલધિયા ઉપર જયરાજ આહિરના કહેવાથી આઠેક શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો. તે દિવસથી ભાવનગર જિલ્લામાં બગદાણાનો કેસ રાજ્યભરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. નવનીતભાઈ બાલધિયા ઉપર જયરાજ આહિરના કહેવાથી આઠેક શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો.

આરોપી વિરુદ્ધ કોઇ પોલીસ દ્વારા કોઈ કડક પગલાં લેવામાં ન આવ્યાના આક્ષેપ અને ત્રણેય પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી, સરકાર દ્વારા કડક પગલાં લેવામાં આવે તેવા ઉદ્દેશ્યથી ભાવનગરના કુંભારવાડા અક્ષરપાર્કમાં કોળી-ઠાકોર સમાજ દ્વારા ન્યાય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. પીડિત નવનીત બાલધિયાએ જણાવ્યું હતું કે, મારી જેમ અનેક લોકો આ ગુંડાઓના ત્રાસનો ભોગ બન્યા છે. તેમને પણ ન્યાય મળે તેવી સરકાર સમક્ષ આશા વ્યક્ત કરી હતી અને ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં બગદાણા ખાતે સમગ્ર દેશના કોળી સમાજના લોકો દ્વારા સંમેલન યોજી ન્યાયની માંગણી કરાશે તેમ જણાવાયું હતું. ■

# ચકચારી બગદાણા કોળી યુવાન હુમલા કેસમાં આઠ આરોપીઓના જામીન મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના બગદાણામાં કોળી યુવાન નવનીત બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના કેસમાં મહુવા સેશન્સ કોર્ટે સોમવારે સુનાવણી દરમિયાન આઠ આરોપીઓની જામીન અરજી મંજૂર કરી છે. આ કેસમાં કુલ ૧૪ આરોપીઓની ધરપકડ કરાઈ હતી, ત્યારે હવે ૭ આરોપીઓ જેલમાં છે.

ભાવનગર જિલ્લાના બગદાણાના કોળી યુવાન નવનીત બાલધીયા હુમલા કેસમાં સીટ એ અત્યાર સુધીમાં કુલ ૧૪ લોકોની ધરપકડ કરી છે. જેમાં જયરાજ આહીર ઉપરાંત નાજુ કામળિયા, રાજુ ભમ્મર, આતુ ભમ્મર, વિરેન્દ્ર પરમાર, સતીશ વનાળિયા, ભાવેશ સેલાળા, વીરુ સઈડા, પંકજ મેર, કાન કામલિયા, સંજય ચાવડા અને દિનેશ ઉર્ફે દાદુ સોલંકી નામના આરોપીઓ છે. જેમાંથી ૮ આરોપીઓને કોર્ટે જામીન મુક્ત કર્યા છે જ્યારે જયરાજ આહીર સહિત અન્ય ૬ આરોપીઓ જેલમાં છે.

કોર્ટે જે આરોપીના જમીન મંજૂર કર્યા છે તેમાં આતુ ભમ્મર, વેરુ શઈડા , રાજુ દેવાયત ભમ્મર, ભાવેશ ભગવાન ચેલાણા, વિરેન્દ્ર જેરામ પરમાર, પંકજ માવજી મેર, સતીષ વનાળિયા અને ઉત્તમ બાંભણિયાનો સમાવેશ થાય છે. ■

# ખેતરમાં થાંભલો નાખવા મામલે ખેડૂતોની ટ્રેક્ટર રેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી અને ટંકારામાં લગભગ ૨૦૦ જેટલા ટ્રેક્ટર અને ૩૫૦ ખેડૂતે વિશાળ રેલી કાઢી હતી. આ રેલી ખેતરમાં વીજલાઈનના પોલ નાખ્યા બાદ તેના વળતર મામલે થઈ હતી. ખેડૂતો આ મુદ્દે રોષમાં હતા. કિસાન સંઘર્ષ સમિતિના નેતૃત્વમાં આ આંદોલન થયું હતું.

આ રેલીમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ખાસ હાજરી આપી સરકાર અને ઉદ્યોગપતિઓ સામે આકરા પ્રહારો કર્યા હતા. મેવાણીએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી છે કે, જો ખેડૂતોને યોગ્ય વળતર નહીં મળે તો એક પણ થાંભલો નાખવા દેવામાં આવશે નહીં.

આ રેલીમાં કૉંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. વળતર નહીં મળે તો થાંભલો નાખવા દેવામાં આવશે નહીં તેવી સ્પષ્ટ માગણી ખેડૂતોએ કરી હતી.

મેવાણીએ આક્ષેપ કર્યો હતો કે ખેડૂતોની મરજી વિના બળજબરીથી થાંભાલાઓ નાખવામાં આવી રહ્યા છે. આને લીધે મોટી કંપનીઓ કરોડો કમાય છે, પરંતુ ખેડૂતોને કંઈ જ મળતું નથી. આથી એક થાંભલાદીઠ રૂ. બે કરોડ ખેડૂતોને ચૂકવવામાં આવે, નહીંતર એક પણ ખેતરમા વીજથાંભલા નાખવા દેવામાં આવશે નહીં.

આ આંદોલનમાં મોરબી ઉપરાંત કચ્છ, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બનાસકાંઠા અને પાટણ સહિતના અનેક જિલ્લાઓના ખેડૂતો પોતાના ટ્રેક્ટરો સાથે જોડાયા હતા. ■

# પોલીસ ભરતીની દોડ પૂર્ણ કર્યા બાદ રાજકોટમાં યુવકનું હાર્ટ એટેકથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હજારો-લાખો યુવાનો સરકારી નોકરીની તૈયારી કરી રહ્યાં છે. તેવામાં ગુજરાત સરકાર દ્વારા પોલીસ ભરતીની જાહેરાત કરવામાં આવી હતી, જેથી અનેક યુવાનો ભરતીની તેયારીમાં લાગી ગયાં હતા. ઉમેદવારોએ તનતોડ મહેનત કરી છે, પરંતુ આ દરમિયાન કેટલાકનું મોત થયું હોવાનું પણ પ્રકાશમાં આવતું હોય છે. આવી જ એક ઘટના રાજકોટના ગોંડલમાં બની છે.

એસઆરપી ગ્રાઉન્ડ પર શારીરિક કસોટીમાં પાસ થયાં બાદ એક યુવકનું મોત થયું હતું. ગીર સોમનાથ જિલ્લાના કોડીનારના મલરવાડી ગામના રહેવાસી ૨૭ વર્ષીય નીતિન ચૌહાણે સોમવારે સવારે એસઆરપી ગ્રાઉન્ડ પર શારીરિક કસોટીમાં ૫ કિમી દોડ ૨૩ મિનિટમાં પૂર્ણ કરી હતી. દોડ પૂર્ણ કર્યા બાદ જ્યારે તે બહાર નીકળી રહ્યો હતો ત્યારે તેને તરત જ ચેસ્ટ પેઈન થયો અને શ્વાસ લેવામાં તકલીફ થઈ અને તે ત્યાંજ ઢળી પડ્યો હતો. સારવાર માટે ગોંડલ સિવિલ હૉસ્પિટલ ખસેડાયા પરંતુ ત્યા તેનું મોત થઈ ગયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

નીતિન ચૌહાણ પાસે બીએસસી અને એમએસસી ડિગ્રીઓ હતી, વર્ષોથી પોલીસ ભરતીની તૈયારી કરી રહ્યો હતો અને લગભગ એક વર્ષ પહેલાં લગ્ન કર્યા હતા. પોસ્ટમોર્ટમમાં હૃદયમાં બ્લોકેજ કારણ જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માતે મોતનો રિપોર્ટ નોંધીને તપાસ શરૂ કરી હતી. હવે શારીરિક કસોટી માટેના ભરતી સ્થળો પર તબીબી તપાસ અને ઇમરજન્સી પ્રોટોકોલની સમીક્ષા કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

ચોંકાવનારી વાત એ છે કે, ગુજરાત પોલીસની ચાલુ ભરતી પ્રક્રિયામાં તાજેતરની ત્રીજી આવી ઘટના છે. ભરૂચ અને છોટા ઉદેપુરમાં પણ આવી જ ઘટના બની હતી. ફરી રાજકોટમાં આવી ઘટના બનતા યુવાનોની આરોગ્યનો વિષય ચર્ચામાં આવ્યો હતો. ■

# જેતલસર જંકશન બચાવોઃ ઐતિહાસિક રેલ વારસાને જાળવવા ગ્રામજનોએ શરૂ કર્યા ઉપવાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સામાન્ય રીતે ગામડાઓમાં વિકાસકાર્યો જેવા કે પાણી, શાળા, રસ્તા જેવી સુવિધાઓના મુદ્દે આંદોલન, વિરોધ પ્રદર્શન કે ઉપવાસ થતાં હોય છે, પરંતુ રાજકોટ જિલ્લાનું જેતલસર ગામ તેના ઐતિહાસિક રેલ વારસાને જાળવવા માટે સરકારની સામે પડ્યું છે. સૌરાષ્ટ્રમાં રેલવેના પગરવ થયા તે સમયથી એક મહત્ત્વના રેલવે જંકશનની ઘોર ઉપેક્ષાના કારણે આજે તેની હાલત બદતર થઈ હોય તેના વિરોધમાં ગામલોકો પ્રતીક ઉપવાસ પર ઉતર્યા હતા.

મળતી વિગતો અનુસાર, આઠ ફોર-વે રેલવે જંકશનમાં સ્થાન ધરાવતા ઐતિહાસિક જેતલસર જંકશનના અસ્તિત્વ પર સંકટ ખડું થયુ છે. ભાવનગર રેલવે ડિવિઝન દ્વારા રાતોરાત જેતલસરથી લોકો પાઇલટ અને ગાર્ડ સહિતના ૭૦ જેટલા કર્મચારીની રાજકોટ ખાતે બદલી કરી દેવાના રેલવેના નિર્ણયના વિરોધમાં જેતલસરમાં રોષ વ્યાપ્યો છે. આ મનસ્વી નિર્ણયના વિરોધમાં 'જેતલસર જંકશન બચાવો સમિતિ'ના નેજા હેઠળ સરપંચ, વેપારીઓ અને ગ્રામજનોએ રેલવે સ્ટેશન પર ધરણા દ્વારા રેલવે તંત્ર સામે વિરોધના સૂર રેલાવ્યા હતા.

ગામલોકોએ આરોપ કર્યો હતો કે આઝાદી પહેલા સ્થપાયેલા જેતલસર જંકશન પર એકસમયે અનેક ટ્રેનો અને હજારોનો સ્ટાફ ફરજ બજાવતો હતો. પરંતુ ધીમે ધીમે વિકાસના નામે અહીં એક પછી એક વિભાગો બંધ કરવામાં આવ્યા છે અને તાજેતરમાં એકસાથે ૭૦ જેટલા કર્મચારીની રાજકોટ ખાતે બદલી કરી દેવામાં આવી હતી. તે ઉપરાંત રેલવે તંત્રએ અહીંથી લોકો લોબી હટાવી લીધા છે અને ૭૦ કર્મચારીઓને રાજકોટ ભેગા કરી દીધા છે.

રેલવેના આ નિર્ણયને લીધે લગભગ ૭૦ પરિવાર એટલે કે ૮૦૦થી ૯૦૦ લોકોને હિજરત કરવાની ફરજ પડશે અને તેના કારણે ગામના વેપાર-ધંધા ભાંગી પડવાની અને ગામ ઉજજડ બની જવાની ભીતિ સેવાઈ રહી છે. ગામજનોએ આંકડા પણ રજૂ કર્યા હતા અને કહ્યું હતું કે જો રેલવેકર્મી જેતલસરમાં રહે તો રેલવેએ તેમને ૯ ટકા એચઆરએ ચૂકવવું પડે છે, જ્યારે રાજકોટમાં આ દર ૧૬ ટકા છે. જેનાથી રેલવેને વધારાનું આર્થિક ભારણ પણ આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં રેલવેના આગમન બાદ જ્યારે સૌરાષ્ટ્રમાં પણ રેલવેના પગરણ થયા ત્યારે ગોંડલના મહારાજ ભગવતસિંહજી દ્વારા આ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી હતી. જેતલસર રેલવે જંકશન પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન હેઠળનું એક ઐતિહાસિક જંકશન છે.

જેતલસરથી રાજકોટ સુધીની તેની પાયાની ૪૬ માઈલ લાંબી મીટર-ગેજ લાઇન એપ્રિલ ૧૮૯૬માં લોર્ડ હેરિસ દ્વારા ખુલ્લી મૂકવામાં આવી હતી. ગોંડલ, જૂનાગઢ, જેતલસર અને રાજકોટ રાજ્યો વચ્ચે ૧૮૯૧માં થયેલા સંઘીય કરાર દ્વારા નિર્મિત આ જંકશન એક નિર્ણાયક અને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ પરિવહન કેન્દ્ર તરીકે સેવા આપે છે. ■